

એક્સપ્રેસ હાઈવે પર બસ-ટ્રક વચ્ચે અકસ્માતમાં 7ના મોત

PAGE NO. 5

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 02 OCTOBER 2026 Vol. 24, No. 38 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ફરી સરહદી વિવાદ વકર્યો, પાક.ના બોમ્બમારાથી અનેક વિસ્તારોમાં અફરાતફરી

# કુનાર અને હેલમંદ પર બોમ્બ ફેંકાયા, 22ના મોત

## ડ્યુરંડ લાઇન પર હથિયારો સાથે સૈન્ય તૈનાત, તાલિબાને ગંભીર ચેતવણી આપતા કહ્યું, યોગ્ય સમયે આનો જવાબ આપીશું

**કાબુલ**

પાકિસ્તાની વાયુસેનાના લડાકુ વિમાનોએ અફઘાનિસ્તાનના કુંનર અને હેલમંદ સહિતના સીમાવર્તી વિસ્તારોમાં ઘૂસીને ભારે બોમ્બમારો કર્યો હતો. આ હવાઈ હુમલા બાદ સમગ્ર સરહદી વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી અને સ્થાનિક લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ એરસ્ટ્રાઈક મોડી રાત્રે કરવામાં આવી હતી, જેમાં કેટલાક વિસ્તારોમાં ભારે નુકસાન થયાના અહેવાલ છે.

ગુરુવારે વહેલી સવારે પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનના કુનાર અને હેલમંડ પ્રાંતોમાં તીવ્ર હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલાઓમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેના પરિણામે બાળકો સહિત 22 નાગરિકોનાં મોત થયાં હતાં અને અન્ય ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. વિગતે વાત કરવામાં આવે તો, પ્રથમ હુમલો કુનાર પ્રાંતના શાલતાન જિલ્લામાં આવેલી ચોગમ ખીણમાં થયો હતો. ગુરુવારે સવારે લગભગ 03:00 વાગ્યે, જ્યારે સ્થાનિક રહેવાસીઓ ગાઢ નિદ્રામાં હતા, ત્યારે પાકિસ્તાની ફાઈટર



જેટ્સે બોમ્બમારો શરૂ કર્યો હતો. આ હુમલામાં એક રહેણાંક મકાન સંપૂર્ણપણે ધરાશાયી થઈને કાટમાળમાં ફેરવાઈ ગયું હતું.

મળતી વિગત અનુસાર આ કાર્યવાહી પાકિસ્તાનમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કરવામાં આવી છે. પાકિસ્તાનનો આક્ષેપ છે કે ટીટીપી (TTP) ના આતંકવાદીઓ અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ કરીને પાકિસ્તાનમાં આતંકી પ્રવૃત્તિઓ ચલાવે છે અને તાલિબાન સરકાર તેમને આશ્રય આપી રહી છે. બીજી તરફ, અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આ હવાઈ હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે. તાલિબાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે, પાકિસ્તાને અફઘાનિસ્તાનની પ્રાદેશિક અખંડિતતા અને આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. તાલિબાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે પોતાની સરહદોનું રક્ષણ કરવાની તેમનામાં સંપૂર્ણ ક્ષમતા છે અને યોગ્ય સમયે આનો જવાબ આપવામાં આવશે. હવાઈ હુમલા બાદ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનને જોડતી ડ્યુરન્ડ લાઈન પર સ્થિતિ અત્યંત નાજુક બની ગઈ છે. બંને દેશો તરફથી સરહદ પર ભારે તોપો અને વધારાના સૈનિકો ખડકી દેવામાં આવ્યા છે. કેટલાક સ્થળોએ સામસામે હળવો ગોળીબાર થયો હોવાના પણ અહેવાલ છે. આ સંઘર્ષના કારણે સરહદ નજીક રહેતા હજારો સ્થાનિક નાગરિકો સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. બંને દેશો વચ્ચે વધતા જતા આ સંઘર્ષથી સમગ્ર દક્ષિણ એશિયાઈ પ્રદેશમાં સુરક્ષાને લઈને ચિંતામાં વધારો થયો છે.

# રાયગઢના દિવેઆગના દરિયામાં 8 વિદ્યાર્થીઓના ડૂબવાથી મોત

## વિદ્યાર્થીઓ પુણેના આલંદીથી દિવેઆગર આવ્યા હતા

**પુણે**

રાયગઢ જિલ્લામાં દિવેઆગર બીચ પર પિકનિક કરવા આવેલા 8 વિદ્યાર્થીઓ બીચ પર ડૂબી ગયા હતા. તમામ મૃતદેહો મળી આવ્યા છે. અહેવાલો અનુસાર આ આઠ વિદ્યાર્થીઓ પુણેના આલંદીથી દિવેઆગર આવ્યા હતા. તેઓ તરવા માટે સમુદ્રમાં ઉતર્યા હતા પરંતુ પાણીની ઊંડાઈનો અંદાજ ન આવવાથી ડૂબી ગયા હતા. સ્થાનિક લોકોની મદદથી તમામ આઠ વિદ્યાર્થીઓના મૃતદેહો સમુદ્રમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

એક ખાનગી કોચિંગ ક્લાસ દ્વારા દિવેઆગરની સફરનું આયોજન કરવામાં આવ્યું હતું. પુણેના આલંદી વિસ્તારમાં આવેલા 'વિનર્સ' ખાનગી કોચિંગ ક્લાસનું એક જૂથ આ પ્રવાસ માટે આવ્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓ સમુદ્રનો આનંદ માણવા પાણીમાં ઉતર્યા હતા, પરંતુ ઊંડાઈનો અંદાજ ન આવવાને કારણે તેઓ ડૂબી ગયા. સ્થાનિક વોટર સ્પોર્ટ્સ ઓપરેટરની ત્વરિત કાર્યવાહીને કારણે મૃતદેહો મળી શક્યા હતા. આ ઘટનાના સમાચારથી સ્થાનિક રહેવાસીઓ અને પ્રવાસીઓમાં ચકચાર મચી ગઈ હતી. દિવેઆગરમાં 'ભાઉ મારુતિ સાલુંખે મહાકાલી વોટર સ્પોર્ટ્સ'ના માલિકે તેમના સહયોગીઓ સાથે મળીને સમુદ્રમાં શોધખોળ અભિયાન હાથ ધર્યું હતું.

### શ્વાસ રૂંધાવાને કારણે તમામના મોત

બીચ પર હાજર 'મહાકાલી વોટર સ્પોર્ટ્સ'ના કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓ સમુદ્રમાં કૂદી પડ્યા. તેમણે બચાવ કામગીરી શરૂ કરી અને ડૂબી રહેલા વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવી. ઘણી મહેનત બાદ આઠેયને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા પરંતુ ત્યાં સુધીમાં શ્વાસ રૂંધાવાને કારણે તેઓ બધા મૃત્યુ પામ્યા હતા. તમામ મૃતદેહોનો કબજો લીધો અને આગળની તબીબી તથા કાનૂની કાર્યવાહી માટે બોરલી પંચાયતનના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યા હતા

# વોશિંગ્ટનમાં ટ્રમ્પનો ભારતીયોને વધુ એક ફટકો EB-5 વિઝા ફીમાં 114 ટકા સુધીનો વધારો કર્યો

## ફોર્મ I-956ની ફી 17,795થી વધારી 42,675 ડોલર, 30 નવેમ્બરથી અમલ કરાશે

**વોશિંગ્ટન**

વોશિંગ્ટનમાં ટ્રમ્પ તંત્રએ ભારતીયોને બધી રીતે ફટકો મારવાનો નિર્ણય કરી લીધો હોય તેમ હવે EB-5 ગ્રીન કાર્ડ ફીમાં જંગી વધારો કર્યો છે. આ વધારો લગભગ 114 ટકા છે. EB-5 ઈન્વેસ્ટર પ્રોગ્રામ ભારતીય ઉદ્યોગ સાહસિકોના કુટુંબો માટે ગ્રીન કાર્ડ મેળવવાનો વિશ્વસનીય માર્ગ છે. આ પગલે અમેરિકામાં ધંધાકીય માર્ગે વિઝા મેળવનારાઓને મોટો ઝાટકો લાગ્યો છે.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝે મંગળવારે EB-5 વિઝા ફી બમણા કરતાં વધુ વધારી



હતી. નવો વધારો 30 નવેમ્બરથી અમલમાં આવશે. આ પ્રોગ્રામ હેઠળ વિદેશી રોકાણકાર અને કુટુંબને પરમેનન્ટ રેસિડેન્સી મળે છે, જેમાં દસ અમેરિકન વર્કર માટે ફુલટાઈમ જોબ્સ સર્જવા પડે છે. સ્વતંત્ર રોકાણકારો માટે ફોર્મ I-525ની ફી 3,675થી વધારી 7,615 ડોલર, I-525E પીટીશનની ફી 3,675થી વધારી 7,850 ડોલર કરાઈ છે, સાથે 75 ડોલર ટેકનોલોજી ફી લાગશે. ફોર્મ I-829 હેઠળ સ્ટેટસ હટાવવા ફી 3,750થી વધારી 5,000 ડોલર કરાઈ છે. રિજનલ સેન્ટર ફોર્મ I-956Fની ફી 17,795થી વધારી 42,675 ડોલર, I-956G વાર્ષિક ફી 3,035થી ઘટાડી 2,165 ડોલર કરાઈ છે. I-527ની ફી 10,330 ડોલર કરાઈ છે. USCISએ કહ્યું એજન્સીઓ ફી પર નભે છે. ભારતમાં છેલ્લા દાયકામાં માંગ વધતા બેકલોગ સર્જાયો છે. કોંગ્રેસે 1990માં કાર્યક્રમ શરૂ કર્યો હતો, જેમાં 10 લાખ કે ટાર્ગેટેડ એરિયામાં 8 લાખનું રોકાણ અને 10 જોબ્સ જરૂરી છે.









# રૂઢિચુસ્ત નેતા પોઈલીવરનો પ્રસ્તાવ : કેનેડા ડે સુધી ડીઝલ વેચાણ પર કર નાબૂદીની માંગ

## ઇંધણ એક્સાઇઝ ટેક્સ અને GST સંપૂર્ણપણે દૂર કરવા પર ભાર મુકાયો

**ટોરોન્ટો**

કેનેડામાં રૂઢિચુસ્ત નેતા પિયર પોઈલીવરે ડીઝલ ઈંધણ પરના ફેડરલ કર ઘટાડવાની અને ભવિષ્યમાં સસ્તો ઈંધણ પુરવઠો સુનિશ્ચિત કરવાની મહત્ત્વપૂર્ણ યોજના રજૂ કરી છે. ઓટાવા ખાતે એક નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતો અને ટ્રક ચાલકો પર વધતા ખર્ચનો બોજ અંતે સામાન્ય નાગરિકો પર પડે છે, તેથી કેનેડિયન પરિવારોને આર્થિક રાહત મળવી જરૂરી છે.

રૂઢિચુસ્તો કહે છે કે કેનેડા પહેલાથી જ રાષ્ટ્રીય માંગને પહોંચી વળવા માટે પૂરતું ડીઝલ ઉત્પન્ન કરે છે, પરંતુ પરિવહન અવરોધોને કારણે કેટલાક પ્રદેશો યુ.એસ. આયાત પર નિર્ભર રહે છે. એપ્રિલમાં, વૈશ્વિક ઈંધણના ભાવમાં વધારો થતાં ઓટાવાએ ફેડરલ ઈંધણ એક્સાઈઝ ટેક્સનું કામચલાઉ સ્થગિતીકરણ રજૂ કર્યું હતુ. તેણે જાન્યુઆરી સુધી સસ્પેન્શન લંબાવ્યું છે, અને 1 ફેબ્રુઆરીથી 31 માર્ચ, 2027 સુધી નિયમિત એક્સાઈઝ ટેક્સ દરના 50 ટકા વસૂલ કરશે.

પોઈલીવરે ઓછામાં ઓછા કેનેડા ડે સુધી ડીઝલ વેચાણ પરના તમામ કર નાબૂદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેમાં આગામી વર્ષની 1 જુલાઈ સુધી સંપૂર્ણ ઈંધણ એક્સાઈઝ ટેક્સ કાપ લંબાવવામાં આવશે અને ઈંધણની ખરીદીમાંથી GST દૂર કરવામાં આવશે.

પોઈલીવરે રવિવારે ઓટાવાના એક ઉપનગરીય ગેસ સ્ટેશન પર જણાવ્યું હતું કે, આપણે આપણા લોકોને વીજળી આપવા માટે આપણા તેલનો ઉપયોગ કેમ નથી કરતા? આપણે ઉર્જાથી સ્વતંત્ર રહેવું જોઈએ.

# NAVની કામગીરી સુધરી : એરપોર્ટ્સ પર થતાં સંચાલનના વિલંબમાં ઘટાડો

» ફિફા વર્લ્ડ કપ દરમિયાન પણ ફ્લાઇટ્સ સમયસર રહી, 85% વિલંબ ઘટ્યો

**ઓન્ટેરિયો**

ચાલુ વર્ષના ઉનાળામાં કેનેડાના મુસાફરો માટે રાહતના મોટા સમાચાર સામે આવ્યા છે. દેશના સૌથી વ્યસ્ત એરપોર્ટ્સ પર વિલંબની સ્થિતિમાં ઐતિહાસિક સુધારો જોવા મળ્યો છે. એર ટ્રાફિક કંટ્રોલ માટે જવાબદાર સંસ્થા NAV કેનેડા દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ, મેથી ઓગસ્ટ વચ્ચે દેશના 4 સૌથી મોટા એરપોર્ટ્સ ઉપર સેવાકીય કામગીરી ઉત્કૃષ્ટ રહી છે.

ટોરોન્ટો પિયર્સન, મોન્ટ્રીયલ-ટ્રુડો, કેલગરી અને વાનકુવર ઈન્ટરનેશનલ એરપોર્ટ્સ ઉપર ૨૦૨૫ના સમાન સમયગાળાની સરખામણીમાં ૧ મેથી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન વિલંબથી પ્રભાવિત થયેલી નિર્ધારિત ફ્લાઈટ્સની સંખ્યામાં ૮૫ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે.

આ ઉનાળામાં ચાર મુખ્ય એરપોર્ટ્સ પર સંયુક્ત રીતે ૩,૯૪,૯૧૯ ફ્લાઈટ્સનું સંચાલન થયું છે. જે ગત વર્ષની સરખામણીમાં ૦.૯ ટકા વધુ છે. આ સમયગાળો જુલાઈમાં યોજાયેલા ફિફા વર્લ્ડ કપ સાથે સુસંગત હતો. વિશ્વભરમાંથી લાખો મુલાકાતીઓ કેનેડા આવ્યા હોવા છતાં એરપોર્ટ પર વિલંબનું પ્રમાણ રેકોર્ડ સ્તરે નીચું રહ્યું હતું.

# આલ્બર્ટામાં કુખ્યાત ‘764’ આતંકવાદી નેટવર્ક સાથે સંકળાયેલા 17 વર્ષીય સગીરની ધરપકડ

## ઓનલાઈન ગેમિંગ અને સોશિયલ મીડિયા દ્વારા બાળકોને ફસાવીને ગુનાઓ આચરવા પ્રેરિત કરાય છે

**આલ્બર્ટા**

કેનેડાના આલ્બર્ટામાં 764’ નામના પ્રતિબંધિત ઓનલાઈન આતંકવાદી જૂથ સાથે સંકળાયેલા બીજા સગીરની ધરપકડ કરવામાં આવી છે. લેથબ્રિજ શહેરના 17 વર્ષીય કિશોરની 3 સપ્ટેમ્બરના રોજ આરસીએમપી દ્વારા ધરપકડ કરીને તેના પર આતંકવાદ, બાળજાતીય શોષણસામગ્રી અને પ્રાણીઓ પર ક્રૂરતા જેવા ગંભીર ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે.

RCMPના દાવા પ્રમાણે તે 764 નેટવર્કમાં સામેલ હતો. આ સંગઠન એક ઓનલાઈન જૂથ જે ગેમિંગ પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા નેટવર્ક દ્વારા બાળકો અને યુવાનોની ભરતી કરે છે અને તેમને જઘન્ય ગુનાઓ કરવા માટે પ્રેરે છે.

તેથી ડિસેમ્બર 2025માં 764 નેટવર્કને કેનેડામાં આતંકવાદી સંસ્થા તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યું હતું, પોલીસના જણાવ્યા અનુસાર, 764 નેટવર્ક બાળકો અને કિશોરોને ટિકટોક, ઈન્સ્ટાગ્રામ અને સ્નેપચેટ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને માઈનક્રાફ્ટ જેવા લોકપ્રિય ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ દ્વારા લક્ષ્ય બનાવે છે. 764 નેટવર્કના તત્વો આત્યંતિક વૈચારિક વિચારો ધરાવતા હોવાનું જાણીતું છે અને બાળકોને હિંસા પ્રત્યે સંવેદનશીલ અને કટ્ટરપંથી બનાવીને તેમનો ભોગ બનાવે છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca



ELECT
AYANNA KAHLON.ca
YOUR CANDIDATE FOR CITY COUNCILLOR
WARDS 7 & 8
Scan Me
Learn More!
For your concerns and questions my direct number: 647-996-2061
Wards 7 and 8 are home to me. I was born and brought up in this community and attended Eastbourne Drive Public School, Chinguacousy Secondary School, and Cardinal Ambrozic Catholic Secondary School.
I study Human Geography and Urban Planning at the University of Toronto, where I learn how thoughtful policy and responsible planning can improve residents' everyday lives.
Through my experience with the City of Brampton, working in transportation planning and public policy. and during my time with the School of Cities, I learned how issues impact our communities and how effective policy can create meaningful change. These experiences taught me that strong leadership begins with listening to residents and turning their concerns into action.
I am running to bring fresh leadership, safer streets, stronger communities, and a better future to Wards 7 and 8.
Join our Fight for :
SAFER COMMUNITIES
LOWER TAXES
BETTER TRAFFIC
BETTER & BEAUTIFUL PARKS & GROUNDS
ADVANCE POLLING
Oct. 9th to 11th, 16th & 17th
ELECTION DAY
26th OCTOBER 2026
JOIN MY TEAM
☑ Crime Prevention
☑ Traffic and Road safety
☑ Timely City Services and bylaw enforcement
☑ Community Engagement






દરેક પોલિસી
સાથે તમને એક
વિશ્વાસપાત્ર વ્યક્તિનો
સહયોગ મળે છે
Tejash Jani
Guelph
Cambridge Agency
(226) 785-5231
tjani@allstate.ca
મફત અને કોઈપણ બાંહેધરી વિના કોટેશન મેળવવા માટે આજે જ સ્કેન કરો.
Allstate Insurance Company ની માલિકીનું ટ્રેડમાર્ક. Allstate Insurance Company of Canada દ્વારા લાઇસન્સ હેઠળ ઉપયોગમાં લેવાય છે. ©2026 Allstate Insurance Company of Canada. 266575 | 09-26
Allstate
You're in good hands.





# કેનેડા સામે પ્રતિબંધો અમલમાં : બાઈક, ડેરી અને આલ્કોહોલ આયાત ઉપર રોક

## અન્ય દેશોને ચેતવણી આપવા વ્યૂહરચના અપનાવાઈ હોવાનો વેપારી નિષ્ણાતોનો મત



**ટોરોન્ટો**

મંગળવારે મધ્યરાત્રિ બાદ કેનેડાથી થતી અમુક આયાતો ઉપર યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રતિબંધ અમલી બન્યો હતો. જેના કારણે બે દેશ વચ્ચે વેપાર યુદ્ધ વધુ વકરવાની સ્થિતિ છે.

વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરાયેલા આ પ્રતિબંધો કેનેડાના આલ્કોહોલિક પીણાં, મોલાસીસ (ગોળની રસી), મોટરસાયકલ અને ડેરી ઉત્પાદનો સહિતની વિવિધ વસ્તુઓને લાગુ પડે છે. મહિનાઓથી ચાલી રહેલા ટેરિફ અને અનિશ્ચિતતાને કારણે પહેલેથી જ સંઘર્ષ કરી રહેલા આ ક્ષેત્રોના વ્યવસાયોને આ પ્રતિબંધોથી વધુ એક ફટકો પડશે, પરંતુ તેમાં સામેલ ઉત્પાદનોની સંખ્યા એટલી મોટી નથી કે, તેનાથી રાષ્ટ્રીય અર્થતંત્ર ખોરવાઈ જાય. આંતરરાષ્ટ્રીય વેપારના એક વકીલે જણાવ્યું હતું કે આ વ્યૂહરચનાનો હેતુ ૧૮ મહિનાના તણાવપૂર્ણ સંબંધો બાદ કેનેડાના મક્કમ ઈરાદાની કસોટી કરવાનો છે. ન્યૂયોર્ક લો સ્કૂલના ‘સેન્ટર ફોર ઈન્ટરનેશનલ લૉ’ના સહ-નિર્દેશક બેરી એપલટને કહ્યું કે, આ માત્ર કેનેડાને પરેશાન કરવાનો એક પ્રયાસ છે. પ્રતિબંધોને હટાવવા ખરેખર મુશ્કેલ હોય છે.” સ્કોશિયાબેંકના વાઈસ-પ્રેસિડેન્ટ અને કેપિટલ માર્કેટ્સ ઈકોનોમિક્સના વડા ડેરેક હોલ્ટના એક વિશ્લેષણ મુજબ આલ્કોહોલ, ડેરી અને મોટરસાયકલ પરના પ્રતિબંધોની અસર નહિવત રહેશે. કારણ કે, કેનેડા સરહદની પેલે પાર અમેરિકામાં ખૂબ જ ઓછી માત્રામાં ડેરી ઉત્પાદનો અને મોટરસાયકલ મોકલે છે. અન્ય શ્રેણીઓની સરખામણીમાં આલ્કોહોલની નિકાસ વધુ છે. ગયા વર્ષે લગભગ ૧.૨ અબજ ડોલરની કિંમતનો આલ્કોહોલ અમેરિકા મોકલવામાં આવ્યો હતો.

યુ.એસ.એ આ મહિનાની શરૂઆતમાં કેનેડા સાથેના તેના વેપાર યુદ્ધનો વ્યાપ વધાર્યો હતો અને હાલની ટેરિફ (આયાત જકાત) વ્યવસ્થામાં ફેરફારોની સાથે સાથે કેટલાક પ્રતિબંધોની પણ જાહેરાત કરી હતી. ૫૦ ટકા ટેરિફને પાત્ર ઉત્પાદનોની યાદીમાં ચીઝની વિવિધ બનાવટોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, પરંતુ તેના પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો ન હતો. આ યાદીમાં કાગળ, એલ્યુમિનિયમ, લાકડું, ફર્નિચર, લાઈટિંગ અને અન્ય ઉત્પાદનોનો પણ સમાવેશ કરાયો હતો.

# ઓન્ટેરિયોની ચાઈલ્ડ કેર યોજના લંબાઈ

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો અને ફેડરલ સરકાર પ્રાંતમાં રાષ્ટ્રીય ‘પરવડે તેવી ચાઈલ્ડ કેર યોજના’ને વધુ ચાર વર્ષ માટે લંબાવવા સંમત થયા છે, પરંતુ વાલીઓ દ્વારા ચૂકવવામાં આવતી ફીમાં વધુ ઘટાડો કરવાની કોઈ ખાતરી આપવામાં આવી નથી. આલ્બર્ટા સહિત માત્ર બે જ પ્રાંતો એવા હતા, જેમણે યોજનાના શરૂઆતના પાંચ વર્ષ પછીના લાંબા ગાળાના કરારો કર્યા ન હતા. હવે ઓછામાં ઓછા 2031 સુધી ભંડોળ સુનિશ્ચિત થવાથી ચાઈલ્ડ કેર સંચાલકો અને વાલીઓને ચોક્કસતા મળશે. પરંતુ આ વિસ્તરણથી યોજનાનું મુખ્ય લક્ષ્ય હાંસલ થશે કે કેમ તે અંગે સવાલ યથાવત્ છે. યોજનાનો હેતુ વાલીઓ માટે ચાઈલ્ડ કેરની ફી ઘટાડીને સરેરાશ દૈનિક $10 સુધી લાવવાનો હતો. જ્યારે લગભગ અડધા પ્રાંતોમાં સરેરાશ ફી આ સ્તરે પહોંચી ગઈ છે, ત્યારે ઓન્ટેરિયોમાં સરેરાશ ફી દૈનિક $19 છે અને તેની મહત્તમ મર્યાદા $22 છે.

ફેડરલ સરકાર સાથેના નવા ચાર વર્ષના કરારમાં ઓન્ટેરિયોએ 30 જૂન, 2027 સુધી ફીને હાલના સ્તરે જાળવી રાખવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ત્યારબાદ ફીમાં શું ફેરફાર થશે તે અંગે હજુ ચર્ચા થવાની બાકી છે. આ ચાર વર્ષના કરાર હેઠળ ફેડરલ સરકાર તરફથી ઓન્ટેરિયોને $12 બિલિયન મળવાના છે. આ ઉપરાંત રાષ્ટ્રીય યોજના માટે જાહેર કરાયેલા વધારાના $5.4 બિલિયનમાંથી પણ ઓન્ટેરિયોને તેનો હિસ્સો મળશે. આ વધારાની રકમની જાહેરાત હાજડુએ આ વર્ષની શરૂઆતમાં કરી હતી. ઓન્ટેરિયોના શિક્ષણમંત્રી પોલ કેલેન્ડ્રાએ કહ્યું કે આ નવી રકમ ઓન્ટેરિયોની નાણાકીય ખાધને, ઓછામાં ઓછા ટૂંકા ગાળા માટે પૂરી કરવામાં મદદ કરશે.

Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS

• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more..............

Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

ELECT HITESH PARIKH
FOR DDSB TRUSTEE I PICKERING
પીકરિંગમાં DDSB સ્કૂલ બોર્ડ ટ્રસ્ટી પદ માટે
હિતેશ પરીખ- શિક્ષણ અને સમુદાયના ઉત્કર્ષ માટે ઉમેદવારી
પીકરિંગ: કેનેડાના Durham Region ના પીકરિંગ માં આગામી સ્થાનિક ચૂંટણીઓને લઈને રાજકીય અને સામાજિક ક્ષેત્રે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવવાના ઉદ્દેશ સાથે જાણીતા કોમ્યુનિટી લીડર હિતેશ પરીખે ડરહામ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ (DDSB) ટ્રસ્ટી પદ માટે પોતાની ઉમેદવારી જાહેર કરી છે. વ્યાવસાયિક વિકાસ અને કોમ્યુનિટી એજ્યુકેશન ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા હિતેશ પરીખ મજબૂત, સુરક્ષિત અને સર્વસમાવેશી (Inclusive) શાળાઓના નિર્માણના સંકલ્પ સાથે આગળ આવ્યા છે.
મુખ્ય પ્રાથમિકતાઓ અને વિઝન
વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય
બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળાકીય સ્તરે માનસિક સ્વાસ્થ્ય (Student’s Mental Health) અને સુખાકારી પર વિશેષ ભાર મૂકવો.
આધુનિક શિક્ષણ અને ટેકનોલોજી
અભ્યાસક્રમમાં AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ટેકનોલોજીનો સમાવેશ કરવો અને STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) શિક્ષણને પ્રોત્સાહન આપવું.
બજેટ અને નાણાકીય પારદર્શિતા
શાળાઓને ફાળવવામાં આવતા બજેટના ખર્ચ અંગે વધુ વિગતવાર અને પારદર્શક અહેવાલો જાહેર કરવા, જેથી દરેક ડોલરનો યોગ્ય ઉપયોગ થાય.
વાલીઓ સાથે મજબૂત ભાગીદારી
શાળાઓ અને પરિવારો વચ્ચે પારદર્શક સંવાદ ઊભો કરવો અને નિર્ણયોમાં વાલીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી.
હિતેશ પરીખના જણાવ્યા મુજબ, તમારો એક કિંમતી મત શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવશે, બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય નક્કી કરશે અને શાળાઓમાં શ્રેષ્ઠ વાતાવરણ ઊભું કરશે. “શિક્ષણમાં તમારો અવાજ મહત્વનો છે” (Your Voice Matters to Education) ના નારા સાથે તેઓ તમામ વાલીઓ અને સમુદાયના સભ્યોને સહકાર આપવા અપીલ કરી રહ્યો છે.
ચૂંટણી અને સંપર્ક માહિતી
ચૂંટણી તારીખ: ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ (October 26th, 2026)
ફોન / વ્હોટ્સએપ: 647-835-8864
ઈ મેઈલ: parikh4trustee@gmail.com
Website : www.hiteshparikh.ca
Together We Can Build Strong, Safe and inclusive Schools
Website : www.hiteshparikh.ca

HITESH PARIKH

travel SERVICES
VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS

Guaranteed Lowest Fare for:
INDIA EUROPE
FAR EAST NORTH AMERICA
MIDDLE EAST AUSTRALIA
AFRICA CARIBBEAN
Call Us Today For Special Packages
AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE
DIPTESH PATEL +1 647-409-2976
ticoca
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
IATA
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6

તંત્રી સ્થાનેથી

# જ્ઞાનેશકુમાર સામે વિપક્ષ-સીજેપીનો મોરચો, સરકારની ફરી અગ્નિ પરીક્ષા

ભારતમાં છેલ્લાં 10 દિવસથી ઈલેકશન કમિશન દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં થયેલી ધાંધલી મુદ્દે વિરોધ પક્ષો અને કોકરોચ જનતા પાર્ટીએ માંડેલા મોરચાને કારણે રાજકીય માહોલ ગરમાયો છે. વિરોધ પક્ષો તો ઘણાં સમયથી ચૂંટણી પંચ પર આરોપો મુકતા હતા કે, વોટચોરી કરીને ભાજપ ચૂંટણીઓ જીતી રહ્યો છે. પરંતુ તેમની વાતોની જનસામાન્ય પર ઝાઝી અસર વર્તાતી ન હતી. જો કે, ઈસીમાં ચાલતો આંતરિક ખટરાગ સપાટી પર આવતા જ દેશના લોકોએ વિપક્ષના આરોપો અંગે ગંભીરતાથી ચર્ચા કરવાનું શરૂ કર્યું છે.



તંત્રી - સ્વદેશ

બુધવારે ઈન્ડિયા ગઠબંધનના મોટા ભાગના ઘટક પક્ષોની દીલ્હી ખાતે યોજાયેલી બેઠકમાં પણ લોકશાહીને બચાવવા જલદ આંદોલનના આહવાન સાથે  જ્ઞાનેશકુમાર સામે આકરા પગલાની માંગ કરાઈ હતી. વિપક્ષનો મુખ્ય આરોપ હતો કે, મતદાર યાદીમાંથી મોટા પાયે નામો રદ કરવા અને જોડવા સહિતની પ્રક્રિયામાં પંચનું વલણ પક્ષપાતી રહે છે. વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર મત ચોરી કરવાનો તથા ચૂંટણી પંચ પર પોતાની મનમાની ચલાવવાનો ગંભીર આરોપ મુકી કહ્યું હતું કે, ‘આખો દેશ આજે મત ચોરી વિરુદ્ધ ગુસ્સાની આગમાં સળગી રહ્યો છે, છતાં પણ ભાજપ અને ચૂંટણી પંચ ખુલ્લેઆમ પોતાની મનમાની કરવાથી બાજ નથી આવી રહ્યા.’ કર્ણાટકના બેલગાવીનું ઉદાહરણ આપતાં તેમણે જણાવ્યું હતું કે, ‘એક જ ઝાટકે લગભગ 15 હજાર મતદારોના નામ મતદાર યાદીમાંથી ભૂંસી નાખવાનું જોખમી ષડયંત્ર ઘડવામાં આવી રહ્યું હતું. માત્ર 3 દિવસમાં મતદાર યાદીમાંથી આટલા મોટા પાયે નામો રદ કરવા માટે ફોર્મ 7નું પૂર આવી ગયું હતું.’ આ ગતિવિધિઓ પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં તેમણે દાવો કર્યો હતો કે, પંચના મુખ્ય નિશાના પર મુસ્લિમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના મતદારો હતા. કારણ કે, આમાંથી મોટાભાગના લોકો ભાજપની વિરુદ્ધ મતદાન કરે છે. એક સેન્ટ્રલાઈઝડ સોફ્ટવેર દ્વારા મતદારોના નામ યાદીમાંથી ડિલીટ કરવામાં આવે છે. ભાજપ અને ચૂંટણી પંચના લોકો મળીને પસંદગીના લોકો વિરુદ્ધ ઓટોમેટેડ રીતે જથ્થાબંધ ફોર્મ 7 ભરાવે છે અને જોતજોતામાં લાખો મતદારો યાદીમાંથી ગાયબ થઈ જાય છે. આ સમગ્ર રમત ઉપરથી કંટ્રોલ કરવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ચૂંટણી પંચ પર નિશાન સાધતાં રાહુલે કહ્યું હતું કે, ‘આ તમામ લોકો મળીને SIR દ્વારા દેશના લોકતંત્રને ખતમ કરવાનું ષડયંત્ર રચી રહ્યા છે. આ સમગ્ર ઘટનાક્રમ દેશદ્રોહ સમાન છે અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. વોટ ચોરી મામલે કોઈને પણ છોડવામાં નહીં આવે. આ સાથે જ વિપક્ષે આ મામલે ચાલુ મહિનાથી ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.

વિપક્ષની બેઠકમાં ચૂંટણી પંચના ડીજીઆઈટી સીમા ખન્ના (આઈટી વિભાગ)ને નિશાને લેવા પણ નિર્ણય કરાયો હતો. સીમા ખન્નાને જ સમગ્ર કારભારમાં કારીગર અને ખેલાડી માનવામાં આવે છે. આઈટી માસ્ટર, પીએચડી અને 20 વર્ષની અનુભવી સીમા સરકાર સાથે ઘણાં સમયથી સંકળાયેલી હોવાથી વિવિધ યોજના અને મંત્રાલયની 20 જેટલી એપ્લીકેશન પણ બનાવી છે. ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ સીમા સામે જોરદાર મોરચો માંડ્યો છે. દિલ્હીના સંસદ થાના પોલીસ મથકે મોઈત્રાએ એક લેખિત રજૂઆત સાથે એફઆઈઆર નોંધવાની માંગ કરતા વોટચોરીના આખા ખેલમાં સોફ્ટવેર કંટ્રોલ કરનાર સીમા ખન્ના જ હોવાનો આરોપ મુક્યો હતો. તેથી સીમા ભેરવાઈ પડે તેવા સંજોગો છે.

મહત્વની વાત એ છે કે, જ્ઞાનેશ કુમાર તો મુખ્ય ચૂંટણી કમિશનર છે અને 2023માં મોદી સરકારે બનાવેલા કાયદા પ્રમાણે કાનુની કવચને કારણે તેની સામે ફરિયાદ નોંધાઈ શકે તેમ નથી. પરંતુ સીમા ખન્ના તો પંચની ડીજીઆઈટી છે. એટલે તેને માથે જ્ઞાનેશ કુમારની જેમ કોઈ સુરક્ષા કવચ નથી. વિપક્ષ આ વાતને સારી પેઠે જાણી ચૂક્યો છે. એટલે સીમાને ભીંસમાં લેવા પ્રયાસ કરી રહ્યો છે. જો, સીમા સામે ફરિયાદ નોંધાઈ જાય તો તેની તપાસનો રેલો પંચના અન્ય કારભારીઓ અને તેને આદેશ આપનારા ખેલાડી સુધી પહોંચે તેમ છે. વિપક્ષ માને છે કે, ચુંટણી પ્રક્રિયામાં મતદારોના નામ ગાયબ કરવા અને જોડવામાં સીમાની મુખ્ય ભૂમિકા રહી છે. બે વર્ષ દરમિયાન યોજાયેલી ચૂંટણીમાં એસઆઈઆર પ્રક્રિયામાં ઈઆરઓ પાસેથી સત્તા છીનવાઈ ચુકી છે. અને લાખો કેસમાં માત્ર સોફ્ટવેરને આધારે મતદારોને યાદીમાં રાખવા કે નહીં તેના નિર્ણયો લેવાયા છે.

બીજી તરફ જ્ઞાનેશકુમારના સાથીદારો સુખબીર સિંધુ અને વિવેક જોશી તથા મહારાષ્ટ્રના ચૂંટણી કમિશનરે આ અંગે વખતોવખત વાંધા પણ લીધા છે. એટલું જ નહીં, ગોવાના કેસમાં તો ગુરુવારે મુંબઈ હાઈકોર્ટમાં સુનાવણી થઈ તો કોર્ટે પંચને ખખડવી નાંખ્યું હતુ. જજની બેંચે ચૂંટણી પંચની સેન્ટ્રલાઈઝડ સિસ્ટમની ઝાટકણી કરતા કહ્યું કે, પંચની નવી સિસ્ટમને કારણે ઈલેકટ્રોલ સિસ્મટ ખતમ થઈ છે. સોફ્ટવેર જ મતદારોના નિર્ણય કરતું હોય તો તે યોગ્ય નથી. પંચે કોઈનું નામ હટાવવું હોય તો સુનાવણી પણ કરવી જોઈએ. તેવી તાકીદ પણ કરી છે. આ પહેલા ફોર્મ નંબર 6 મુદ્દે પણ સુપ્રિમનું વલણ જોતા પંચે ફોર્મની કેટલીક જોગવાઈને તાત્કાલિક દૂર કરવાનો નિર્ણય કરવો પડ્યો છે. આ ઉપરાંત જ્ઞાનેશને સાણસામાં લેવા કેરળ સરકારે રોડના પુનઃનિર્માણ કરાર સાથે જોડાયેલી ફાઈલોની ફરીથી તપાસ કરવાની તૈયારી કરી રહી છે. જ્ઞાનેશ કુમાર તે સમયે કેરળમાં લોક નિર્માણ વિભાગના સચિવ હતા. અને ત્યારે એક મલેશિયન અધિકારીલી બીન સીને કુઆલાલંપુર ખાતે નવેમ્બર ૨૦૦૬માં આત્મહત્યા કરી લીધી હતી. તેમની સ્યુસાઈડ નોટમાં પીડબ્લ્યુડીની કામગીરી અને ઉત્પીડનના આક્ષેપો હતા. હવે ભાજપ જ્ઞાનેશને બચાવવા પહેલેથી કુદી પડ્યો છે. એટલે આમ, રાજકીય અને કાનૂની મોરચે સરકારની મુશ્કેલી વધવાના સંકેતો છે.

આટલું ઓછું હોય તેમ કોકરોચ જનતા પાર્ટીએ પણ સમગ્ર મામલે મુંબઈથી આંદોલનની જાહેરાત કરી હતી. જો કે, મહારાષ્ટ્ર સરકારે તેને મંજૂરી આપી ન હતી. આંદોલનને રોકવા ફડણવીસે પ્રદર્શન કરનારાઓને 3 દિવસ સુધી જામીન નહીં મળે તેવી ચેતવણી સુદ્ધા આપી હતી. જેના વળતા જવાબમાં દીપકેએ જણાવ્યું કે, ‘સરકાર અમને 3 દિવસ નહીં પણ 3 મહિના જેલમાં રાખવા માગતી હોય તો પણ અમે તૈયાર છીએ, પરંતુ પ્રોટેસ્ટ થઈને જ રહેશે.’ દીપકેએ ત્યાં સુધી કહ્યું કે, ‘મુખ્ય ચૂંટણી કમિશનરે રાજીનામું આપવું જોઈએ અને તેમની સામે ગુનાહિત કેસ દાખલ થવો જોઈએ. જો આ માગણી સંતોષવામાં નહીં આવે તો ઑક્ટોબરના અંતથી દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલન શરૂ કરવામાં આવશે.

manoj1968@yahoo. ca






# એક્સપ્રેસ હાઈવે પર બસ-ટ્રક વચ્ચે અકસ્માતમાં 7ના મોત

## મુસાફરો ગાઢ ઊંઘમાં હતા, ત્યારે અચાનક ધડાકા સાથે બસ ટ્રક સાથે અથડાતાં જ મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ

**વડોદરા**

વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતની ઘટના સામે આવી છે. લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થતાં 7 લોકોના સ્થળ પર જ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય 5 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આણંદ-નડિયાદ વચ્ચે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરતથી રાજસ્થાન જઈ રહેલી ખાનગી બસને ઓવરટેકિંગ લેનમાં અકસ્માત નડતા 7 લોકોનાં મોત થયા છે, જ્યારે 5 લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને



ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

અકસ્માત સર્જાયો તે સમયે બસમાં સવાર મોટાભાગના મુસાફરો ગાઢ ઊંઘમાં હતા. અચાનક જ મોટા ધડાકા સાથે બસ ટ્રક સાથે અથડાતાં જ મુસાફરોમાં ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. અચાનક બનેલી આ ઘટનાથી ઊંઘમાંથી જાગેલા મુસાફરોમાં ભારે ગભરાટ અને ભય ફેલાઈ ગયો હતો.

આ બનાવ અંગે માહિતી મળતાં જ સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થાનિક લોકોની મદદથી બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. લાશનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે, જ્યારે તમામ 5 ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ભરતી કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોમાં સામેલ અને સુરતના રહેવાસી ધનેશ જાદવે જણાવ્યું હતું કે, તેઓ સુરતથી બસમાં બેઠા હતા અને વહેલી સવારે અચાનક જોરદાર ધડાકો થયો હતો. બસમાં સવાર તમામ લોકો ઊંઘમાં હતા તે સમયે જ આ દુર્ઘટના ઘટી હતી અને ચારેય તરફ બૂમાબૂમ થઈ ગઈ હતી.

પરીવારજનોના જણાવ્યા અનુસાર, રાત્રે સવા ત્રણ વાગ્યે અકસ્માત થયો હોવાનો તેમને કોલ આવ્યો હતો. જેમાં તેમના બનેવીનું મોત થયાની તેમને જાણ થઈ હતી. જેથી તેઓ તાત્કાલિક સુરતથી અહીંયા આવ્યા હતા. હાલમાં પોલીસે આ ઘટના અંગે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતને કારણે થોડા સમય માટે વાહનવ્યવહાર પર અસર પડી હતી.

# વડોદરામાં પૂર્વ મહિલા કોર્પોરેટર વિરુદ્ધ પુત્રવધૂ દ્વારા ગર્ભપાત દબાણનો આક્ષેપ

## પોલીસમાં અરજી, કાઉન્સેલિંગ શરૂ, સાસુએ આક્ષેપો નકાર્યા

**વડોદરા**

વડોદરામાં ભાજપના પૂર્વ મહિલા કોર્પોરેટર, તેમના પતિ અને પુત્ર સામે પુત્રવધૂએ ગંભીર આક્ષેપો કરતી અરજી બાપોદ પોલીસ સ્ટેશનમાં કરી છે. પુરુષોત્તમનગરમાં રહેતા ભાવિની ભાવિનભાઈ જેઠવાએ અરજીમાં જણાવ્યું કે લગ્ન ઓગસ્ટ 2022માં થયા હતા. લગ્ન પછી પતિ અમેરિકા ગયા હતા. બહેનના લગ્ન પ્રસંગે પતિ જાન્યુઆરી 2025માં વડોદરા આવ્યા હતા. પ્રસંગ બાદ અમેરિકા જતી વખતે અબુધાબી ઈમિગ્રેશન પર વિઝા કેન્સલ થતાં પરત ભારત આવવું પડ્યું હતું. ગર્ભ રહેતા સાસુ પ્રફુલ્લાબેન અને સસરા રાજુભાઈને પસંદ નહતું, ગર્ભ પડાવવા દબાણ કરતા હતા. વાંક વગર ઘર બહાર કાઢી મૂકી, મમતા કાર્ડ કઢાવવું છે પણ દસ્તાવેજો તેઓ પાસે છે. સાસુ કોર્પોરેટર હોવાથી ધમકી આપતા હોવાનો આક્ષેપ છે. સામે પક્ષે પ્રફુલ્લાબેનના પતિએ આક્ષેપો નકારી પુત્રવધૂને અપનાવવા તૈયાર હોવાનું કહ્યું. બાપોદ પીઆઈએ જણાવ્યું કાઉન્સેલિંગ શરૂ છે, આવતીકાલે બંનેને બોલાવી કાર્યવાહી કરાશે.

# સાબરકાંઠા બેંકના ચેરમેન હંસાબેન પટેલ સામે કાર્યવાહી : 420 સહિતની કલમોમાં પ્રોસેસ ઈશ્યૂ

## ખોટા દસ્તાવેજો રજૂ કરવાના આક્ષેપમાં હિંમતનગર કોર્ટે પ્રોસેસ ઈશ્યૂનો હુકમ કર્યો

**સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન હંસાબેન પટેલની મુશ્કેલીમાં વધારો થયો છે. હિંમતનગરની પાંચમી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવાનો હુકમ કર્યો છે. બેંકની ચૂંટણી લડવા ખોટા દસ્તાવેજો રજૂ કરવાના આક્ષેપમાં કોર્ટે આઈપીસીની કલમ 420, 406, 467, 471 અને 114 હેઠળ પ્રોસેસ ઈશ્યૂનો આદેશ આપ્યો છે. આ કલમોમાં છેતરપિંડી, વિશ્વાસઘાત, ગંભીર પ્રકારના ખોટા દસ્તાવેજો બનાવવા તથા ગુનામાં સહભાગિતાની જોગવાઈ છે. આ કેસમાં નાની ડેમાઈ સહકારી મંડળીના ચેરમેન તેમજ સેક્રેટરી સામે પણ કાર્યવાહીનો હુકમ થયો છે. ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર, હંસાબેન પટેલે મંડળીના દસ્તાવેજોમાં કથિત ગેરરીતિ કરીને બેંકની ચૂંટણી લડી ચેરમેન પદ મેળવ્યું હતું. પોલીસ તપાસમાં રજૂ થયેલા પુરાવાના આધારે કોર્ટે પ્રક્રિયા આગળ વધારી છે. નોંધનીય છે કે, હંસાબેન પટેલ 2023માં બેંકના ઈતિહાસમાં પ્રથમ મહિલા ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. આ બેંક સાબરકાંઠા અને અરવલ્લીમાં અંદાજે 131 શાખાઓ ધરાવે છે. જોકે, કાયદાકીય રીતે આ પ્રોસેસ ઓર્ડર આરોપ સાબિત થવા સમાન નથી. હવે આરોપીઓએ કોર્ટમાં હાજર થવું પડશે અને પુરાવા તેમજ દલીલો બાદ જ આરોપોની વાસ્તવિક હકીકત સામે આવશે. હાલમાં કોર્ટના આદેશને પગલે બંને જિલ્લાના સહકારી ક્ષેત્રમાં ભારે ચર્ચા જાગી છે. આ મામલે હંસાબેન પટેલ તરફથી આ હુકમ અંગે સત્તાવાર પ્રતિક્રિયા હજુ સુધી સામે આવી નથી.

# નિરમા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીનો કોલર પકડનાર પ્રોફેસરને સસ્પેન્ડ કરવાની માગણી સાથે દેખાવો

## વિદ્યાર્થીનો કોલર પકડ્યો હતો, કમિટી રચવાને બદલે સીધા સસ્પેન્શનની માંગ

**ગાંધીનગર**

તાજેતરમાં નિરમા યુનિવર્સિટીમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન પ્રોફેસર ડૉ. એચ. કે. પટેલ સંબોધન કરી રહ્યા હતા, ત્યારે એક વિદ્યાર્થીએ કરેલી ટિપ્પણીથી નારાજ થઈને પ્રોફેસરે વિદ્યાર્થીને સ્ટેજ પર બોલાવી જાહેર સ્ટેજ પર જ તેનો કોલર પકડીને ધમકાવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ વિદ્યાર્થી આલમ અને વાલીઓમાં ભારે રોષ વ્યાપી ગયો હતો.



આ દરમિયાન NSUIના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'વીડિયો સામે હોવા છતાં યુનિવર્સિટી પ્રશાસન અને વાઈસ ચાન્સલર માત્ર કમિટી બનાવવાની વાતો કરીને સમય વિતાવી રહ્યા છે. આ પ્રોફેસરે ફરી વીડિયો મૂકીને દાદાગીરી બતાવી છે. વિદ્યાર્થીઓના પિતાના પૈસા અને ફીથી આ યુનિવર્સિટી ચાલે છે, યુનિવર્સિટી વિદ્યાર્થીઓ માટે બનાવાઈ છે નહીં કે પૈસા કમાવા માટે. તેથી પ્રોફેસરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવે.' NSUIએ યુનિવર્સિટી પ્રશાસનને અલ્ટીમેટમ સાથે કહ્યું કે, પ્રોફેસર ડૉ. એચ. કે. પટેલ સામે પગલાં લેવામાં નહીં આવે તો જે રીતે દિલ્હીમાં જંતર-મંતર પર આંદોલન કરાયું હતું તે જ તર્જ પર યુનિવર્સિટી કેમ્પસમાં દેખાવો ચાલુ રાખવામાં આવશે.

# આણંદ-બોરસદ રોડ પર બે બાઈક અથડાતાં 3 યુવાનના ઘટના પર મોત

## ભોગ બનેલા છ યુવાનો બોરસદ તાલુકાના નાપાવાંટાના હતા

**આણંદ**

આણંદ-બોરસદ રોડ પર આવેલા એક રિસોર્ટ નજીક બે બાઈક વચ્ચે સામસામે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ યુવાનોના સ્થળ પર જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ત્રણ યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

મળતી માહિતી અનુસાર બોરસદ જવાના રસ્તે રિસોર્ટ પાસે બે બાઈક પૂરઝડપે સામસામે અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને બાઈકના ભુક્કા બોલી ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે અરમાન રાણા, સમીર રાણા અને અંસાર ઝુબેર બેલિમના મોત નિપજ્યા છે. અકસ્માતનો ભોગ બનેલા છ યુવાનો બોરસદ તાલુકાના નાપાવાંટા ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક ટોળા ઉમટ્યા હતા, પોલીસ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરાઈ હતી. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. એક જ ગામના ત્રણ યુવાનોના અકાળ અવસાનથી નાપાવાંટા ગામમાં માતમ પ્રસર્યો છે.

**આખરે મુક્તિ** એક કરોડની ખંડણી માંગનાર અપહરણકારોની કેદમાંથી ત્રણ યુવાનોનો છુટકારો

# એક કરોડની ખંડણી માંગનાર એજન્ટોની ચૂંગાલમાંથી ઈથોપિયામાં બંધક બનેલા ત્રણ જણાં ગુજરાત પહોંચશે

**મહેસાણા**

અમેરિકા જવાની ઘેલછામાં ગુજરાતના યુવાનો અવારનવાર મુશ્કેલીમાં મુકાતા હોય છે. તાજેતરમાં ગાંધીનગર અને મહેસાણાના ત્રણ યુવક-યુવતીને વિદેશી એજન્ટોએ આફ્રિકાના ઈથોપિયામાં બંધક બનાવ્યા હતા. મહેસાણાના વડસ્મા ગામનો ઋત્વિક જનસારી, ગોઝારિયા ગામની મમતા ચાવડા અને



ગાંધીનગરની મયુરી સોલંકી ગત 20 સપ્ટેમ્બરે જયપુરથી અબુધાબી થઈને ઈથોપિયા પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ અમેરિકામાં પ્રવેશ કરવાના હતા. શરૂઆતમાં પરિવારને એમ હતું કે તેઓ કેનેડા ગયા છે, પરંતુ જ્યારે કોઈ અજાણ્યા શખ્સે ફોન કરીને એક કરોડ રૂપિયાની ખંડણી માંગી, ત્યારે જાણ થઈ કે તેઓ ઈથોપિયામાં એજન્ટોની કેદમાં છે.

ખંડણીની માંગ થતાં પરિવારે લાંઘણજ પોલીસ મથકમાં અરજી આપી હતી. જેને પગલે જિલ્લા એસપીએ ડીવાયએસપી સહિતના સ્ટાફને તપાસમાં જોડીને તાત્કાલિક વિદેશ મંત્રાલય સાથે સંકલન સાધ્યું હતું. પોલીસ અને મંત્રાલયના પ્રયાસોના કારણે અપહરણકારોએ તેમને મુક્ત કર્યા હતા. બુધવારે રાત્રે ઈથોપિયાથી નીકળેલા આ લોકો મુંબઈ આવશે અને તે પછી પોતાના વતન પરત ફરશે. પોલીસે સ્થાનિક એજન્ટની પૂછપરછ કરી છે તથા વડોદરાના એજન્ટની તપાસ શરૂ કરી છે.

# પાદરામાં ખેતરમાં સંતાડેલા 27.50 લાખ 55 કિલો ગાંજા સાથે પોલીસે આરોપીને પકડ્યો

**વડોદરા**

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના આંટી ગામે પોલીસે બાતમીના આધારે દરોડો પાડી 27.50 લાખની કિંમતનો 55 કિલો ગાંજાનો જથ્થો ઝડપ્યો હતો. પાદરા પોલીસને બાતમી મળી હતી કે ભદારી રોડ પર લાલકુવા વિસ્તારમાં ખેતરમાં ગેરકાયદે પ્રવૃત્તિ ચાલે છે. બાતમીના આધારે ખેતરના ઘોડાના તબેલામાં તપાસ કરતા ખાડો ખોદી છુપાવેલો ગાંજો મળ્યો હતો. સ્થળ પરથી ઈલ્યાસ ઉર્ફે શેરૂ અહેમદભાઈ મલેકની અટકાયત કરાઈ હતી. મુસ્તાક રહીમભાઈ મલેક રહે. આંટી ગામ ભદારી રોડ અને બચુભાઈ ડોસુભાઈ પોલીસને જોતા ફરાર થઈ ગયા હતા. પોલીસે ગાંજા ઉપરાંત ફોન, વજનકાંટો અને રોકડ જપ્ત કરી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દ્રશ્યમ કાંડ: પૌત્રી-જમાઈએ ત્રણ સ્વજનોની હત્યા કરી લાશ દાટી દીધી

## મિલકત અને જવાબદારીથી બચવા લકવાગ્રસ્ત માતા, ટીબી પીડિત પૌત્રી, વૃદ્ધ દાદીની હત્યા કરનાર આરોપી દંપતીની ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી

**સુરત**

અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા એક ચોંકાવનારા ટ્રિપલ મર્ડર કેસનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. પોતાની પત્ની અને પિતરાઈ ભાઈને ફસાવવા પોલીસને બાતમી આપનાર પતિ જ ત્રણ હત્યાનો મુખ્ય સૂત્રધાર હોવાનું તપાસમાં ખુલતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

આ ઘટનાની શરૂઆત ત્યારે થઈ જ્યારે માધવદાસ ભક્તિરામ સાધુ નામના વ્યક્તિએ સુરત જિલ્લાના કોસંબા ખાતે વર્ષ 2022માં થયેલી વૃદ્ધા શાંતાબહેન ગંભીરભાઈ વસાવાની હત્યા અંગે અમદાવાદ સિટી ક્રાઇમ બ્રાન્ચને બાતમી આપી હતી. તેણે આક્ષેપ કર્યો હતો કે



આ હત્યા તેની પત્ની ઉર્મિલા ઉર્ફે જયા અને તેના પિતરાઈ ભાઈએ કરી છે. આ બાતમીના આધારે ક્રાઇમ બ્રાન્ચે પિતરાઈ ભાઈની અટકાયત કરી સઘન પૂછપરછ કરી હતી, પરંતુ તપાસમાં તે નિર્દોષ સાબિત થયો હતો. આથી પોલીસની શંકા બાતમીદાર માધવદાસ પર ગઈ હતી. પોલીસે તેની કડકાઈથી પૂછપરછ કરતા તેણે આખું ષડયંત્ર કબૂલી લીધું હતું.

છેલ્લા આઠ મહિનાથી પત્ની ઉર્મિલા પુત્ર, રોકડ અને ઘરેણાં લઈને અલગ રહેતી હોવાથી, અદાવત રાખી તેમને ફસાવવા તેણે આખી બનાવટી વાર્તા રચી હતી. પોલીસની ઊંડાણપૂર્વકની તપાસમાં જાણવા મળ્યું કે વર્ષ 2022માં માધવદાસ અને ઉર્મિલાએ સાથે મળીને ત્રણ મહિલાઓની હત્યા કરી હતી. માધવદાસની માતા મંજુલાબહેન ભક્તિરામ સાધુ લકવાગ્રસ્ત હોવાથી દંપતીને તેમની દૈનિક સેવા-ચાકરી કરવી પડતી હતી.

આ જવાબદારીમાંથી કાયમી છૂટકારો મેળવવા બંનેએ માતાના મોઢા પર ઓશીકું દબાવીને તેમની હત્યા કરી દીધી હતી અને કોઈને શંકા ન જાય તે માટે ગુપચુપ અગ્નિસંસ્કાર પણ કરી દીધા હતા. આ ઉપરાંત, દાદી શાંતાબહેનના મકાનો, રોકડ અને દાગીના પચાવી પાડવાના ઈરાદે તેમણે અન્ય બે જઘન્ય હત્યાઓ કરી હતી. સૌપ્રથમ દાદી સાથે રહેતી અને ટીબીની બીમારીથી પીડાતી પૌત્રી ભગવતી કમલેશભાઈ વસાવાની ઓશીકું દબાવીને હત્યા કરી લાશ દાટી દીધી હતી. ત્યારબાદ વૃદ્ધા શાંતાબહેનની હત્યા કરી તેમનો મૃતદેહ બેરલમાં મૂકી સિમેન્ટ ભરી જમીનમાં છુપાવ્યો હતો. આ કેસમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ ઉપ પ્રમુખનો પુત્ર ડ્રગ્સ સાથે ઝડપાયો

## નાસ્તાની લારી ચલાવતો હતો, 3.26 ગ્રામ એમડી મળ્યું

**સુરત**

સુરતમાં ડ્રગ્સના વધુ એક કેસમાં ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ ઉપપ્રમુખના પુત્રની ધરપકડ કરવામાં આવી છે. પુણા પોલીસની ટીમે ન્યૂ એપીએમસી ફ્રૂટ માર્કેટ પાસે નાસ્તાની લારી ચલાવતા રેહાન જમીલ અહમદ અંસારીને 3.26 ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં ડ્રગ્સ નવસારી બજાર કબ્રસ્તાન નજીકના વિસ્તારમાંથી લાવવામાં આવ્યું હોવાની કબૂલાત કરવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

પોલીસને મળેલી બાતમીના આધારે પુણા પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફે ન્યૂ એપીએમસી ફ્રૂટ માર્કેટ સામે ઈન્ટરસિટી ખાડી પુલથી આંજણા ફાર્મ જવાના રોડ પર કાર્યવાહી કરી હતી. અહીં નાસ્તાની લારી ચલાવતા રેહાન અંસારીને રોકીને તપાસ કરવામાં આવી હતી. પોલીસને તેની પાસેથી રૂ.7,800ની કિંમતનું 3.26 ગ્રામ એમ.ડી. ડ્રગ્સ, મોબાઈલ ફોન, રૂ.300 રોકડા અને ડિજિટલ વજનકાંટો સહિતનો મુદ્દામાલ મળ્યો હતો. કુલ મુદ્દામાલની કિંમત આશરે રૂ.3.90 લાખ હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

# ભાજપના સ્થાનિક નેતાઓએ જ ચૈતર વસાવાને જીતાડ્યો : સાંસદ મનસુખ વસાવાનો બળાપો

## ભાજપના નેતાઓ તલાટીને હપ્તા આપે છે એટલે નબળી ગુણવત્તાના કામો થાય'

**ભરૂચ**

રાજપીપળામાં કાર્યક્રમ વખતે વસાવાએ જાહેર મંચ પરથી જ એવો આક્ષેપ કર્યો કે, 'ડેડિયાપાડા વિધાનસભા બેઠક પર આપના ધારાસભ્ય ચૈતર વસાવાને જીતાડવામાં ભાજપના જ સ્થાનિક આગેવાનો અને હોદેદારોનો હાથ હતો. એટલું જ નહીં, આપના ઉમેદવાર જ્યારે અંબાજી રથયાત્રા લઈને નીકળ્યા ત્યારે ભાજપના જ હોદેદારોએ જ સન્માન કરવા પહોંચી ગયા હતા.' ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ જાહેરમાં સ્પષ્ટ કર્યું કે, 'ભાજપમાં રહીને વિરોધ પક્ષોને મદદ કરનારાઓને સાંખી લેવામાં નહીં આવે, જો કોઈને ખોટું લાગતું હોય તો તે પક્ષ છોડી શકે છે. 'સત્તા પર બેઠેલાં ભાજપના કેટલાક આગેવાનો તલાટીઓને હપ્તા આપે છે. આ હપ્તાખોરી અને કમિશનને કારણે જ ગ્રામ્ય વિસ્તારો અને નગરપાલિકામાં ગુણવત્તા વિનાના વિકાસના કામો થઈ રહ્યાં છે. તેને કારણે વિપક્ષોને સરકાર સામે અવાજ ઉઠાવવાની અને રાજકીય મુદ્દો બનાવવાની સીધી તક મળી જાય છે.'

### આદિવાસી ખેડૂતોને સરકાર ખૂબ હેરાન કરે છે, મોદીને પત્ર

મનસુખ વસાવાએ મોદીને પત્ર લખીને ફોરેસ્ટ વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચારને લઈને પોતાની જ સરકાર અને અધિકારીઓ સામે મોરચો ખોલી દીધો છે. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે રજૂઆતો કરવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. આદિવાસી ખેડૂતોને આપણી સરકાર હેરાન કરે છે અને તેમને ન્યાય મળતો નથી.

# ગુજ્જુ લવ ગુરુના પરિવારને રૂ. 3.50 કરોડની આર્થિક સહાય, ખજૂરભાઈએ આપ્યો હિસાબ

## 2.96 કરોડ ઓનલાઇન, 53.71 લાખ રોકડ, પરિવાર માટે FD અને જમીન ખરીદાશે

**વડોદરા**

સોશિયલ મીડિયા ફેમ ગુજ્જુ લવ ગુરુ ઉર્ફે સ્વ. ચંદન રાઠોડના દુઃખદ અવસાન બાદ પરિવારને આર્થિક સહારો આપવા હાથ ધરાયેલા સેવા યજ્ઞ અંગે મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર નિતીન જાની ઉર્ફે ખજૂરભાઈ, વિલેજ બોય ટીમ અને સ્વ. ચંદનના પરિવારે સંયુક્ત રીતે મીડિયા સમક્ષ હિસાબ રજૂ કર્યો હતો. આ અભિયાન દરમિયાન દેશ અને વિદેશમાંથી લોકોએ ઉદાર હાથે ફાળો આપી કુલ રૂ. 3.50 કરોડની મદદ કરી છે, જેમાં રૂ. 2.96 કરોડ ઓનલાઈન માધ્યમથી અને રૂ. 53.71 લાખ રોકડ રૂપે મળ્યા છે.

એકત્રિત રકમનો પરિવારના ભવિષ્ય માટે ઉપયોગ કરવાનું આયોજન મૂકવામાં આવ્યું હતું. જે મુજબ સ્વ. ચંદનના ભાઈના નામે રૂ. 1 કરોડ, પિતાના નામે 40 લાખ, પત્નીના નામે 41 લાખ તથા બંને બાળકોના નામે 41-41 લાખની ફિક્સ ડિપોઝિટ કરાશે. ત્રણેય બહેનોના નામે 11-11 લાખની એફડી કરાશે. રોકડ 53.71 લાખમાંથી નાના દીકરાના નામે જમીન ખરીદવામાં આવશે. નિતીન જાનીએ અપીલ કરી કે અકસ્માત સ્થળે પાણીની બોટલ, નાળિયેર કે અગરબત્તી મૂકી અંધશ્રદ્ધા ન ફેલાવે, ચંદનના પિતાનું QR કોડ બંધ કરાયું છે તેથી હવે નાણાં ન મોકલવા. આસો નવરાત્રિના બીજા નોરતાથી નવું મકાન બનાવવાની કામગીરી શરૂ થશે. આ કપરા સમયમાં મદદ કરનાર તમામ કન્ટેન્ટ ક્રિએટર્સ અને દાનવીરોનો આભાર વ્યક્ત કરાયો હતો.

# વડોદરાના સાધલી ગામમાં રખડતા શ્વાને મચાવ્યો આતંક, 15થી વધુ માસૂમ બાળકોને બચકા ભર્યા

## શ્વાનોએ અલગ અલગ વિસ્તારોમાં હુમલો કરી બાળકોને લોહીલુહાણ કરતા ભારે રોષ

**વડોદરા**

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં આવેલા સાધલી ગામમાં રખડતા શ્વાનોએ ભારે આતંક મચાવી દીધો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગુરુવાર સાંજથી લઈને સવાર સુધીના સમયગાળામાં એક રખડતા શ્વાને ૧૫થી વધુ નાના બાળકો પર જીવલેણ હુમલો કરીને તેમને બચકાં ભરી લોહીલુહાણ કરી દેતા વાલીઓમાં ભારે દહેશત વ્યાપી છે. અલગ અલગ ઘટનાઓમાં ગામના પંચવટી ગાર્ડનમાં રમતા બે વર્ષના બાળક પર, અંબાજી



મંદિર નજીક ત્રણ વર્ષની બાળકી પર, મુખ્ય બજારની કરિયાણા દુકાન બહાર પાંચ વર્ષના બાળક પર તથા સરદારનગર વિસ્તારમાં ઘરની બહાર રમી રહેલી પાંચ વર્ષની માસૂમ બાળકી પર શ્વાને હુમલો કર્યો હતો. હુમલાનો ભોગ બનેલા તમામ ઈજાગ્રસ્ત માસૂમ બાળકોને સારવાર માટે તાત્કાલિક સાધલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. આરોગ્ય કેન્દ્રના તબીબો દ્વારા બાળકોને એઆરવી અને ટીટીની રસી આપી ઘા પર ડ્રેસિંગ કરીને યોગ્ય પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે. બીજી તરફ રોષે ભરાયેલા ગ્રામજનોનું સ્પષ્ટ કહેવું છે કે આ તો માત્ર ઈલાજ છે, કોઈ કાયમી નિવારણ નથી. સરપંચ અને સ્થાનિક તંત્રને વારંવાર રજૂઆતો તેમજ ફરિયાદો કરવા છતાં શ્વાનોને પાંજરે પૂરવા કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.

**પતિ-પત્ની વચ્ચે ઘણા સમયથી ઝઘડો ચાલતો હતો**

# વાપીના છરવાડામાં પતિએ પત્નીનું જાહેરમાં ચપ્પુથી ગળું કાપી હત્યા કરી



**વાપી**

વાપીના છરવાડા વિસ્તારમાં મંગળવારે પતિએ પત્નીનું ચપ્પુ વડે ગળું કાપી હત્યા કરી દેતા ચકચાર મચી ગઈ હતી. સાંઈ સંસ્કાર બિલ્ડિંગની બહાર જાહેર માર્ગ પર બનેલી આ ઘટનાને પગલે લોકોમાં ભારે અરેરાટી ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં ડુંગરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને પતિ પરેશ કંટારિયાની ધરપકડ કરી લીધી હતી. મળતી માહિતી મુજબ, છરવાડા વિસ્તારમાં આવેલી સાંઈ સંસ્કાર બિલ્ડિંગમાં રહેતી 32 વર્ષીય સીમાના પરેશ કંટારિયા સાથે લગ્ન થયા હતા. દાંપત્ય જીવન દરમિયાન તેમને એક બાળકનો જન્મ થયો હતો. જોકે, પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હોવાથી સીમા છેલ્લા ચાર વર્ષથી પુત્ર સાથે અલગ રહેતી હતી. સીમા બ્યુટી પાર્લર ચલાવતી હતી.

મંગળવારે સીમા ઘરેથી બ્યુટી પાર્લર જવા માટે નીકળી હતી. તે બિલ્ડિંગની બહારથી પસાર થઈ રહી હતી ત્યારે પરેશ કંટારિયા અચાનક તેની પાસે ધસી આવ્યો હતો. સીમા કંઈ બોલે કે પરિસ્થિતિ સમજે તે પહેલાં જ પરેશે ચપ્પુ વડે તેના ગળા પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાને કારણે સીમાનું સ્થળ પર જ મોત થયું હતું. જાહેર માર્ગ પર બનેલી ઘટનાને પગલે આસપાસના રહીશો અને લોકો દોડી આવ્યા હતા. બિલ્ડિંગની બહાર જાહેર રસ્તા પર લોહીના ખાબોચીયા વચ્ચે સીમા પડેલી હતી. સ્થાનિક રહીશે પોલીસને જાણ કરતાં ડુંગરા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરેશને ઝડપી લીધો હતો.

ડુંગરા પોલીસ ટીમે સ્થળ પર પહોંચી રહીશોના નિવેદન નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી. સાથે જ ઘટનાસ્થળે પંચનામું કરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં એવી માહિતી પણ સામે આવી છે કે અગાઉ પરેશે સીમા પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ બનાવ અંગે ગુનો નોંધાયા બાદ પરેશ જેલમાં પણ જઈ આવ્યો હતો. હવે ફરી પત્નીની હત્યા થતાં પોલીસે પરેશ કંટારિયા સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે.

# જ્ઞાનેશ કુમાર રાજીનામું આપોના નારા સાથે કોંગ્રેસનું કાળા ઝંડા સાથે ગુજરાતમાં પ્રદર્શન

## વડોદરામાં ભરતસિંહ સોલંકીની આગેવાનીમાં કાળા કપડાં પહેરી પૂતળાદહન કરાયું

**વડોદરા**

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયાના નામે દેશભરમાંથી કરોડો મતદારોના નામ ગેરરીતિપૂર્વક રદ કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે ગુજરાતભરમાં રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની માગ સાથે સોમવારે (28મી સપ્ટેમ્બર) રાજ્યના મુખ્ય શહેરોમાં કોંગ્રેસ દ્વારા કાળા કપડાં, સૂત્રોચ્ચાર અને ચક્કાજામ સાથે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યો હતો.

રાજકોટમાં શહેર કોંગ્રેસ દ્વારા વિરોધનું અનોખું રૂપ જોવા મળ્યું હતું. કાર્યકરોએ એક યુવા કાર્યકરને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું મુખોટું પહેરાવી, દોરડાથી બાંધીને કલેક્ટર કચેરી સુધી લઈ જઈ દેખાવો કર્યો હતો. કોંગ્રેસ નેતાઓએ ચૂંટણી પંચની સ્વાયત્તતા પર પ્રહારો કરતા કટાક્ષ કર્યો હતો કે, 'કેન્દ્રની ભાજપ



સરકાર જે કામ કરી શકતી નથી તે કોંગ્રેસે કરીને બતાવ્યું છે.'

સુરત ખાતે શહેર અને જિલ્લા કોંગ્રેસના કાર્યકરોએ કલેક્ટર કચેરી ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. "વોટ ચોર, ગાદી છોડ"ના પ્રચંડ નારાઓ સાથે કાર્યકરોએ કલેક્ટર કચેરીમાં ઘૂસવા જતાં પોલીસે મૂકેલા બેરિકેડ્સ તોડી પાડ્યા હતા. માર્ગો પર ચક્કાજામ કરી દેવાતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. આખરે પોલીસે દેખાવકારોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

વડોદરામાં પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીની આગેવાની હેઠળ કોંગ્રેસી કાર્યકરો અને મહિલાઓ કાળા વસ્ત્રો તેમજ કાળી પટ્ટીઓ ધારણ કરીને રસ્તા પર ઉતર્યા હતા. શહીદ ભગતસિંહની તસવીરો અને "સ્વાયત્ત ચૂંટણી પંચ કે ભાજપનું ટૂલ?" લખેલા બેનરો સાથે કાર્યકરોએ ભારે નારેબાજી કરી હતી. આ દરમિયાન પૂતળાદહન કરવાનો પ્રયાસ કરાતાં પોલીસ અને દેખાવકારો વચ્ચે ભારે ઘર્ષણ અને ધક્કામુક્કીના દશ્યો સર્જાયા હતા.

જૂનાગઢ ખાતે પણ કોંગ્રેસ સમિતિના નેતા કરશનદાસ ભાદરકા અને કાર્યકરો દ્વારા દેખાવો કરવામાં આવ્યો હોતો. છોટા ઉદેપુર ખાતે કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચની કામગીરી સામે દેખાવો કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચ પર સંસ્થાકીય રીતે લોકશાહી પ્રક્રિયાને નુકસાન પહોંચાડવાના આક્ષેપો સાથે કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતર્યા હતા.

### વડોદરામાં ખંડણી અને દિલ્હીમાં ડ્રગ્સ કેસમાં

# ચાર કરોડના પાકિસ્તાની હેરોઈન સાથે રોહિત ગોદારા ગેંગનો કુલદીપ ઝડપાયો

## કુલદીપના 5 દિવસના રિમાન્ડ પુરા થતાં કસ્ટડીમાં મોકલાયો

**વડોદરા**

વડોદરાના વેપારી પાસે ૧૦ કરોડની ખંડણી માંગવાના પ્રકરણમાં રોહિત ગોદારા ગેંગ દ્વારા દિલ્હીમાં યોજાયેલા ફાર્મા એક્ઝિબિશનના ડેટા પરથી વેપારીને નિશાન બનાવી ટાર્ગેટ કરવામાં આવ્યા હોવાનું મનાય છે. આ ગેંગના નામે મહેન્દ્ર દેલાણાએ વેપારીને વારંવાર ફોન કરી અને વોઈસ નોટ્સ મોકલીને ધમકી આપી હતી તથા ૧૦ કરોડની માંગણી કરી હતી. જોકે, અંતે ખંડણી માટે બે કરોડની રકમ સુધી વાત નક્કી થઈ હતી.

ત્યારબાદ, ટોકન પેટે રૂ. ૧૦ લાખ લેવા માટે મહેન્દ્ર દેલાણાએ કુલદીપ સ્વામીને દિલ્હી મોકલ્યો હતો. આ માહિતીના આધારે વડોદરા પોલીસે છટકું ગોઠવીને દિલ્હીના ચાંદનીચોક વિસ્તારમાંથી તેને ઝડપી પાડ્યો હતો. આ દરમિયાન કુલદીપ સ્વામીની કારની તપાસ કરતા તેમાંથી રૂ. ૪ કરોડની કિંમતનું પાકિસ્તાની હેરોઈન પણ મળી આવ્યું હતું. આથી દિલ્હી પોલીસે ડ્રગ્સનો અલગ કેસ નોંધી કુલદીપ ગણેશદાસ સ્વામી (રહે. જયવિહાર સોસાયટી, બાપરોલા, નજફગઢ, દિલ્હી. મૂળ કલ્યાણપુરા, બિંદવાતન, ચુરુ, રાજસ્થાન) ની ડ્રગ્સના કેસમાં ધરપકડ કરી હતી.

બીજી તરફ, વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ખંડણીનો ગુનો નોંધ્યો હોવાથી ટ્રાન્સફર વોરંટના આધારે દિલ્હી પોલીસ પાસેથી કુલદીપની ધરપકડ કરી વડોદરા લાવવામાં આવ્યો હતો. અહીં કુલદીપના પાંચ દિવસના રિમાન્ડ પુરા થતાં તેને કોર્ટમાં રજૂ કરાયો હતો. આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા બાદ હવે દિલ્હી પોલીસને પાછો સોંપવા માટે વડોદરા પોલીસ રવાના થઈ છે.


Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ૩ હજાર કરોડના ડ્રગ્સ સાથે પાંચ પાકિસ્તાનીઓની ધરપકડ

## ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડ દ્વારા લક્ષદ્વીપ પાસેથી 526 કિલો ડ્રગ્સ પકડી લેવાયું, પાકિસ્તાનના પાંચ શખ્સો મુંબઇ લાવવામાં આવ્યા

કચ્છ

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા દરિયામાં એક અત્યંત મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ બંને એજન્સીઓના સંયુક્ત ગુપ્ત ઓપરેશન થકી અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ નજીકથી ૫૨૬ કિલો ઉચ્ચ ગુણવત્તાવાળું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૩,૦૦૦ કરોડ રૂપિયા કરતા વધારે હોવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ સામેનું આ સૌથી સફળ ઓપરેશન આશરે પંદર દિવસ સુધી ચાલ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૧૪ સપ્ટેમ્બરના



રોજ ગુજરાત એટીએસને બાતમી મળી હતી કે એક નાઈજિરિયન નાગરિકે ગુજરાતના વોન્ટેડ આરોપી સાથે મુલાકાત કરીને ભારતમાં ડ્રગ્સ ઘુસાડવાનું કાવતરું ઘડ્યું છે. આ જાણકારી મળતા એટીએસના ડીઆઈજી સુનીલ જોશીના સીધા માર્ગદર્શન હેઠળ ઈરાનના કોણાર્ક બંદરથી રવાના થયેલી એક ઈરાની બોટ પર સતત ટ્રેકિંગ શરૂ કરાયું હતું. ઈરાનથી નીકળીને આ બોટ પાકિસ્તાનના ગ્વાદર બંદર પર પહોંચી હતી, જ્યાંથી પેશાવરના રહેવાસી એવા પાંચ પાકિસ્તાની નાગરિકો ડ્રગ્સના જથ્થા સાથે તેમાં સવાર થયા હતા.

તપાસમાં ખુલ્યું છે કે ડ્રગ્સનો જથ્થો ગુજરાતના દરિયાકાંઠે ઉતારવાનું આયોજન હતું. પરંતુ ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડ દ્વારા દરિયાઈ સીમા પર કડક નાકાબંધી જોઈને તસ્કરોએ પોતાનો રૂટ બદલી નાખ્યો હતો. નવી યોજના મુજબ ડ્રગ્સ ભરેલી બોટને લક્ષદ્વીપના રસ્તે કોચી તરફ લઈ જવાની હતી. વધુમાં, લક્ષદ્વીપ પાસે મધદરિયે આ ડ્રગ્સ અન્ય એક સ્થાનિક બોટમાં શિફ્ટ કરવાનું નક્કી થયું હતું.

જોકે, અગાઉથી નજર રાખી રહેલી એજન્સીઓએ તસ્કરો મધદરિયે ડ્રગ્સ ટ્રાન્સફર કરે તે પહેલાં જ લક્ષદ્વીપ નજીક બોટને ઘેરી લીધી હતી. પ્રાથમિક તપાસ મુજબ, ડ્રગ્સ કોચી લાવી તમિલનાડુ અને ત્યાંથી ઉત્તર ભારતમાં પંજાબ સુધી પહોંચાડવા નેટવર્ક ગોઠવાયેલું હતું. સુરક્ષા દળો પાંચેય પાકિસ્તાની તસ્કરોને બોટ અને ડ્રગ્સ સાથે મુંબઈ બંદર ખાતે લઈ આવ્યા છે. હાલમાં એજન્સીઓ નાઈજિરિયન હેન્ડલર અને ગુજરાતના વોન્ટેડ આરોપીની ભૂમિકા અંગે સઘન તપાસ કરી રહી છે.

# બાબરા APMCની ચૂંટણીમાં 10 બેઠકો જીતી ભાજપે મારી બાજી

## 3 અસંતુષ્ટો અને 1 અપક્ષ ઉમેદવારો વિજેતા બન્યા

અમરેલી

અમરેલી જિલ્લાના રાજકારણમાં ગરમાવો લાવનાર બાબરા APMCની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. બાબરા APMCની કુલ 14 બેઠકો માટે યોજાયેલી આ ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલે 10 બેઠકો પર ભવ્ય વિજય મેળવીને પોતાનો ગઢ અકબંધ રાખ્યો છે. વિજયની જાહેરાત થતાં જ જિલ્લા ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવ્યો હતો.

આ વિભાગમાં કુલ 38 મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં ભાજપ અને ભાજપના અસંતુષ્ટ જૂથ વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી. ભાજપ પ્રેરિત પેનલના લલીત આંબલીયા અને ખોડીદાસ ભંડેરીનો વિજય થયો હતો, જ્યારે અસંતુષ્ટ જૂથમાંથી વિજય રાઠોડ અને અપક્ષ તરીકે લડેલા રાજુ મકવાણા ચૂંટાઈ આવ્યા હતા. ખેડૂત વિભાગની 10 બેઠકો માટે કુલ 21 ઉમેદવારો મેદાનમાં હતા. ભાજપે ટિકિટ ન આપતા યાર્ડના પૂર્વ ચેરમેન જીવાજી રાઠોડે અસંતુષ્ટ પેનલ બનાવીને ચૂંટણી લડી હતી. આ વિભાગમાં અસંતુષ્ટ જૂથના જીવાજી રાઠોડ અને જયસુખ કલાકાણી વિજેતા બન્યા હતા.

# કાલાવડમાં એસઓજીનો મોટો દરોડો, 1200 લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ ઝડપી પાડ્યું

## માતાજીના મંદિર પાસે રહેણાંક મકાનમાંથી વનસ્પતિ ઘી અને પાવડર પણ કબ્જે લેવાયો

જામનગર

જામનગર જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરનારા તત્વો સામે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ એટલે કે એસઓજીની ટીમે કાલાવડ પંથકમાં દરોડા પાડીને શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ બનાવવાનું કૌભાંડ ઝડપી પાડ્યું છે. એસઓજીની ટીમ કાલાવડ ટાઉન તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે જ મળેલી



ચોક્કસ બાતમીના આધારે કાલાવડમાં આવેલા શીતળા માતાજીના મંદિર પાસે કાનજીભાઈ ઉર્ફે કાનો દેપાળભાઈ માલાણીના રહેણાંક મકાનમાં તપાસ હાથ ધરી હતી. આ દરોડા દરમિયાન મકાનમાં શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ બનાવવાની પ્રવૃત્તિ ચાલતી હોવાનો પર્દાફાશ થયો હતો.

ઘટનાસ્થળ પરથી આશરે ૧૨૦૦ લીટર શંકાસ્પદ દૂધ, ૭૫ કિલો વનસ્પતિ ઘી તેમજ ૭૫ કિલો દૂધ બનાવવાનો પાવડર મળી આવતા તાત્કાલિક ફૂડ સેફ્ટી વિભાગને જાણ કરાઈ હતી. માહિતી મળતા ફૂડ સેફ્ટી અધિકારીએ સ્થળ પર પહોંચીને શંકાસ્પદ દૂધ અને અન્ય સામગ્રીના નમૂના લઈ તેને નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરેન્દ્રનગર જિલ્લાના ઢીંકવાડી ગામે તળાવમાં નહાવા પડેલા બે યુવકોના ડૂબી જવાથી મોત

## પાણીમાં ગરકાવ થતાં બંનેના મૃતદેહ સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત બાદ બહાર કાઢ્યા

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં આવેલા ઢીંકવાડી ગામના તળાવમાં નહાવા માટે પડેલા બે યુવાનોના ડૂબી જવાના કારણે કરુણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. ગત 28મી સપ્ટેમ્બરના રોજ સવારના સમયે ત્રણ મિત્રો ઢીંકવાડી ગામના તળાવે નહાવા માટે ગયા હતા. જેમાંથી કરાડી ગામનો 24 વર્ષીય પ્રતાપ ખાચર અને ઢીંકવાડી ગામનો 20 વર્ષીય મહેલ જાતવડા પાણીમાં નહાવા ઉતર્યા હતા. પાણીના ઊંડાણનો સાચો અંદાજ ન આવવાના કારણે બંને યુવકો અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈને ડૂબવા લાગ્યા હતા. ઘટના સમયે કિનારે હાજર રહેલા ત્રીજા મિત્રે બંને મિત્રોને ડૂબતા જોઈને તાત્કાલિક ધોરણે તેમના પરિવારજનો તેમજ આસપાસના ગ્રામજનોને આ બનાવની જાણ કરી હતી. બનાવના સમાચાર મળતા જ મોટી સંખ્યામાં ગ્રામજનો તળાવ કિનારે દોડી આવ્યા હતા. ત્યારબાદ સ્થાનિક તરવૈયાઓએ પાણીમાં ઉતરીને ભારે શોધખોળ હાથ ધરી હતી અને મહામહેનતે બંને યુવાનોના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. આ હૃદયદ્રાવક બનાવ અંગે સ્થાનિક પોલીસને જાણ કરાઈ હતી. સમગ્ર ઘટનાને લઈને ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશનમાં બંને મૃતક યુવકોના પરિવારજનોએ પોતાનું નિવેદન નોંધાવ્યું હતું. પરિવારે પોલીસ સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે તેમને આ બંનેના મૃત્યુ અંગે કોઈ જ શંકા નથી અને આ અકસ્માતે થયેલું મોત છે.

# ઉના નજીક બેડીયા-ખાંભા રોડ પર ST બસ-ટ્રક અથડાતા 2ના મોત, 14 ઘાયલ

## અકસ્માત બાદ રોડની બંને બાજુ ટ્રાફિક જામ થઈ ગયો

ગીરગઢડા

ગીરગઢડા તાલુકાના બેડીયા-ખાંભા રોડ પર આજે સવારે એસટી બસ અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકચાલક અને એક શ્રમિકનું મોત થયું હતું, જ્યારે એસટી ડ્રાઈવર સહિત 14 લોકોને ઈજા થઈ હતી. ટ્રકની કેબિનનો બુકડો થઈ ગયો હતો અને એસટી બસની એક બાજુ ચિરાઈ ગઈ હતી. અકસ્માત બાદ રોડની બંને બાજુ ટ્રાફિક જામ થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ઉનાના ટ્રકચાલક રાજુભાઈ સામતભાઈ રાઠોડ ઉંમર 50 તથા આઠ લોકો ટ્રકમાં કપાસ ભરવા બેડીયાથી ખાંભા જતા હતા. ટ્રક પેટ્રોલ પંપ પાસે પહોંચ્યો ત્યારે સામેથી આવેલી ઝાલોદ-દાહોદ-ઉના રૂટની બસના ચાલકે બેદરકારીથી બસ હંકારી ટ્રકના આગળના ભાગે અથડાવી હતી. ધડાકા સાથે થયેલા અકસ્માતથી ચીસો ગુંજી ઉઠી હતી. ઈજાગ્રસ્તોને 108 મારફતે ઉના ખસેડાયા હતા જ્યાં રાજુભાઈ રાઠોડ અને ભાયાના રવિભાઈ જીવાભાઈ પરમાર ઉંમર 40નું મોત થયું હતું. ગીરગઢડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ભાવનગરમાં ગલુડિયાને પાટું મારવાની બાબતમાં ધીંગાણું

# 'ઘરની બહાર નીકળશો તો મારી નાખીશું કહી હુમલો કર્યો, અનેક લોકો ઈજાગ્રસ્ત

ભાવનગર

શહેરના સુભાષનગર વિસ્તારમાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજનાના પરિસરમાં ગલુડિયાને પાટું મારવાની નજીવી બાબતે બે પરિવારો વચ્ચે ભયંકર હિંસક ઝઘડો થયો હતો. દાદરા પરથી ઉતરતી વખતે બાળકને ગલુડિયું બચકું ભરવા આવતા બચાવમાં ગલુડિયાને પાટું વાગી ગયું હતું. આ મુદ્દે ઠપકો આપતા સામાન્ય બોલાચાલી શરૂ થઈ હતી, જેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

ઝઘડો એટલો વધ્યો કે બહારથી માણસો બોલાવાયા અને બંને પક્ષો લાકડીઓ, ધોકા તેમજ ઈંટ-બ્લોક સાથે સામસામે આવી ગયા હતા. ઈજાગ્રસ્ત સુરેશ ચૌહાણના જણાવ્યા મુજબ, હુમલાખોરોએ તેમના પિતા અને ભાઈના માથામાં ઈંટો ઝીંકી દેતા ભાઈને માથામાં ટાંકા આવ્યા છે. તો સામે પક્ષના પારુલબેને પણ ગાળાગાળીની ના પાડતા ઉશ્કેરાઈને માર માર્યાનો આક્ષેપ કર્યો છે. આ મારામારીમાં વચ્ચે પડેલી મહિલા સહિત ત્રણથી વધુ લોકો લોહીલુહાણ થતાં તેઓને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. સમગ્ર ઘટનાના સીસીટીવી દ્રશ્યો કેદ થતા પોલીસે દોડી જઈને ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

## તમે વકીલ છો, થાય તે કરી લેજો, તેવું કહીને ધમકી આપી

# જામનગરમાં ગરબીની ફી બાબતે મહિલા વકીલના 12 વર્ષના પુત્રને લાફો ઝીંકી પતાવી દેવાની ધમકી

જામનગર

જામનગરના રણજીતસાગર રોડ પર આવેલા વૃંદાવન પાર્કમાં 'જય અંબે ગરબી'ના આયોજનમાં એક ચોંકાવનારો બનાવ બન્યો છે. ગત ૨૩ સપ્ટેમ્બરની રાત્રે જામનગર કોર્ટમાં પ્રેક્ટિસ કરતા મહિલા વકીલનો ૧૨ વર્ષનો પુત્ર ગરબીની પ્રેક્ટિસમાં ગયો હતો. બાળકની ફી બાકી હોવાથી સંચાલક રીયાબેને તેની માતાને જાણ કરી હતી. ત્યારબાદ રીયાબેનની પુત્રી સુમનબેને ઉશ્કેરાઈને બાળકને ગરબીમાંથી બહાર કાઢી તેના ગાલ પર જોરદાર થપ્પડ મારી દીધી હતી. બાળક રડતો ઘરે પહોંચતા માતા ગરબી સ્થળે દોડી ગયા હતા. ત્યાં ફી બાબતે વાતચીત થતાં સુમનબેને ઉદ્ધતાઈથી કહ્યું કે, "તમે વકીલ છો, થાય તે કરી લેજો." અન્ય મહિલા હેમાલીબેને પણ પોલીસમાં ઓળખાણનો રોફ જમાવ્યો હતો. આ ઉપરાંત તેઓએ બાળકને જાનથી પતાવી દેવાની કે ગુમ કરવાની ગંભીર ધમકી આપી હતી. થપ્પડથી બાળકના ગાલ અને કાનમાં ઈજા પહોંચતા તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર અને કાનની એન્ડોસ્કોપી માટે લઈ જવાયો હતો. મહિલા વકીલે સિટી-એ પોલીસ મથકમાં સુમનબેન તથા હેમાલીબેન સામે ગુનો નોંધાવ્યો છે.

## કેટરિના બાદ હવે ઐશ્વર્યા રાયનું બોડી શેમિંગનો શિકાર





મુંબઈ : કેટરિના બાદ હવે ઐશ્વર્યા રાયનો ફિગર વિશે નેટીઝન્સે જાતજાતની અણછાજતી ટીકાઓ કરી હોવાનું જાણવા મળ્યું છે. પેરિસમાં યોજાયેલાં ફેશન શોમાં ભાગ લેનારી ઐશ્વર્યાના ફિગર વિશે કોમેન્ટ કરતાં એક જણે તે શા માટે વજન ઘટાડતી નથી તેમ જણાવી તેને વેઈટ લોસ માટે દવાઓ લેવાની સલાહ આપી દીધી હતી. ઐશ્વર્યા રાય બચ્ચનના વિડિયોની નીચે કોમેન્ટ સેક્શનમાં નેટીઝન્સે તેના ફિગર વિશે જાતજાતની અણછાજતી કોમેન્ટ પાસ કરી હતી.

## ‘મારા માટે તો ડિરેક્ટરનું વિઝન અને સ્ક્રિપ્ટ જ મહત્ત્વની...’

# આયુષ્માન ખુરાના



મુંબઇ : અભિનેતા આયુષ્માન ખુરાનાએ નવા અને ઉભરતા દિગ્દર્શકો સાથે સતત કામ કરવા અંગે પોતાનો અભિગમ વ્યક્ત કર્યો હતો. આયુષ્માનના જણાવ્યા અનુસાર, કોઈ દિગ્દર્શક પોતાની પહેલી ફિલ્મ બનાવી રહ્યે છે કે પછી અગાઉ અનેક ફિલ્મો કરી ચૂક્યો છે, તેના કરતાં તેમના માટે ફિલ્મની સ્ક્રિપ્ટ અને દિગ્દર્શકનું વિઝન વધુ મહત્વનું છે. આયુષ્માને કહ્યું કે, “મારા માટે સ્ક્રિપ્ટ હંમેશા સૌથી પહેલાં આવે છે. કોઈ ફિલ્મમેકર પોતાની પહેલી ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યે છે કે દસમી ફિલ્મ, હું એ નથી જોતો. હું એ જોઉં છું કે તેની પાસે એવી વાર્તા અને વિઝન છે કે નહીં, જે મને ઉત્સાહિત કરી શકે.” આયુષ્માને અત્યાર સુધીમાં અનેક એવા દિગ્દર્શકો સાથે કામ કર્યું છે, જેઓ તે સમયે દિગ્દર્શક તરીકે શરૂઆત કરી રહ્ય હતા. Dum Laga Ke Haishaમાં શરત કટારિયા, Shubh Mangal Saavdhanમાં આર. એસ. પ્રસન્ના, Dream Girlમાં રાજ શાંડિલ્યા, Shubh Mangal Zyada Saavdhanમાં હિતેશ કેવલ્યા, Doctor Gમાં અનુભૂતિ કશ્યપ અને An Action Heroમાં અનિરુદ્ધ ઐયર સાથે તેણે કામ કર્યું હતું. હવે તેની આગામી ફિલ્મ Udta Teerમાં આકાશ એ. કૌશિક દિગ્દર્શક તરીકે શરૂઆત કરી રહ્ય છે. આ ફિલ્મ સાથે નવા અથવા હિન્દી ફિલ્મોમાં દિગ્દર્શક તરીકે શરૂઆત કરનારા ફિલ્મમેકર્સ સાથે આયુષ્માનની આવી સાતમી ફિલ્મ બનશે.

# બ્રામ્પ્ટન સિનિયર ગ્રુપ દ્વારા ગણેશ ઉત્સવની ઉજવણી, સુગમ સંગીતની ધૂમ

## ગોરમેડો લાઈબ્રેરી ખાતે યોજાયેલી બેઠકમાં વરિષ્ઠ નાગરિકોએ ભક્તિભાવ સાથે ગણેશજીની આરતી કરી ગરબે ઘૂમી આનંદ માણ્યો

### મેયર પેટ્રિક બ્રાઉને દક્ષાબેન રાજાને ‘સર્ટિફિકેટ ઓફ રેકગ્નિશન’ એનાયત કરી કોમ્યુનિટી સેવાઓ બદલ બહુમાન કરવામાં આવ્યું









બ્રામ્પ્ટન

ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ની મીટિંગ ગોરમેડો લાઈબ્રેરીમાં રાખવામાં આવી હતી. મીટિંગની શરૂઆત ૐ તત્ શ્રી નારાયણ’ પ્રાર્થનાથી થયા બાદ પ્રમોદીનીબેન પરીખ, અર્ચનાબેન દલાલ તેમજ રાજેશ્વરીબેન દ્વારા ફળાહાર અને આઈસક્રીમ આપવામાં આવ્યું હતુ. ત્યારબાદ દક્ષાબેન રાજાએ ગણેશ ચતુર્થીની સૌને પ્રેમથી શુભેચ્છા વ્યક્ત કરી શ્રાદ્ધ પક્ષનું મહત્વ સમજાવી સૌના પૂર્વજોને અંતઃકરણથી યાદ કરી પ્રણામ કર્યા હતા. જયશ્રીબેન શાહે ગણેશ વંદના ગીત પર સુંદર કસરત કરાવ્યા પછી હર્ષદભાઈ પટેલે સંસ્થાકીય માહિતી આપી, સ્પોન્સર્સની જાહેરાત કરી હતી. વિશેષમાં તેમણે આયોજિત કરેલ ૧૦ Days Bus Tourમાં આવનાર સૌએ માણેલા આનંદ-ઉલ્લાસ અંગે વાતો કરાઈ હતી. ત્યારબાદ સપ્ટેમ્બર માસમાં આવતી જે તે સભ્યોની બર્થડે અને એનીવર્સરી ઉજવવામાં આવી હતી. ત્યારબાદ હિતેશભાઈ પટેલે ફની જોક્સ કહી સૌને ખૂબ હસાવ્યા હતા. વત્સલાબેન વ્યાસ, કૌશિકાબેન જોષી, જયશ્રીબેન શાહ, કનુભાઈ દેસાઈ તથા કૌશિકભાઈ પંડ્યાએ વ્યક્તિગત સુરીલા અવાજમાં અવનવા ગીતો સંભળાવ્યા હતા. બ્રેકમાં સૌને નાસ્તામાં પ્રમોદીનીબેન પરીખ દ્વારા સ્પોન્સર થયેલા ખમણ-ચટણી-મરચા આપવામાં આવ્યા હતા. સાથે મસાલેદાર ચા પણ હતી. આ તકે મેયર ટ્રિક બ્રાઉનનું દક્ષાબેન રાજાએ તેઓશ્રીને ઉપરણું ઓઢાડી, તેમનું સન્માન કર્યું હતુ. મેયર પેટ્રિક બ્રાઉને દક્ષાબેનને ધ કોર્પોરેશન સિટી ઓફ બ્રામ્પ્ટન તરફથી સર્ટિફિકેટ ઓફ રેકગ્નિશન એનાયત કરી, તેમનું બહુમાન કર્યું હતુ. મેયર પેટ્રિક બ્રાઉનની સાથે પથિકભાઈ શુક્લ અને ચેતનભાઈ બ્રહ્મભટ્ટ તથા સિટી કાઉન્સિલ ઈલેક્શનના ઉમેદવાર આઝાદ ગોહિલ, ગુરુપ્રીત સિંહ આવ્યા હતા. તેઓએ વરિષ્ઠ નાગરિકોની સેવામાં સદાય તત્પર રહેશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ગુંજન મ્યુઝિકલ ગ્રુપ, કિરીટભાઈ મિસ્ત્રીએ સુંદર સુગમ સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેની શરૂઆત ગજાનંદ ગણેશજીની વંદના, સ્તુતિ અને ભજનથી થયા બાદ અન્ય ભક્તિગીત, લોકગીત અને ફિલ્મી ગીતો રમઝટ જમાવી હતી. ત્યારબાદ ગરબાની શરૂઆત થતા જ, સૌ સભ્ય ભાઈ-બહેને આનંદોલ્લાસથી ગરબે ઘૂમી પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

વિશેષમાં ગુંજન મ્યુઝિકલ ગ્રુપના ઓનર કિરીટભાઈ મિસ્ત્રીએ હૃદયપૂર્વક દક્ષાબેનનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તમે છેલ્લા કેટલાક વર્ષોથી કોમ્યુનિટીની સેવા કરતા આવ્યા છો. ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનનું સફળતાપૂર્વક સંચાલન કરનાર એવા દક્ષાબેને મને આમંત્રિત કર્યો, તથા સર્વ મેમ્બર્સ ભાઈ-બહેનોએ ગરબા, ટીમલી, સનેડો, મુંબઈની ગાડી તથા અવનવા ગીતોનો આનંદ માણ્યો, તે મારા માટે ગૌરવની વાત છે.” દક્ષાબેન રાજાએ કમિટી, કિચન કમિટી, કિરીટભાઈ મિસ્ત્રી, અરુણભાઈ મહેતા, અનિલભાઈ જેઠવા, તેમજ કાર્યક્રમની સફળતામાં મદદ કરનાર સૌનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ વિઘ્નહર્તા ગણેશજીની સૌએ પ્રેમથી આરતી કરી હતી. અંતે જમણમાં સ્વાદિષ્ટ લાડવા, પૂરી, દાળ-ભાત, શાક, બટેટા-પૌંઆના ભજીયા, અથાણું અને પાપડ-પાપડી પીરસાયા હતા. આગામી બેઠક ૨૫ ઓક્ટોબર, રવિવાર, ૨૦૨૬ના રોજ નવરાત્રીની થીમ પર ગોરમેડો લાઈબ્રેરી ખાતે યોજવાની જાહેરાત કરાઈ હતી.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news


### પહાડોના સંતની કહાણી પડદા પર નિહાળવા દર્શકો ઉમટી પડ્યા

# ‘હનુમાન અંશ’: 2 કરોડની ફિલ્મ અને 300 કરોડની કમાણી

વર્ષ 2026 ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે બોક્સ ઓફિસની દૃષ્ટિએ નોંધપાત્ર રહ્યું છે. બોલિવૂડથી લઈને સાઉથ સિનેમા સુધી અનેક ફિલ્મોએ શાનદાર કમાણી કરી છે. ખાસ વાત એ છે કે, આ વર્ષે અત્યાર સુધીમાં 10 ભારતીય ફિલ્મોએ વિશ્વભરમાં 300 કરોડ રૂપિયાથી વધુનું કલેક્શન કર્યું છે. તેમાં રણવીર સિંહની ‘ધુરંધર 2’ સૌથી મોટી કમાણી કરનારી ફિલ્મ રહી છે, જ્યારે ‘બોર્ડર 2’, ‘હનુમાન અંશ’, ‘ટોક્સિક’ અને ‘મિર્ઝાપુર: ધ મૂવી’ જેવી ફિલ્મોએ પણ આ ક્લબમાં સ્થાન મેળવ્યું છે.

૧૯૭૦ના દાયકામાં આવેલી જય સંતોષી માતા નામની ફિલ્મે તે સમયે કમાણીના રેકોર્ડો તોડી નાખ્યા હતા. ટી.વી.ના પરદે દર રવિવારે રામાયણ અને મહાભારત જેવી સિરિયલો આવતી હતી. ત્યારે બજારમાં સન્નાટો છવાઈ જતો હતો. વીર હનુમાન અને જય શ્રીગણેશ જેવી સિરિયલો માટે આજે પણ મોટું બજાર છે. આ પરિપ્રેક્ષ્યમાં ઉત્તરાખંડના સંત નીમ કરોલી બાબા વિશે બનેલી ફિલ્મ કમાણીના રેકોર્ડ તોડી રહી હોય, તો તેમાં નવાઈ જેવું કાંઈ નથી.

લગભગ પાંચ દાયકા પહેલાં દુનિયા છોડી ગયેલા સંત નીમ કરોલી બાબા, ઉત્તરાખંડના પહાડોમાં બનેલો તેમનો આશ્રમ અને સંતના જીવનથી પ્રેરિત ફિલ્મ ભારતમાં આજકાલ ચર્ચામાં છે. આ ફિલ્મ બનાવવા માટે માત્ર બે કરોડ રૂપિયાનો ખર્ચ થયો અને કમાણી ૩૦૦ કરોડ રૂપિયાની નજીક પહોંચી ગઈ છે. શોભિનવ સત્ય નામના ઓછા જાણીતા અભિનેતાએ આ ફિલ્મમાં નીમ કરોલી બાબાની મુખ્ય ભૂમિકા ભજવી છે.

‘હનુમાન અંશ’ એ નીમ કરોલી બાબાના જીવન પર આધારિત ફિલ્મ છે. આ ફિલ્મની વાર્તા ભોંસલે નામની એક વ્યક્તિ દ્વારા તેના પૌત્રને નીમ કરોલી બાબા સાથેના તેમના અનુભવ વિશે કહેવાથી શરૂ થાય છે. પછી વાર્તા બાબાના બાળપણમાં પાછી ફરે છે. આ ફિલ્મમાં લક્ષ્મી નારાયણને તેમની માતાના મૃત્યુ પછી ઘર છોડીને જતાં દર્શાવવામાં આવ્યાં છે. તેઓ માને છે કે, જો તેઓ ભગવાન સુધી પહોંચી શકે, તો તેઓ પોતાની માતાને ફરી મળી શકશે.

જે પછીથી તેમની શોધ લોકોને મદદ કરવા અને ભૂખ્યાંઓને ભોજન આપવા તરફ ફંટાઈ જાય છે. આ ફિલ્મના નિર્માતા અનુપ્રિયા નાગરે




કહ્યું કે શોભિનવ સત્ય માટે એ મોટી જવાબદારી હતી કે, દર્શકો તેમને નીમ કરોલી બાબાના પાત્રમાં અભિનેતા તરીકે સ્વીકારી શકશે કે નહીં, પરંતુ દર્શકોએ જે રીતે પ્રતિભાવ આપ્યો, તેના પરથી સ્પષ્ટ કહી શકાય કે, તેમણે પાત્રને શાનદાર રીતે ભજવ્યું છે. પીકચર દરમિયાન શોભિનવે અભિનય દરમિયાન ચહેરાના હાવભાવ, વિરામ અને મૌનથી પાત્રને અસરકારક અને જીવંત બનાવી રાખ્યું છે. પટકથા એટલી કાળજીપૂર્વક બનાવવામાં આવી છે કે, તે તમને વાર્તા કયા યુગમાં બને છે તેનો અહેસાસ કરાવે છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

નિર્માણની વાત કરીએ તો, રાગિની સોના પહેલાથી જ ફિલ્મોમાં કામ કરી ચૂકી છે. તેનું નામ ૨૦૦૪ની ફિલ્મો “કૌન હૈ જો સપનો મેં આયા’ અને “શુક્રિયા’ અને ૨૦૦૫ની ફિલ્મ “ચોકલેટ’ સાથે સંકળાયેલું છે. તેણીએ આ ફિલ્મોમાં નિર્માતા તરીકે કામ કર્યું છે. રાગિનીએ હનુમાન અંશને થિયેટરોમાં પ્રદર્શિત કરવામાં પણ ભૂમિકા ભજવી હતી. તેણીએ સમજાવ્યું કે, બીજાં અઠવાડિયાંમાં ફિલ્મ દર્શાવતાં થિયેટરોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તે સમયે, તેણી અને વિશાલ ચતુર્વેદીએ ફિલ્મનું પ્રદર્શન ચાલુ રાખવાનું નક્કી કર્યું હતુ. આ ફિલ્મનાં બીજાં નિર્માતા નમ્રતા સિંહ છે, જેમણે ડિજિટલ મીડિયા અને મનોરંજન વ્યવસાયમાં કામ કર્યું છે. જાન્યુઆરી ૨૦૨૩ માં પ્રકાશિત મ્યુઝિક પ્લસ સાથેના એક ઈન્ટરવ્યુ અનુસાર તેઓ સોની કંપની **SETVI** માં ડિજિટલ અને નવી ટેકનોલોજી કામગીરીનાં વડાં હતાં. તેમણે બોલિવૂડ હંગામાને જણાવ્યું કે, ટીમ શરૂઆતમાં આ વાર્તા ત્રણ ફિલ્મોમાં કહેવા માંગતી હતી. તેમના મતે પહેલી ફિલ્મનું શૂટિંગ ૨૨ દિવસથી વધુ ચાલ્યું હતું. બે દિવસ મુંબઈમાં અને બાકીના દિવસો ચિત્રકૂટમાં વિતાવ્યા હતા.

આ ફિલ્મનું સુનીલ લોધીએ ગાયેલું ગીત ઈન્ટરનેટ પર વાયરલ થયું છે. તે બંને આંખોથી અંધ છે. તેમનું ગીત ઈન્ટરનેટ પર વાયરલ થયા પછી ઘણા પ્રખ્યાત રાજકારણીઓ અને કલાકારો તેમને મળ્યાં છે અને તેમના ગીતની પ્રશંસા કરી છે. એક ઈન્ટરવ્યુ મુજબ મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે પણ સુનિલની આંખની સારવાર માટે મદદનું વચન આપ્યું છે. ભક્તિ, સંતોના જીવન અને શ્રદ્ધા પર આધારિત ઘણી ભારતીય ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કર્યું છે, જેમ કે ૨૦૨૪માં રિલીઝ થયેલી ફિલ્મ હનુમાન-મેનએ બોક્સ ઓફિસ પર લગભગ ૩૦૦ કરોડ રૂપિયા મેળવ્યા હતા. આ ઉપરાંત, ૨૦૨૫ માં રિલીઝ થયેલી ફિલ્મ “મહાવતાર નરસિંહ’ એ બોક્સ ઓફિસ ઉપર ૩૨૫ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી.

ધાર્મિક માન્યતાઓ વિશે ઘણી ફિલ્મો છે જે બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં ઉત્તર પ્રદેશ સરકારે નીમ કરોલી બાબા સાથે સંકળાયેલાં સ્થળોને ધાર્મિક પર્યટન માર્ગમાં એકીકૃત કરવાની યોજના રજૂ કરી હતી. પ્રસ્તાવિત સર્કિટમાં ફિરોઝાબાદમાં અકબરપુર, ફરુખાબાદમાં નીમ કરોલી ધામ, લખનૌમાં હનુમાન સેતુ મંદિર અને વૃંદાવનમાં બાબા સાથે સંકળાયેલાં સ્થળોનો સમાવેશ કરાયો છે. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે ‘હનુમાન અંશ’ ફિલ્મની સફળતાએ તેમની સાથે સંકળાયેલાં સ્થળો અને ઈતિહાસમાં નવી રુચિ જગાવી છે.

અકબરપુરમાં બાબાના પૈતૃક ઘર અંગે પણ વિવાદ ઊભો થયો છે. તેમની છ પૌત્રીઓએ જિલ્લા વહીવટીતંત્રમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં એક ટ્રસ્ટ પર મિલકતનું નિયંત્રણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ટ્રસ્ટે આરોપોને નકારી કાઢ્યા છે અને ફિરોઝાબાદના વહીવટીતંત્રે દાવાઓની તપાસ માટે એક સમિતિની રચના કરી છે. હાલમાં તેની તપાસ ચાલી રહી છે. ૧૯૭૩-૭૪માં બાબા નીમ કરોલી મહારાજના અવસાન પછી ભક્તોને તેમની રાખ પર એક નાનું સમાધિ મંદિર બનાવવાનો વિચાર આવ્યો હતો. તે સમયે મહારાજજીની પ્રતિમા સ્થાપિત કરવાની કોઈ યોજના નહોતી. જો કે, પાછળથી તેમની પ્રેરણાથી અને શ્રી સિદ્ધિ માની દેખરેખ હેઠળ સમાધિ કળશ પર એક ભવ્ય મંદિરનું નિર્માણ ૧૯૭૫માં શરૂ થયું. આ મંદિર કોઈ પૂર્વ-આયોજિત યોજના મુજબ બનાવવામાં આવ્યું ન હતું, પરંતુ ધીમે ધીમે તે જાતે જ આકાર પામ્યું. બાંધકામની દેખરેખ રાખવા માટે કોઈ વ્યાવસાયિક આર્કિટેક્ટ નહોતો. શ્રી સિદ્ધિ મા અને જીવનતી મા બે-ત્રણ વખત જયપુર ગયા અને બાબા નીમ કરોલી મહારાજની પ્રતિમાને અંતિમ સ્વરૂપ આપ્યું. અંતે, ૧૯૭૬માં શ્રી માએ નક્કી કર્યું કે મહારાજજીની પ્રતિમા ૧૫ જૂને સ્થાપિત કરવામાં આવશે, કારણ કે બાબાએ કેંચી ધામમાં મુખ્ય ઉત્સવ માટે તે તારીખ પહેલાથી જ પસંદ કરી હતી.

નીમ કરોલી બાબાના કેંચી ધામમાં વધતી ભીડ સાથે મુશ્કેલીઓ પણ વધી રહી છે. કેન્દ્ર સરકાર અહીં માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા માટે પણ નાણાંનું રોકાણ કરી રહી છે. પર્યટન મંત્રાલયના સત્તાવાર દસ્તાવેજોમાં પડકાર-આધારિત ડેસ્ટિનેશન ડેવલપમેન્ટ યોજના હેઠળ કેંચી ધામ કેમ્પસના વિકાસ માટે ૧૭.૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ મંજૂર થયો છે. આ વાત એ પણ દર્શાવે છે કે કેંચી ધામ પ્રત્યેનું આકર્ષણ હવે માત્ર ધાર્મિક કે સાંસ્કૃતિક ઘટના નથી રહી, પરંતુ તે વહીવટ અને પર્યટન આયોજનનો વિષય પણ બની ગયો છે.

**5 દાયકા પહેલાં દુનિયા છોડી ગયેલા સંત નીમ કરોલી બાબા, ઉત્તરાખંડના પહાડોમાં આશ્રમ અને સંતના જીવનની વાતો જાણવા દર્શકોમાં ઉત્કાંઠા જાગી છે. શોભિનવ સત્ય નામના ઓછા જાણીતા અભિનેતાએ બાબાની ભજવેલી ભૂમિકા પણ પ્રશંસનીય રહી**








# “ગણેશા એકાઉન્ટિંગ એન્ડ ટેક્સ સર્વિસીસ ઈન્ક.” તથા “શિવ ફાઈનાન્સિયલ સર્વિસિસ” દ્વારા નવરાત્રી ગરબા નાઈટ 2026નું આયોજન

## જીતેન્દ્ર જોશીના ગૃપ દ્વારા સંગીત સાથે ગરબાની રમઝટ બોલાવાઈ, ગરબાના તાલે ખેલૈયાઓ ઝુમી ઉઠ્યા, આયોજનમાં સહયોગી તમામનો આભાર વ્યક્ત કરાયો

**ઇટોબિકોક**

ગત શનિવાર 26 સપ્ટેમ્બર 2026ના રોજ ગણેશા એકાઉન્ટિંગ એન્ડ ટેક્સ સર્વિસીસ ઇન્ક.” તથા “શિવ ફાઇનાન્સિયલ સર્વિસિસ” દ્વારા શ્રુંગેરી મંદિર હોલ, ઈટોબિકો ખાતે નવરાત્રિ પર્વને સંદર્ભે ભવ્ય ગરબા નાઇટનુ આયોજન જીતેન્દ્ર જોશી ગ્રુપના જીવંત સંગીત અને રમઝટ સાથે થયુ હતું.

કાર્યક્રમની શરૂઆત ગણેશજી અને મા અંબેની આરતીથી થઇ હતી, આરતી પૂરી થયા બાદ ગરબા નાઇટના મુખ્ય આયોજકો જગદીશ સેવક, મનીષા સેવક, રુત્વી સેવક, વિનિત સોની, પ્રિન્સી સેવક, શિવ સેવક, પલક ભટ્ટ, પૌમિલ ભટ્ટ, સમીરભાઇ સોની, ગાયત્રી બેન અને હિમાની સોનીએ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત સર્વે ખેલૈયાઓ, સ્પોન્સર, મુખ્ય અતિથિ, વોલન્ટીયર્સ અને સ્વાદિષ્ટ ફૂડ માટેના આયોજકો નીતિન પટેલ અને નિશાબેન પટેલ બ્રેમ્પટન તથા દેવ યાજ્ઞિક (ઈલાક્ષી ફૂડ), ઈટોબિકોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને જણાવ્યું કે આજરોજ જીટીએમાં ઘણા ગરબાનું આયોજન થયેલ છે. તેમાં આપ સર્વે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં તે બદલ આયોજકો એ દિલથી સ્વાગત કર્યું હતું.






જીતેન્દ્ર જોશી અને તેમના ગ્રુપ દ્વારા ગવાયેલ સુમધુર અને પ્રાચીન-ગરબા થકી સૌ ગરબાના તાલે જુમી ઉઠ્યા સર્વે ખેલૈયાઓ માતાજીના ગરબા મન મૂકીને ગાયા હતા.

બ્રેક સમયમાં ગરબા નાઇટ્સના મુખ્ય આયોજકોએ દરેક સ્પોન્સર્સને સ્ટેજ પર આમંત્રીને તેમનું ટ્રોફી દ્વારા સ્વાગત કર્યું હતું. આ ગરબા નાઇટ્સના ટાઇટલ સ્પોન્સર્સ, ગૌરાંગ નાગર (રીઅલ એસ્ટેટ બ્રોકર) અને પંજાબ ઇન્સ્યોરન્સ ઇન કોર્પોરેટ Vins Patel (વિન્સ પટેલ) (રીયેલેટર) નું સ્પેશિયલ ટ્રોફી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે - લલિત સોની, પ્રજ્ઞેશ પટેલ અને સ્વદેશ ન્યૂઝ પેપર- નીલેશ ટેલરનુ પણ સ્પેશિયલ ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. વિશેષ અતિથિ ડોન પટેલ, (Humans For Harmony) લલિત ઠાકર, કેતનભાઇ પુરોહિત, જાગૃતિબેન ભટ્ટનું પણ પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

સર્વે સ્વયંસેવક મિત્રો રોહિત પટેલ, ક્રિશ પટેલ, સ્નેહલ પટેલ, હેમલ ગાંધી, પ્રફુલ પટેલ, અંકિત પટેલ, રાકેશ પંચાલ, નીતિન પટેલ, મુકેશ પટેલ, હેમંત પંચાલ, કિર્તીભાઈ શાહ, સંજય મિસ્ત્રી, ઘનશ્યામભાઈ પટેલ, જ્યોતીષ સોની, અમિત રાવલ, મયુર પટેલ, ભાર્ગવ પટેલ, રાકેશભાઈ ઠક્કરની ઉમદા સેવા બદલ આભાર વ્યકત કરાયો હતો.

ગણેશા એકાઉન્ટિંગ એન્ડ ટેક્સ સર્વિસીસ ઇન્ક.” તથા “શિવ ફાઇનાન્સિયલ સર્વિસિસ તરફથી કલાયન્ટ મિત્રોના નામ બોલી તેમાના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સ્વાદિષ્ટ ફૂડ માટે નીતિન પટેલ, નિશાબેન પટેલ, દેવ યાજ્ઞિક (ઇલાક્ષી ફૂડ)નો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ અને યાદગાર બનાવવામાં તમામ સ્પોન્સર્સનો વિશેષ આભાર મનાયો હતો. સુંદર ફોટોગ્રાફી માટે ધિરેન પંડ્યા, પ્રિતીબેન, શ્રૃંગેરી મંદિર હોલના મેનેજર રોશનલાલ અને ભવ્ય ગરબા માટે જીતેન્દ્રકુમાર જોષી અને તેમની ટીમનો આભાર વ્યક્ત થયો હતો.



# કેનેડિયન લેખક પર AIની મદદથી પુસ્તક લખવાનો આરોપ : ફ્રાન્સના મોટા પુરસ્કારની રેસમાંથી બહાર

## 2019માં એઆઈ સહિતની સુવિધા નહીં હોવાનો લેખકનો ખુલાસો

પેરિસ : હૈતીના લેખક થેલીસન ઓરેલિયનની કૃતિને ફ્રાન્સના સૌથી મોટા સાહિત્યિક પુરસ્કાર પ્રિક્સ ગોંકુરની રેસમાંથી બહાર કરી દેવામાં આવી છે. ઓરેલિયન પર તેમની કૃતિ ઈટ વોઝ અધર ધેટ ઑર ડાઈ લખવામાં AIની મદદ લેવાનો આરોપ મૂકાયો છે. જો કે, લેખકે આ આરોપનો ઈનકાર કર્યો છે. તેમણે કહ્યું કે, પુસ્તક પર ૨૦૧૭માં કામ શરૂ થયું હતું અને ૨૦૧૯માં તેનો પહેલો ડ્રાફ્ટ તૈયાર કરી લેવામાં આવ્યો હતો. તે સમયે સામાન્ય લોકો માટે AI ઉપલબ્ધ નહોતું. જોકે, ગોંકુર એકેડમી આ વાત સાથે સહમત થઈ નથી. એકેડમીએ કહ્યું કે, રિસર્ચર્સ અને પત્રકારોની તપાસમાં પુસ્તકનો મોટો હિસ્સો AIની મદદથી લખાયો હોવાના સંકેતો મળ્યા છે.

ઓરેલિયનના પુસ્તકને લઈને વિવાદ એક નાના અજ્ઞાત સોશિયલ મીડિયા અકાઉન્ટથી શરૂ થયો હતો. બાદમાં ફ્રાન્સના અખબાર લે ફિગારોના લેખક સેમ્યુઅલ ફિતૂસીએ સ્વીકાર્યું કે તેઓ આ અકાઉન્ટ ચલાવતા હતા. ફિતૂસીએ કહ્યું કે, કેટલાક યુઝર્સે તેમને ઓરેલિયનના પુસ્તકની તપાસ કરવા કહ્યું હતું. ત્યારબાદ તેમણે પુસ્તકની તપાસ પેંગ્રામ નામના AI આધારિત હસ્તલેખન ઓળખવાના ટૂલથી કરી હતી. તેમનું કહેવું હતું કે તેનો હેતુ ઓરેલિયનને નિશાન બનાવવાનો નહોતો. તેઓ લોકોનું ધ્યાન એ તરફ દોરવા માંગતા હતા કે AIનો ઉપયોગ હવે પુસ્તકો લખવામાં પણ થઈ રહ્યો છે.

# રાજકીય પક્ષોને બ્લેક મની ડોનેશન તરીકે આપનારા સામે કાર્યવાહી કરાશે

**ગાંધીનગર**

અમદાવાદ અને વિદ્યાનગરના સરનામા પર રજિસ્ટર્ડ થયેલી ચાર રાજકીય પાર્ટીઓના પ્રમુખ અને મળતિયાઓએ રાજકીય હેતુ માટે નહીં, પરંતુ કાળા નાણાંને સફેદ કરવા માટેના ખેલનો ઈન્કમટેક્સ દ્વારા પર્દાફાશ કરાયો છે. ત્યારે પોલીસ તપાસનો ગાળિયો માત્ર ચાર રાજકીય પક્ષના પ્રમુખ કે અન્ય આરોપીઓ પર જ નહીં પણ કરોડો રૂપિયાના કાળા નાણાંનું ડોનેશન આપનારા લોકો પર પણ કસવામાં આવશે.

સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ ઈન્કમટેક્સ વિભાગ પાસેથી ડોનેશન આપનારાઓની યાદી મેળવીને આ અંગે તપાસ શરૂ કરી છે. જેમાં અન્ય અન્ય રાજ્યોમાંથી પણ ડોનેશનની રકમ આવી હોવાથી અન્ય રાજ્યની પોલીસની મદદ લઈને તપાસ કરવામાં આવશે. 2283 કરોડો રૂપિયાના મહા કૌભાંડની તપાસ માટે સીઆઈડી ક્રાઈમ અને ઈન્કમટેક્સ વિભાગ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરાયો છે. જેમાં વિવિધ રાજકીય પાર્ટીઓને ડોનેશન આપનારાઓને પણ આરોપી બનાવવામાં આવશે. ખાસ કરીને ઈન્કમ ટેક્સ તેમના વિરુદ્ધ ટેક્સ ચોરીની કાર્યવાહી કરશે તો પોલીસ પણ ગુનામાં ધરપકડ કરવા સુધીની કાર્યવાહી કરશે.

# અમદાવાદમાં બનેલો થર્મલ ઈન્ફ્રારેડ કેમેરા ‘તપસ-1’ સ્પેસમાં લોન્ચ કરાશે

**અમદાવાદ**

અમદાવાદના સ્ટાર્ટઅપ દ્વારા સ્વદેશી ટેક્નોલોજી સાથે માત્ર 12 મહિનાના ટૂંકા ગાળામાં તૈયાર કરવામાં આવેલો આ થર્મલ ઈન્ફ્રારેડ કેમેરા પૃથ્વીની સપાટીથી આશરે 500 કિલોમીટરની ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. આ કેમેરા સામાન્ય સેટેલાઈટ કેમેરાની નજરે ન ચડે તેવી ગરમી અને તાપમાનમાં થતી વધઘટની અતિ સૂક્ષ્મ અને હાઈ રિઝોલ્યુશન તસવીરો ઝડપી પાડવામાં સક્ષમ છે. ‘તપસ-1’ આશરે 3 વર્ષ સુધી કાર્યરત રહીને કૃષિ અને તાપમાન ક્ષેત્રને લગતી મહત્વની માહિતી કેપ્ચર કરશે. ખાસ કરીને ખેતીના ક્ષેત્રમાં જમીન અને પાક સંબંધિત થર્મલ માહિતી મેળવવા માટે આ ટેક્નોલોજી ઉપયોગી સાબિત થઈ શકે છે. આ કેમેરાનું વજન માત્ર 3 કિલો છે. આમ છતાં તેની ક્ષમતા અત્યંત સૂક્ષ્મ થર્મલ માહિતી મેળવવાની છે. ‘તપસ-1’ને પૃથ્વીના થર્મોમીટર તરીકે પણ કામ કરી શકે તેવી ટેક્નોલોજી સાથે તૈયાર કરવામાં આવ્યો છે. આ અદ્યતન ટેક્નોલોજી દ્વારા પૃથ્વી પરથી નીકળતાં થર્મલ ઈન્ફ્રારેડ રેડિયેશનને કેપ્ચર કરી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી તેનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી શકાશે.

# કેનેડાની સેનામાં ડ્રોન ખતરા સામે કવચની તૈયારી

## લશ્કરી મથકો અને સુવિધાઓને ડ્રોન હુમલાથી બચાવવા કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ ખરીદવાની કવાયત

**ટોરોન્ટો**

રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગ કેનેડામાં લશ્કરી એકમો માટે ડ્રોન વિરોધી સંરક્ષણ ખરીદવાનું વિચારી રહ્યું છે.

સોમવારે ઓનલાઈન પોસ્ટ કરાયેલી ટૂંકી સૂચનામાં DNDએ જણાવ્યું હતું કે તેમને એવી સિસ્ટમની જરૂર છે, જે કેનેડાભરમાં વિવિધ સ્થળોએ ડ્રોન હુમલાઓથી કર્મચારીઓ, સાધનો અને સુવિધાઓનું રક્ષણ કરી શકે. DND શું ખરીદવા માંગે છે તેની વિગતો ફક્ત લાયક સપ્લાયર્સને જ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. રશિયા દ્વારા યુક્રેન પરનું આક્રમણ ચાલુ હોવાથી નાટોના પૂર્વીય મોરચાને મજબૂત કરવાના પ્રયાસોના ભાગરૂપે કેનેડિયન સશસ્ત્ર દળોએ લાતવિયામાં ‘ઓપરેશન રીસ્યોરન્સ’ના ભાગરૂપે તૈનાત કર્મચારીઓ માટે ડ્રોન સંરક્ષણ મજબૂત કરવામાં વર્ષો અને લાખો ડોલર ખર્ચ્યા છે. 2022માં રશિયાના સંપૂર્ણ પાયે આક્રમણ શરૂ થયા પછી લાતવિયામાં તૈનાતીએ કેનેડિયન અને સાથી દળોને ડ્રોનયુદ્ધની યુક્તિઓના વિકાસ માટે આગળની હરોળનો અનુભવ આપ્યો છે. નોર્મન પેટરસન સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન્સના પ્રોફેસર અને ભૂતપૂર્વ ગુપ્તચર વિશ્લેષક સ્ટેફની કાર્વિનએ જણાવ્યું હતું કે CAF કદાચ કેનેડામાં ભાડે રાખવામાં આવતી પ્રતિકૂળ શક્તિઓ વિશે વધુ ચિંતિત છે. કાર્વિને કેનેડામાં ભાડે રાખવામાં આવેલા બંદૂકધારીઓના તાજેતરના ગાળાનો ઉલ્લેખ કર્યો, જેઓ કથિત રીતે રાષ્ટ્ર-રાજ્યો અથવા તેમના પ્રોક્સીઓના નિર્દેશન હેઠળ કામ કરે છે. “સીમાઓ પાર ઓપરેટિવ્સને છૂપાવીને ચલાવવા ખૂબ જ મુશ્કેલ છે. તેથી મોડેલ ખરેખર ફક્ત સોશિયલ મીડિયા પર લોકોને શોધવા અને તેમને આમાં જોડાવા માટે મનાવવાનું છે. અને તે ફક્ત CAF જ નહીં, પરંતુ RCMP (જે) પાસે કાઉન્ટર-ડ્રોન યુનિટ છે તેનું મુખ્ય ધ્યાન બની રહ્યું છે.




MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.niraj-pancholi.c21.ca

Multiple Awards Winner Since 2011

Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011

Visit my website for new and updated Exclusive and MLS listings




MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M
Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot

COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M
6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business
Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available

GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M
Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.

HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M
In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow

GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M
Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators

HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M
Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator

ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS
1-2 hours from Calgary and Edmonton
Price range: $800,000 to $3,500,000. Call for more info.

Motel Job: Front desk, housekeeping and general work in Ontario
Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location

# એશિયન ગેમ્સ ૨૦૨૬ | ૧૨મા દિવસે ભારતને બે સિલ્વર-ચાર બ્રોન્ઝ મેડલ

## ૧૨મા દિવસના અંતે વધુ ૬ મેડલ સાથે ભારતના કુલ મેડલ ૬૬ થયા, હાલ ભારત મેડલ ટેલીમાં ૮માં સ્થાને

**નાગોયા**

એશિયન ગેમ્સ ૨૦૨૬નો ૧૨મો દિવસ ભારત માટે મિશ્રા રહ્યો હતો. એક બાજુ ભારતની હોકી અને ક્રિકેટ ટીમ પોતપોતાની સેમિફાઈનલ મેચ જીતીને ફાઈનલમાં પ્રવેશ્યું હતું. જ્યારે બીજી તરફ ભારત ગુરુવારે એક પણ ગોલ્ડ મેડલ જીતી ના શક્યું હતું. ૧૨મા દિવસે ભારતે બે સિલ્વર અને ૪ બ્રોન્ઝ સાથે કુલ ૬ મેડલ જીત્યા હતાં. કુસ્તીમાં નિતેશે અને સેલિંગમાં મનુ ફ્રાન્સિસ તેમજ પ્રિન્સની જોડીએ સિલ્વર મેડલ જીત્યો હતો. આર્ચરીમાં મેન્સ ઈન્ડિવિડ્યુઅલ કમ્પાઉન્ડ ઈવેન્ટમાં ગણેશ મણિ રત્નમ તિરુમુરુએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સ્ક્વોશની સેમિફઈનલ મેચોમાં ભારતીય ટીમોને હારનો સામનો કરવો પડયો હતો, પરિણામે તેમને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડયો હતો. વિમેન્સ સ્ક્વોશ ટીમ હોંગકોંગ સામે ૧-૨થી અને મેન્સ ટીમ મલેશિયા સામે ૧-૨થી હારી હતી. વોલીબોલની ક્વાર્ટર ફઈનલમાં ભારતનો પાકિસ્તાન સામે ૦-૩થી પરાજય થયો હતો.

### ગુલવીર સિંહની મેડલની હેટ્રિક, ૫૦૦૦ મીટરમાં બ્રોન્ઝ જીત્યો



ભારતના એથલેટ ગુલવીર સિંહે મેન્સ ૫૦૦૦ મીટર રેસની ફાઈનલમાં ત્રીજું સ્થાન મેળવીને એશિયન ગેમ્સમાં પોતના મેડલ્સની સંખ્યામાં વધુ એકનો ઉમેરો કર્યો છે. રેસ દરમિયાન આગળ રહેનારા ગ્રુપ સાથે જળવાઈ રહેતા ૧૩:૩૨:૭૫નો સમય કાઢયો હતો અને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. બહેરીનના બિરહાનુ બાલેવે ૧૩:૩૦:૭૯ના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે જાપાનના યાગામુટી ટોમોનોરીએ ૧૩:૩૧:૪૩ મિનિટના સમયમાં રેસ પુરી કરીને સિલ્વર મેડલ જીત્યો હતો.

### મહિલાઓની ૪x૪૦૦ મીટર ટીમે એથ્લેટિક્સમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો




એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન યથાવત રહ્યું છે. એથલેટિક્સમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર દેખાવ કરીને દેશ માટે મેડલ જીત્યા હતા. ૪x૪૦૦ મીટર રિલે રેસમાં ભારતીય મહિલા અને પુરુષ ટીમોએ દેશને બે મેડલ અપાવ્યા હતા.



### સ્ક્વોશમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મેન્સ અને વિમેન્સ ટીમને બ્રોન્ઝ

એશિયન ગેમ્સની સ્ક્વોશ સ્પર્ધામાં ભારતની ડિફેન્ડિંગ ચેમ્પિયન મેન્સ ટીમ સેમિફઈનલમાં મલેશિયા સામે ૧-૨થી હારી જતાં તેમને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડયો છે. આ મુકાબલામાં વીર ચોટરાણીની જીત છતાં અભય સિંહ અને સેંથિલકુમારનો પરાજય થયો હતો. બીજી તરફ, ભારતીય વિમેન્સ ટીમ પણ સેમિફઈનલમાં હોંગકોંગ સામે ૧-૨થી હારી ગઈ હતી. સ્ટાર ખેલાડી અનાહત સિંહ ૪ મેચ પોઈન્ટ ગુમાવીને હારી હતી.

### ભારતીય તીરંદાજ ગણેશ મણિ રત્નમે બ્રોન્ઝ મેડલ જીત્યો

જાપાનના આઈચી-નાગોયા ખાતે યોજાઈ રહેલી ૨૦૨૬ એશિયન ગેમ્સમાં ૨૦ વર્ષીય ભારતીય તીરંદાજ ગણેશ મણિ રત્નમે મેન્સ ઇન્ડિવિડ્યુઅલ કમ્પાઉન્ડ ઇવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ જીત્યો છે. બ્રોન્ઝ માટેના પ્લેઓફ્ મુકાબલામાં ગણેશે વિયેતનામના કોંગ ડુક ડાંગને ૧૪૯-૧૪૪ના સ્કોરથી પરાજય આપ્યો હતો.

### નીરુએ ભારતને પહેલો વ્યક્તિગત ગોલ્ડ અપાવ્યો

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતને મંગળવારે પાંચમો અને વ્યક્ગિત કેટેગરીનો પહેલો ગોલ્ડ મેડલ મળ્યો હતો. દિવસની શરૂઆત ભારત માટે સિલ્વર મેડલ સાથે થઈ, જ્યારે થોડા કલાકો પછી દેશને દિવસનો પહેલો અને આ રમતોનો પાંચમો ગોલ્ડ મેડલ મળ્યો. ભારતની મહિલા ટ્રેપ શૂટર નીરુ ઢાંડાએ ઈતિહાસ રચી દીધો છે. નીરુ ઢાંડાએ વુમન્સ વ્યક્તિગત ટ્રેપ ઈવેન્ટમાં એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીત્યો છે. આ રમતોમાં સુવર્ણ ચંદ્રક જીતનારી તે પ્રથમ ભારતીય મહિલા શૂટર બની ગઈ છે. આ સ્પર્ધામાં આ તેમનો બીજો મેડલ છે



### નિતેશે ગ્રીકો-રોમન કુસ્તીમાં ભારતને ૬૪ વર્ષ બાદ સિલ્વર મેડલ અપાવ્યો

એશિયન ગેમ્સમાં ગ્રીકો-રોમન કુસ્તીના ૯૭ કિગ્રા વજન વર્ગમાં હરિયાણાના સોનીપતના નિતેશ સિવાચે સિલ્વર મેડલ જીતીને ૬૪ વર્ષનો મેડલ દુકાળ ખતમ કર્યો છે. અગાઉ ૧૯૬૨ના એશિયાડમાં ગણપત અંદલકરે બ્રોન્ઝ જીત્યો હતો. ફઈનલમાં નિતેશનો જાપાનના યુરી નાકાઝાતો સામે પરાજય થયો હતો.

## શ્રીલંકાને ૧૨૪ રનથી હરાવી ભારત એશિયન ગેમ્સની ફાઈનલમાં પ્રવેશ્યું




નાગોયા । ઈશાન કિશન (૮૦* રન) અને વૈભવ સુર્યવંશીની ઝંઝાવાતી બેટિંગ બાદ બુમરાહ ( બે વિકેટ), અક્ષર ( બે વિકેટ) અને અભિષેક ( બે વિકેટ)ની તરખાટ મચાવતી બોલિંગ જોરે ભારતે એશિયન ગેમ્સની સેમિફાઈનલમાં શ્રીલંકાને ૧૨૪ રનથી નાલેશીભરી હાર આપીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ભારતે ટૉસ હારીને પ્રથમ બેટિંગ કરતા ૧૬૯ સ્કોરબોર્ડ પર નોંધાવ્યા હતાં.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમના ટોપ-૩ બેટ્સમેન શૂન્યના સ્કોર પર આઉટ થયાં હતાં. શ્રીલંકાની ટીમ ૯.૫ ઓવરમાં જ તાસના પત્તાની જેમ વેરવિખેર થઈ જતાં ૪૫ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ટી૨૦ ઈન્ટરનેશનલમાં ભારતની શ્રીલંકા સામે આ બીજી સૌથી મોટી જીત છે. હવે ભારત ૩ ઓક્ટોમ્બરે પાકિસ્તાન સામે ગોલ્ડ મેડલ માટે ફાઈનલ રમશે.

## ભારતની હોકી ટીમે પાક.ને ૪-૩થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો



નાગોયા । એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ હોકી ટીમે સેમિફઈનલમાં કટ્ટર હરીફ્ પાકિસ્તાનને ૪-૩થી હરાવીને સતત બીજી વખત ફઈનલમાં શાનદાર પ્રવેશ કર્યો છે. એક સમયે સ્કોર ૩-૩થી સરભર હતો, પરંતુ મેચ પૂરી થવાની માત્ર ૪૯ સેકન્ડ બાકી હતી ત્યારે યુવા ખેલાડી અભિષેકે નિર્ણાયક મેદાની ગોલ ફટકારીને ભારતને રોમાંચક જીત અપાવી હતી. ભારતે પ્રથમ ક્વાર્ટરથી જ આક્રમક રમત દાખવી પાકિસ્તાન પર ભારે દબાણ સર્જ્યુ હતું. હરમનપ્રીત સિંહે ૫મી અને ૧૩મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવી ભારતને ૨-૦થી આગળ કર્યુ હતું. ત્યારબાદ બીજા ક્વાર્ટરમાં ૨૩મી મિનિટે સુખજીત સિંહે ગોલ કરતા ભારતે ૩-૦ની મજબૂત સરસાઈ મેળવી લીધી હતી. પરંતુ, પાકિસ્તાને શાનદાર વાપસી કરી હતી. ૩૦મી મિનિટે અબુ મહમૂદે પેનલ્ટી કોર્નર પર, ૪૫મી મિનિટે હન્નાન શાહિદે અને ૪૯મી મિનિટે વહીદ રાણાએ મેદાનીગોલ ફટકારીને સ્કોર ૩-૩થી બરાબર કરી દીધો હતો.

## હવેથી ટાઈમ વેસ્ટ કરનાર બેટ્સમેનને પાંચ રનની પેનલ્ટી ફટકારવામાં આવશે



દુબઈ । આઈસીસી દ્વારા ગુરુવારે તમામ ફેર્મેટના પ્લેઈંગ કન્ડિશન્સમાં ફેરફર કરવાની જાહેરાત કરી હતી.આ નવા નિયમોમાં બેટ્સમેનો દ્વારા સમય વેડફ્વા પર પેનલ્ટી, મહિલા ક્રિકેટમાં વપરાતા બોલના સ્ટાન્ડર્ડાઈઝેશન, ફ્લ્ડિંગના નિયમોમાં સ્પષ્ટતા અને ડે-ટાઈમ ટેસ્ટમાં પિન્ક બોલના ઉપયોગ જેવા મહત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ નવા નિયમો ૧ ઓક્ટોબરથી શરૂ થનારી કે ત્યારબાદની તમામ આંતરરાષ્ટ્રીય સિરીઝમાં લાગુ કરી દેવામાં આવ્યા છે. બેટ્સમેનો દ્વારા સમય બગાડવા અંગેના નવા નિયમ મુજબ, જો બેટ્સમેન નિર્ધારિત સમયમાં આગામી બોલ રમવા માટે તૈયાર નહીં થાય, તો તેને પ્રથમ ભૂલ માટે અમ્પાયર દ્વારા ચેતવણી આપવામાં આવશે. બીજી વાર ભૂલ થવા પર અંતિમ ચેતવણી જ્યારે ત્રીજીવાર પાંચ રનની પેનલ્ટી લાગશે.

### વનડેમાં ગિલની સૌથી ઝડપી બેવડી સદી બીજીવાર ૨૦૦ના આંકને પાર કર્યો

ગુવાહાટી : ટીમ ઈન્ડિયાના સુકાની શુભમન ગિલે વિન્ડીઝ સામેની વનડેમાં



અણનમ ૨૨૩ રન ફટકારીને ભારતને આઠ વિકેટે જીત અપાવી હતી. સાથે જ શુભમન ગિલે વનડે ઈન્ટરનેશનલના ઈતિહાસમાં સૌથી ઝડપી બેવડી સદી ફટકારવાનો વિક્રમ પોતાના નામે કર્યો હતો. ગિલે ૧૧૭ બોલમાં પોતાની બેવડી સદી પૂરી કરી હતી. ગિલે પૂર્વ કેપ્ટન રોહિત શર્મા (૧૦૧) સાથે પહેલી વિકેટ માટે ૨૫૫ રનની ભાગીદારી કરીને જીતનો પાયો નાખ્યો હતો.

## ૨૦૨૭ વનડે વર્લ્ડ કપનું શેડયૂલ જાહેર : ૧૪ ટીમો વચ્ચે ૫૭ મેચ




કેપટાઉન । આઈસીસીએ ગુરુવારે ૨૦૨૭ વનડે વર્લ્ડ કપનું શેડયૂલ જાહેર કર્યુ હતું. ૨ ઓક્ટોબરથી ૨૧ નવેમ્બર દરમિયાન દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયામાં રમાનારી આ મેગા ઈવેન્ટમાં ૧૪ ટીમો વચ્ચે કુલ ૫૭ મુકાબલા રમાશે. આ વખતે ટુર્નામેન્ટના ફેર્મેટમાં મોટો ફેરફર કરાયો છે. ટુર્નામેન્ટ ત્રણ તબક્કામાં રમાશે. સૌપ્રથમ રેન્કિંગમાં નીચે રહેલી ત્રણ ટીમો વચ્ચે 'સુપર સિરીઝ' રમાશે, જેમાંથી એક ટીમ આગળ વધશે. ત્યારબાદ ૧૨ ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. બંને ગ્રુપમાંથી ટોપ-૩ અને એક શ્રોષ્ઠ ચોથા ક્રમની ટીમ એમ કુલ ૭ ટીમો 'સુપર-૭' રાઉન્ડમાં પહોંચશે. સુપર-૭માં રમાનારી ૨૧ મેચો બાદ ટોપ-૪ ટીમો સેમિફઈનલ રમશે અને ૨૧ નવેમ્બરે ફઈનલ મુકાબલો ખેલાશે. આખી ટુર્નામેન્ટ ૩ દેશોના કુલ ૧૨ વેન્યૂ પર રમાશે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખવામાં આવ્યા છે.

# સોહરાબુદ્દીન કેસમાં 92 સાક્ષીઓનું ફરી જવું ચિંતાજનકઃ SC

## હાઈપ્રોફાઈલ કેસમાં ગૃહમંત્રી અમિત શાહ, રાજસ્થાનના તત્કાલીન પૂર્વ ગૃહ મંત્રી કટારિયા, પૂર્વ ડીઆઈજી ડી. જી. વણઝારા મુખ્ય આરોપી હતા

**ગાંધીનગર**

સોહરાબુદ્દીન શેખ, કૌસર બી, તુલસીરામ પ્રજાપતિના કથિત ફેક એન્કાઉન્ટર મામલે 21 પોલીસકર્મીઓ સહિત તમામ આરોપીઓને છોડી મુકવાના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે. જેની સુપ્રીમ કોર્ટ દ્વારા સુનાવણી કરવામાં આવશે. આ કેસમાં ટ્રાયલ દરમિયાન 92 જેટલા સાક્ષીઓ ફરી ગયા તે મુદ્દે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીએ મૌખિક રીતે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે 'આ ખરેખર ચિંતાજનક બાબત છે.'

સીબીઆઈના કેસ મુજબ, સોહરાબુદ્દીન, તેની પત્ની કૌસર બી અને તુલસી પ્રજાપતિ હૈદરાબાદથી મહારાષ્ટ્રના સાંગલી તરફ બસમાં



આવી રહ્યા હતા. 22-23મી નવેમ્બર 2005ના રોજ પોલીસ ટીમે તેને કસ્ટડીમાં લઈ લીધા હતા. સોહરાબુદ્દીન 26મી નવેમ્બર 2005ના રોજ અમદાવાદ નજીક માર્યો ગયો હતો, તેનું એન્કાઉન્ટર કરાયું હોવાનો પોલીસે દાવો કર્યો હતો. આ એન્કાઉન્ટરમાં રાજસ્થાન અને ગુજરાતના પોલીસના તત્કાલીન કર્મચારીઓ સામેલ હતા. 3 દિવસ બાદ કૌસર બીનું પણ મોત થયું હતું, ઉદયપુર સેન્ટ્રલ જેલમાં કેદ તુલસી પ્રજાપતિ કે જે મુખ્ય સાક્ષી હતો તે પણ 27મી ડિસેમ્બર 2006ના રોજ માર્યો ગયો હતો.

આ હાઈપ્રોફાઈલ કેસમાં વર્તમાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજસ્થાનના તત્કાલીન પૂર્વ ગૃહ મંત્રી ગુલાબચંદ કટારિયા, ગુજરાત એટીએસના પૂર્વ ડીઆઈજી ડી. જી. વણઝારા, ગુજરાત પોલીસના અન્ય તત્કાલીક અધિકારીઓ પી. સી. પાંડે, ગીતા જોહરી, અભય ચુડાસમા, એન. કે. અમીન, રાજકુમાર પાંડિયન વગેરે આરોપી હતા. જોકે, તમામને સીબીઆઈ કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવી ચૂક્યા છે. હવે આ મામલો બોમ્બે હાઈકોર્ટ બાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી ન્યાયાધીશ વી. મોહનાની બેંચે આ અપીલ પર સીબીઆઈ, તમામ છોડી મુકાયેલા 22 લોકોને નોટિસ પાઠવીને જવાબ માગ્યો છે. આ કેસની ટ્રાયલ સમયે 92 સાક્ષીઓ હતા, જે તમામ બાદમાં ફરી ગયા હતા, જે અંગે ટિપ્પણી કરતા બેંચમાં સામેલ ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીએ કહ્યું હતું કે 'આ તો હોલસેલ વિટનેસ હોસ્ટાઈલ કહેવાય, અમે સાક્ષીઓના નિવેદનોની પણ ચકાસણી કરીશું. ખરેખર ટ્રાયલમાં પારદર્શિતા હતી કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. જો કોઈ ટ્રાયલમાં 92 સાક્ષીઓ ફરી જાય તો તે ખરેખર ગંભીર અને ચિંતાજનક છે.'

# કેનેડાના વર્ક વિઝાના બહાને કાંકરિયાના વેપારી સાથે 20 લાખની ઠગાઈ, આરોપી રશિયા ફરાર

## આરોપી રશિયાના મોસ્કો ભાગી જતાં ફરિયાદ, મંદિરમાં મુલાકાત બાદ મિત્રતા થઈ હતી

**અમદાવાદ**

કાંકરિયા વિસ્તારમાં રહેતા અને હાર્ડવેરનો વેપાર કરતા 30 વર્ષીય અમિત માજીરાણા અને દર્શન પીઠવા વચ્ચે વર્ષ 2020માં પરિચય થયો હતો. ત્યારબાદ નવેમ્બર 2022માં ઓગણજ ખાતે યોજાયેલા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં સેવા દરમિયાન બંને ફરી મળ્યા હતા. આ દરમિયાન દર્શને કેનેડાના વર્ક વિઝા કઢાવી આપવાની ખાતરી આપી હતી. પ્રક્રિયા શરૂ કરવાના નામે આરોપીએ ઓરિજનલ પાસપોર્ટ અને રોકડા 14,800 રૂપિયા લીધા હતા. બાદમાં ફરિયાદીની પત્ની અને બે પુત્રીઓના વિઝા પણ કરાવી આપવાની લાલચ આપી તેના પાસપોર્ટ પણ મેળવી લીધા હતા. વિઝા પ્રોસેસિંગના નામે આરોપી દર્શને નવેમ્બર 2022થી ઓગસ્ટ 2025 દરમિયાન અમિત પાસેથી બેંક એકાઉન્ટ મારફતે 20,34,200 રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ રોકડ અને બેંક ટ્રાન્સફર મળીને કુલ 20,49 લાખ રૂપિયા પડાવી લીધા હતા. લાંબો સમય વીતવા છતાં વિઝા ન મળતાં અમિતે ઉઘરાણી શરૂ કરી હતી, જેના પગલે આરોપીએ પરિવારના અન્ય સભ્યોના પાસપોર્ટ પરત કર્યા હતા પરંતુ ફરિયાદી અમિતનો ઓરિજનલ પાસપોર્ટ પોતાની પાસે જ રાખ્યો હતો. નાણાં કે વિઝા આપવા બાબતે વારંવાર બહાના બતાવ્યા બાદ આરોપી દર્શન પીઠવા ડિસેમ્બર 2025માં રશિયાના મોસ્કો ખાતે ભાગી છૂટ્યો હતો. અંતે અમીતભાઈને પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાની ખાતરી થઈ હતી.

# APK ડાઉનલોડ કરતા ફોન હેક બેંક ખાતામાંથી રૂ.89 ઉપડી ગયા

## સગાની મદદથી સાયબર હેલ્પલાઈનમાં ફરિયાદ નોંધાવી

**અમદાવાદ**

બાપુનગર વિસ્તારમાં રહેતા 63 વર્ષીય કૃષ્ણકાંત ધોંડુરામ ગત 26મી તારીખના રોજ પોતાના મોબાઈલમાં સર્ફિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન અજાણતા જ તેમના ફોનમાં '**iflix-2026.apk cfg-v5**' નામની એક ફાઈલ ડાઉનલોડ થઈ ગઈ હતી. આ **APK** ફાઈલ ઈન્સ્ટોલ કે ડાઉનલોડ થતાંની સાથે જ સાયબર ક્રિમીનલ્સે તેનો મોબાઈલ ફોન હેક કરી લીધો હતો.

મોબાઈલ હેક થઈ ગયા બાદ સાયબર ઠગોએ કૃષ્ણકાંતના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ 89,996 રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. બેંકમાંથી નાણાં કપાવાના મેસેજ આવ્યા બાદ તેમણે તુરંત બેંકમાં જઈ તપાસ કરી હતી.બેંક સ્ટેટમેન્ટ તપાસતાં જાણવા મળ્યું હતું કે આ રકમ બેંક ઓફ ઈન્ડિયા, એક્સિસ બેંક, કેનેરા બેંક અને બિહાર ગ્રામીણ બેંકના જુદા જુદા અજાણ્યા ખાતાઓમાં જમા થઈ છે. પોતાની સાથે મોટી સાયબર ઠગાઈ થઈ હોવાની જાણ થતાં વૃદ્ધે તુરંત પોતાના ભાણેજને સમગ્ર બાબતથી જાણ કરી હતી.

# ફિલ્મમેકર્સ આનંદો, શૂટિંગ માટેની તમામ મંજૂરી હવે એક જ પોર્ટલ પર

**ગાંધીનગર**

ગુજરાતમાં આવેલી જુદી જુદી સાઈટ્સને દેશના અગ્રણી સિનેમેટિક ટુરિઝમ અને ફિલ્મ શૂટિંગ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્થાપિત કરવા માટે રાજ્યના ટુરિઝમ દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરાઈ છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 'સિંગલ વિન્ડો સિનેમેટિક પોર્ટલ'નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલનો ઉદ્દેશ ગુજરાતમાં ફિલ્મ શૂટિંગ માટે જરૂરી પરમિશન પ્રક્રિયાને વધુ સરળ, સુવ્યવસ્થિત અને ફિલ્મમેકર્સ માટે સુવિધાજનક બનાવવાનો છે. જે ગુજરાત પ્રવાસન કમિશનરની વેબસાઈટ મારફત એક્સેસ કરી શકાશે.

આ નવા પોર્ટલ મારફતે ડોક્યુમેન્ટરી, ફીચર ફિલ્મ, એડ ફિલ્મ, વેબ સિરીઝ વગેરેના શૂટિંગ માટે જરૂરી પરમિશન મેળવવાની પ્રક્રિયા એક જ પ્લેટફોર્મ પર પ્રાપ્ય છે.

આ પહેલથી ગુજરાતમાં ફિલ્મ શૂટિંગ કરવા ઈચ્છતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મમેકર્સ, પ્રોડક્શન હાઉસ તથા લાઈન પ્રોડ્યુસર્સ માટે પરમિશન પ્રક્રિયા વધારે સરળ થશે અને એક જ પ્રક્રિયા દ્વારા મોટાભાગની મંજૂરીને તપાસ કર્યા બાદ ગ્રીન સિગ્નલ આપવામાં આવશે.

# પિયર રહેતી પુત્રવધૂએ સાસુ સાથેના સંયુક્ત બેંક લોકરમાંથી 50 લાખના દાગીના ઉપાડી લીધા

## પારિવારિક ઝઘડાને કારણે પુત્રવધૂ બાળકો સાથે પિયર જતી રહી હતી

**અમદાવાદ**

અમદાવાદના વાસણા વિસ્તારમાં પારિવારિક ઝઘડાના કારણે પિયર રહેતી પુત્રવધૂએ પતિ કે સાસુની જાણ બહાર બેંકના જોઈન્ટ લોકરમાંથી સોના-ચાંદી, પ્લેટિનમ અને ડાયમંડના તમામ દાગીના કાઢી લીધા હતા. ત્યારબાદ વાયદો કરવા છતાં દાગીના પાછા ના આપતા અંતે વૃદ્ધ સાસુએ પોતાની જ પુત્રવધૂ સામે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, વાસણા વિસ્તારમાં રહેતા 63 વર્ષીય ફરિયાદી રીટાબહેન શાહના પુત્રએ 2011માં પ્રેમલગ્ન કર્યા હતા. પારિવારિક ઝઘડાઓને કારણે દીકરાની વહુ 2024માં પોતાના બાળકો સાથે પિયર જતી રહી હતી. ફરિયાદીના સ્વર્ગસ્થ પતિએ પંજાબ નેશનલ બેંકની વાસણા શાખામાં લોકર ખોલાવ્યું હતું, જેમાં પાછળથી પુત્ર રુતુલ અને પુત્રવધુ યેશાનું નામ પણ જોઈન્ટ રીતે જોડાયેલું હતું. આ લોકરમાં ફરિયાદી અને તેના પરિવારની જીવનભરની બચતના 50, 85,899 લાખ રૂપિયાના આશરે 348 ગ્રામ સોનાના દાગીના, 925 ગ્રામ ચાંદીના સિક્કા, પ્લેટિનમની ચેઈન અને ડાયમંડના દાગીના મુકવામાં આવ્યા હતા. આ પછી તારીખ એપ્રિલ 2024ના રોજ પુત્રવધુ યેશાએ ફરિયાદી સાસુ કે તેમના પુત્ર રુતુલને જાણ કર્યા વગર બેંકમાં જઈને લોકરમાંથી તમામ દાગીના અને સિક્કા કાઢી લીધા હતા. બેંક તરફથી રુતુલના મોબાઈલ પર મેસેજ આવતા પરિવારને આ ઘટનાની જાણ થઈ હતી. ત્યારબાદ ફરિયાદી અને તેમના પુત્રએ યેશા પાસે દાગીના પરત માંગતા તેણે સાસરીમાં પાછા આવીને બધું પરત કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ આજ સુધી દાગીના પાછા આપ્યા નથી.

# ગુજરાતના 108 જળાશયોમાં 50%થી ઓછું જળસ્તર, સરદાર સરોવરમાં રાહતભરી સ્થિતિ!

અમદાવાદ : ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં જળસ્તર વધીને 99.05 ટકા નોંધાયું છે. સરદાર સરોવરની કુલ ક્ષમતા 9.46 ટ્રિલિયન લિટર છે અને તેની સામે જળસંગ્રહ 9.37 ટ્રિલિયન લિટર નોંધાયો છે. હાલ ગુજરાતના 32 જળાશયો છલોછલ છે જ્યારે 37માં 70થી 100 ટકા, 29માં 50થી 70 ટકા, 36માં 25થી 50 ટકા વચ્ચે જળસ્તર છે,જ્યારે 72 જળાશયોમાં જળસ્તર 25 ટકાથી ઓછું છે. આમ, 108 જળાશય એવા છે, જ્યાં 50 ટકાથી ઓછું જળસ્તર છે. 206 જળાશયોમાં સરેરાશ જળસ્તર 71.86 ટકા છે. જેમાં 48 હાઈ એલર્ટ, 12 એલર્ટ અને 9 વોર્નિંગ હેઠળ છે. રીજિયન પ્રમાણે જોવામાં આવે તો ઉત્તર ગુજરાતમાં 46.69 ટકા, મધ્ય ગુજરાતમાં 72.16 ટકા, દક્ષિણ ગુજરાતમાં 84.97 ટકા, કચ્છમાં 32.61 ટકા, સૌરાષ્ટ્રમાં 51.84 ટકા જળસ્તર છે.

**રેડ સિગ્નલ** હૃદયરોગનું બિહામણું ચિત્ર : નોંધાયેલા દર્દીઓ પૈકી 59 ટકા દર્દી પુરુષો

# ગુજરાતમાં હૃદયરોગના 4 વર્ષમાં 3 લાખથી વધુ કેસ

**અમદાવાદ**

ગુજરાતમાં હૃદયની સમસ્યા ધરાવતા દર્દીઓનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે. વર્ષ 2023થી 2026 દરમિયાન હૃદયની સમસ્યાના કુલ 3.04 લાખ દર્દીઓ નોંધાયા છે, તેમાં 59.51 ટકા પુરુષ-43.22 ટકા મહિલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચાર વર્ષના આ સમયમાં હૃદયની સમસ્યાના 64495 એટલે કે 21.17 ટકા દર્દીઓ 51થી 60ની વયજૂથના હોવાનું સામે આવ્યું છે.

2023થી 2026 દરમિયાન વયજૂથ પ્રમાણે જોવામાં આવે તો 61થી 70ની વયજૂથના 18.68 ટકા, 41થી 50ની વયના 18.20 ટકા, 31થી 40ની વયના



14.04 ટકા, 70થી વધુ વયના 12.72 ટકા, 21થી 30ની વયના 10.15 ટકા દર્દી હોવાનું સામે આવ્યું છે. બાળકો-કિશોરોમાં પણ હૃદયની સમસ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. 2023થી અત્યારસુધી 12225 દર્દીઓ એવા જોવા મળ્યા છે, જેમની ઉંમર 11થી 20 વર્ષ હતી. આ ઉપરાંત કુલ 416 નવજાત દર્દીઓમાં પણ હૃદયની સમસ્યા જોવા મળી છે.

કુલ 3.04 લાખ દર્દીઓમાંથી 1.72 લાખ પુરુષ, 1.31 લાખ મહિલા, 90 ટ્રાન્સજેન્ડરને હૃદયની સમસ્યાને કારણે 108ની મદદ લેવી પડી છે. ગુજરાતમાં નોંધાતા દર્દીઓમાંથી 28 ટકા અમદાવાદમાંથી હોય છે. આ સિવાય સુરતમાંથી 23182, રાજકોટમાંથી 19995, ભાવનગરમાંથી 15999, વડોદરામાંથી 15130, જૂનાગઢમાંથી 11325, જામનગરમાંથી 11099, અમરેલીમાંથી 8419, ગાંધીનગરમાંથી 8367 જ્યારે કચ્છમાંથી 7224 દર્દી નોંધાયા છે. ડાંગમાંથી સૌથી ઓછા 0.61 ટકા દર્દી હોવાનું સામે આવ્યું છે.

# બ્લુ ડ્રમ કેસમાં આરોપીઓ મુસ્કાન અને પ્રેમી સાહિલ દોષિત

## 126 સુનાવણી અને 22 સાક્ષીઓની જુબાની લેવાઈ, બંને દોષિતોને ફાંસીથી ઓછી કોઈ સજા ન મળે : સૌરભના પરિજનોની માંગ

**મેરઠ**

મેરઠના ચર્ચિત વાદળી ડ્રમ કેસ મામલે મેરઠની કોર્ટે આરોપી મુસ્કાન અને સાહિલને દોષિત ઠેરવ્યા છે. તો બીજી તરફ, સજાની તારીખની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે તેવી પણ જાહેરાત કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન બંને આરોપી મુસ્કાન અને સાહિલ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયા હતા. ચુકાદો સંભળાવતા પહેલા જજે મુસ્કાનને પૂછ્યું- 'આજે ચુકાદાનો દિવસ આવી ગયો છે. મુસ્કાન શું લાગે છે? અમારે જે કરવાનું હતું તે કરી દીધું. આજે સજા નથી સંભળાવવાની, શું લાગે છે?' વધુમાં, જજે કહ્યું કે ગુનો સમાજમાં ડરનો માહોલ બનાવે છે. તેમણે મુસ્કાનને કહ્યું કે સજા શું આપવી તે તમે જણાવશો.

સૌરભ રાજપૂત હત્યા કેસના આરોપી મુસ્કાન અને સાહિલની ધરપકડ બાદ કોર્ટમાં 126 વખત સુનાવણી થઈ. 22 લોકો આ હત્યાકેસના સાક્ષી બન્યા અને લગભગ 19 મહિનાના લાંબા ટ્રાયલ બાદ બંનેને દોષિત ઠેરવવામાં આવ્યા છે.



સૌરભ રાજપૂતના પરિવારને રાહ છે કે મુસ્કાન અને સાહિલને તેમના કર્યાની સજા વહેલી તકે મળે. આ દરમિયાન કોર્ટે હજુ સજાની તારીખની જાહેરાત કરી નથી. જોકે, સૌરભના પરિજનોની માંગ છે કે બંને દોષિતોને ફાંસીથી ઓછી કોઈ સજા ન મળે. જો ફાંસી નહીં થાય તો તેઓ સુપ્રીમ કોર્ટ સુધી ન્યાય માટે લડાઈ લડશે. મૃતક સૌરભ રાજપૂતના ભાઈ રાહુલે કહ્યું હતું કે તેઓ શરૂઆતથી જ એવી આશા રાખી રહ્યા છે કે તેમને ન્યાય મળશે. પરિવારે શરૂઆતથી એક જ માંગ રાખી છે કે મુસ્કાન અને સાહિલે તેમના ભાઈ સૌરભ સાથે જે કર્યું, તેવું જ તેમની સાથે પણ થાય.

જણાવી દઈએ કે 3-4 માર્ચ 2025ના રોજ સૌરભ ભારદ્વાજની હત્યા કરવામાં આવી હતી. સૌરભ મર્ચન્ટ નેવીમાં કામ કરતા હતા અને પછી વિદેશમાં કામ કરવા ગયા હતા. અહીં ભારતમાં તેમની પત્ની મુસ્કાનને સાહિલ નામના છોકરા સાથે પ્રેમ થઈ ગયો અને બંનેએ સૌરભને રસ્તામાંથી હટાવવાનું પ્લાનિંગ કરી લીધું. સૌરભ જ્યારે ભારત આવ્યા ત્યારે થોડા દિવસ પોતાના પરિવાર સાથે રહ્યા. બાદમાં સાહિલ અને મુસ્કાને ઊંઘની દવા ખવડાવીને સૌરભની હત્યા કરી દીધી અને થોડા દિવસ પછી સૌરભનો મૃતદેહ વાદળી ડ્રમમાંથી મળ્યો.

સૌરભ રાજપૂતના મર્ડરને ફેબ્રુઆરીથી માર્ચ 2025 વચ્ચે અંજામ આપવામાં આવ્યો હતો. સૌરભ અને મુસ્કાનના લવ મેરેજ થયા હતા. બંનેને એક પુત્રી હતી.

# ટ્વિશા શર્મા કેસ : ગિરીબાલા સિંહ સામે દહેજ હત્યાની કલમ હટાવાઈ

## હવે 8 ઓક્ટોબરે જામીન અરજી પર સુનાવણી થશે

**ભોપાલ**

ભોપાલની અભિનેત્રી અને મોડેલ ટ્વિશા શર્માના શંકાસ્પદ સંજોગોમાં થયેલા મોતના કેસમાં તેની સાસુ અને પૂર્વ જજ ગિરીબાલા સિંહની જામીન અરજી પર બુધવારે મધ્ય પ્રદેશ હાઈકોર્ટની જબલપુર બેંચમાં સુનાવણી થઈ હતી. જસ્ટિસ અજય કુમાર નિરંકારીની સિંગલ બેંચે આ મામલે સુનાવણી કરી હતી. હાલ ગિરીબાલા સિંહને જામીન પર કોઈ રાહત મળી નથી. જોકે, સુનાવણી દરમિયાન કેસની કલમોમાં થયેલા ફેરફાર અંગે મહત્વની વાત સામે આવી છે.

ગિરીબાલા સિંહની જામીન અરજી પહેલા દાખલ કરવામાં આવી હતી, ત્યારે તેમાં દહેજ મૃત્યુનો આરોપ પણ સામેલ હતો. હવે CBI ની તપાસ બાદ દહેજ મૃત્યુ સંબંધિત આરોપ હટી ગયો છે. હાઈકોર્ટે આ ફેરફારના આધારે જામીન અરજીમાં જરૂરી સુધારો કરવાનો નિર્દેશ આપ્યો છે. હવે સુધારેલી જામીન અરજી દાખલ થયા બાદ 8 ઓક્ટોબરે બપોરે 2:30 વાગ્યે આના પર આગળની સુનાવણી થશે.

# મુઝફ્ફરનગરમાં પત્નીના પ્રેમમાં પતિ બન્યો કાંટો, રૂ.10 લાખ આપીને ગોળી મારી હત્યા

## અંબરપુર જંગલમાં 52 વર્ષીય ખેડૂતની હત્યા, 60 કલાકમાં 4 આરોપીની ધરપકડ

**મુઝફ્ફરનગર**

મુઝફ્ફરનગરના રતનપુરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં 27 સપ્ટેમ્બરે ખેડૂત પ્રવીણ ઉર્ફે પરવિંદરની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આશરે 50-52 વર્ષીય પ્રવીણનો મૃતદેહ અંબરપુરના જંગલમાંથી મળ્યો હતો. પોસ્ટમોર્ટમ અને પંચનામામાં 2 ગોળી વાગ્યાની પુષ્ટિ થઈ હતી. ઘટનાથી ચકચાર મચતા પોલીસે અનેક ટીમો બનાવી હતી અને દાવા મુજબ 60 કલાકમાં સમગ્ર ષડયંત્રનો ખુલાસો કર્યો હતો.

તપાસમાં સૌથી ચોંકાવનારી બાબત સામે આવી કે પત્ની રેખા પણ ષડયંત્રમાં સામેલ હતી. પોલીસ મુજબ રેખાનો વિકાસ નામના યુવક સાથે પ્રેમસંબંધ હતો. વિકાસ પરિવારનો પરિચિત હતો અને ઘરે આવતો-જતો હતો. શરૂઆતમાં પ્રવીણ સાથે મિત્રતા હતી, બાદમાં રેખા સાથે નિકટતા વધી હતી. પૂછપરછમાં બંનેએ 2018-19થી સંબંધ હોવાનું સ્વીકાર્યું હતું. બંને લગ્ન કરવા માંગતા હતા અને પ્રવીણે વિરોધ કરતા તેને રસ્તામાંથી હટાવવાનું નક્કી કરાયું હતું.

રેખાએ જમીન વેચી 10 લાખ એકત્ર કરી હત્યા કરાવવાની વાત કરી હતી. વિકાસે રાજા ઉર્ફે કાળા અને કલ્યાણ સિંહનો સંપર્ક કર્યો હતો. રાજાના પ્રવીણ પાસેથી 1.50 લાખ લેવાના હતા અને તે માંગણી કરતો હતો. વિકાસે બંનેને 3-3 લાખની લાલચ આપી હતી. 27 સપ્ટેમ્બરે પ્રવીણને જંગલમાં બોલાવી રાજા અને કલ્યાણે એક-એક ગોળી મારી હતી, જેની કબૂલાત થઈ છે. આરોપીઓ ફરાર થયા હતા, પોલીસે મૃતદેહ કબજે કરી તપાસ હાથ ધરી છે.

# નાગપુરમાં ડિલિવરી બોયના વેશમાં લૂંટનો પ્રયાસ બાળકીની બૂમથી ખેલ ખુલ્યો, લૂંટારુનું આખરે મોત

## મોડર્ન મિલ સોસાયટીમાં મહિલાને ચાકુ બતાવી ચેન લૂંટનો પ્રયાસ, સાથી ફરાર

**નાગપુર**

નાગપુર શહેરમાં ફૂડ ડિલિવરી એજન્ટનો ડ્રેસ પહેરી ઘરમાં ઘૂસી લૂંટનો પ્રયાસ કરવાની ઘટના સામે આવી છે. બેલતરોડી વિસ્તારની મોડર્ન મિલ સોસાયટીમાં મંગળવારે સાંજે 4:30 વાગ્યે 2 યુવકો બાઈક પર પહોંચ્યા હતા. બંનેએ ડિલિવરી જેવી ટી-શર્ટ પહેરી હતી અને પાર્સલ આપવાના બહાને દરવાજો ખોલાવ્યો હતો.

દરવાજો ખુલતા જ 28 વર્ષીય સુમિત રાજેન્દ્ર ગજભિયે અંદર ઘૂસી ગયો, જ્યારે સાથી દીપક પાટીલ બહાર ઊભો રહી નજર રાખતો હતો. અંદર પ્રવેશ્યા બાદ સુમિતે 61 વર્ષીય ઉષા દેવીદાસ ધાર્મિકના ગળા પર ચાકુ રાખી સોનાની ચેન છીનવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ઘરમાં હાજર બાળકીએ બૂમો પાડી પાડોશીઓને બોલાવી લાવતા ખેલ ખુલી ગયો હતો. લોકોને આવતા જોઈ બહાર ઊભેલો દીપક ફરાર થઈ ગયો હતો, જ્યારે અંદર રહેલા સુમિતને પાડોશીઓએ પકડી લીધો હતો. પોલીસ પહોંચે તે પહેલાં આરોપી સાથે મારપીટ થઈ હોવાનું કહેવાય છે અને વિસ્તારમાં અફરાતફરી સર્જાઈ હતી. તપાસમાં સુમિત પાસેથી જોમેટોની 2 અને સ્વિગીની 2 ટી-શર્ટ મળી છે. પોલીસ તપાસી રહી છે કે કપડાંનો ઉપયોગ ઓળખ છુપાવવા અને વિશ્વાસ જીતવા માટે થયો હતો કે પાછળ કોઈ ગેંગ સક્રિય છે. બેલતરોડી પોલીસે આરોપીને હોસ્પિટલ મોકલ્યો હતો, પરંતુ રસ્તામાં જ તેનું મોત થયું હતું. મોતનું કારણ મારપીટ હોવાની આશંકા છે, જે પોસ્ટમોર્ટમ બાદ સ્પષ્ટ થશે.

# સાધુના રહસ્યમય મોત બાદ પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં ડ્રેસકોડ ચેન્જ

## શિષ્યો માટે સફેદ વસ્ત્રો પહેરવા અંગે કડક નિયમો બન્યા

**વૃંદાવન**

વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજના શ્રી હિત રાધા કેલી કુંજ આશ્રમના દીપક લોધી ઉર્ફે રસિક શરણ દુલારીએ ૨૫ સપ્ટેમ્બરે ગુરુ કૃપા કુંજ આશ્રમના ચોથા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં શરીર પર ગંભીર ઈજાના નિશાન મળતાં અનેક સવાલો ઊભા થયા છે. વિવાદ વધતા આશ્રમ પ્રશાસને સોશિયલ મીડિયા પર સત્તાવાર સૂચના જાહેર કરી શિષ્યોના ડ્રેસકોડના નિયમોમાં તાત્કાલિક અસરથી ફેરફાર કર્યા છે. હવે ગૃહસ્થ જીવન જીવતા કે વેપાર-ધંધો કરતા શિષ્યોએ સફેદ વસ્ત્રોના બદલે સામાન્ય કપડાં અથવા કુર્તા-પાયજામા જ પહેરવાના રહેશે. કેલી કુંજની સેવામાં જોડાયેલા ગૃહસ્થો માટે પણ કુર્તા-પાયજામા ફરજિયાત બનાવાયા છે. હવેથી માત્ર મહારાજજીની અંગત સેવામાં કે મુખ્ય કાર્યોમાં જોડાયેલા સભ્યોને જ સફેદ વસ્ત્રો પહેરવાની મંજૂરી મળશે. આશ્રમના આ કડક નિર્ણયનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. જોકે સમગ્ર ઘટના અંગે આશ્રમમાંથી કોઈ જવાબદાર વ્યક્તિ કેમેરા સામે નિવેદન આપવા તૈયાર નથી.

**સ્વદેશી તાકાત** વાયુસેનાની શક્તિ વધારવા આધુનિક અને સ્માર્ટ હથિયારોની ખરીદીને મંજૂરી

# ભારતનું સંરક્ષણ ઉત્પાદન 1.8 લાખ કરોડની વિક્રમી સપાટીએ, વાયુસેના 810 કરોડના હથિયારો ખરીદશે

**નવી દિલ્હી**

સંરક્ષણ મંત્રાલયે બુધવારે દિલ્હીમાં ભારત ડાયનામિક્સ લિમિટેડ સાથે એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે. આ અંતર્ગત ભારતીય વાયુસેના માટે ૧૯૦ સેટેલાઈટ સ્માર્ટ એન્ટી એરફીલ્ડ વેપન્સ અને અન્ય ઉપકરણોની ખરીદી કરવામાં આવશે. આ ખરીદી પાછળ અંદાજિત ૮૧૦.૭૯ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

ડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવેલ આ એર-ટુ-ગ્રાઉન્ડ પ્રિસિજન ગાઈડેડ બોમ્બને



જગુઆર, હોક અને સુ-૩૦ એમકેઆઈ જેવા વિમાનોમાંથી લોન્ચ કરી શકાય છે. આ હથિયારમાં મેજરમેન્ટ યુનિટ, લોન્ગ ઈફેક્ટ ડીલે ફ્યૂઝ અને ટ્વિન સ્ટોર કેરિયર સહિત ૬૦ ટકા સ્વદેશી સામગ્રી સામેલ કરવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઘરેલુ સંરક્ષણ ઉત્પાદન ગયા વર્ષની સરખામણીમાં ૧૫.૬ ટકાના વધારા સાથે રેકોર્ડ ૧.૮ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. જે વર્ષ ૨૦૨૧થી ૧૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. આ સાથે સંરક્ષણ નિકાસ ૬૩ ટકા વધીને ૩૮,૦૦૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. ભારત અમેરિકા, ફ્રાન્સ અને આર્મેનિયા જેવા મુખ્ય ખરીદદારો સહિત કુલ ૮૦થી વધુ દેશોમાં યુદ્ધમાં ઉપયોગી હથિયારો સહિતની સામગ્રીની નિકાસ કરી રહ્યું છે.

# મને અને CJPને દેશદ્રોહના કેસમાં ફસાવવાની તૈયારી...', સૌરભ દાસનો ગંભીર આરોપ

**નવી દિલ્હી**

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સહ સંયોજક સૌરભ દાસે ગંભીર આરોપ લગાવ્યો છે કે તેમને અને પાર્ટીના અન્ય નેતાઓને કાવતરા હેઠળ ફસાવવાની તૈયારી ચાલી રહી છે. દાસના જણાવ્યા અનુસાર, તેમને વિશ્વસનીય સૂત્રો દ્વારા માહિતી મળી છે કે દિલ્હી પોલીસ કોઈપણ ભોગે તેમને દેશદ્રોહી સાબિત કરવાનો પ્રયાસ કરી રહી છે અને આ માટે આધાર પુરાવા વગરની બાબતો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડીપફેક તેમજ બનાવટી ચેટ્સનો સહારો લેવામાં આવી શકે છે. તેમણે જણાવ્યું કે જનતાના ટેક્સના નાણાંનો ઉપયોગ કરીને આ પ્રકારની કાલ્પનિક કહાનીઓ રચવામાં આવી રહી છે, જે અત્યંત ખર્ચાળ સાબિત થઈ શકે છે.

### હેમંત સોરેનને ઝટકો, 8.86 એકર જમીન કેસમાં PMLA કોર્ટે આરોપ નક્કી કર્યા

# બડગાઈ અંચલમાં જમીન ઉપર ગેરકાયદે કબજો અને ટ્રાન્સફર અંગે મની લોન્ડરિંગનો કેસ દાખલ

**રાંચી**



ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને મોટો ઝટકો લાગ્યો છે. રાંચીની સ્પેશિયલ PMLA કોર્ટે બુધવારે સોરેન વિરુદ્ધ 8.86 એકર જમીનના કથિત છેતરપિંડીના કેસમાં આરોપ નક્કી કર્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ રાજધાનીના બડગાઈ અંચલમાં જમીનના ગેરકાયદે કબજા અને ટ્રાન્સફર અંગે મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે. વકીલ સંજીવ સહાયે કહ્યું કે સ્પેશિયલ PMLA કોર્ટે મુખ્યમંત્રી વિરુદ્ધ આરોપ નક્કી કર્યા છે. સોરેન વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિશેષ ન્યાયાધીશ યોગેશ કુમારની કોર્ટમાં હાજર થયા હતા. તેમની વિરુદ્ધ PMLAની કલમ 3 હેઠળ આરોપ નક્કી કરવામાં આવ્યા છે. આ પહેલાં સોરેનને ત્યારે ઝટકો લાગ્યો જ્યારે ઝારખંડ હાઈકોર્ટે બુધવારે સ્પેશિયલ કોર્ટ દ્વારા આરોપ નક્કી કરવાની પ્રક્રિયા પર રોક લગાવવાનો ઇનકાર કર્યો હતો. સોરેને PMLA કોર્ટમાં આરોપ નક્કી કરવાની કાયદેસરતાને પડકારતા હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. 29 સપ્ટેમ્બરે આંશિક સુનાવણી થઈ હતી. મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એમ.એસ. સોનાક અને જસ્ટિસ મનોજ પ્રસાદની કોર્ટે બુધવારે બપોરે 2:15 વાગ્યે વિગતવાર સુનાવણી નક્કી કરી હતી. 24 સપ્ટેમ્બરની સુનાવણીમાં સીએમના વકીલે ED પાસે રહેલા ન વપરાયેલા દસ્તાવેજોની પુષ્ટિ કરવા સમય માંગ્યો હતો, તેથી 30 સપ્ટેમ્બર નક્કી થઈ હતી. દરમિયાન સોરેને હાઈકોર્ટમાં પોતાની વિરુદ્ધ આરોપની કાયદેસરતાને પડકારતી અરજી દાખલ કરી હતી.

## 4 સમુદાય નિશાના પર, મતચોરી સામે રોષ છતાં ષડયંત્ર ચાલુ : રાહુલના ભાજપ-ECને સવાલ

**લખનઉ**

મતદાર યાદીમાંથી નામો રદ કરવા અને મતોની ચોરીના મુદ્દે રાજકારણ ગરમાયું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર મત ચોરી અને ચૂંટણી પંચ પર મનમાનીનો આરોપ મૂક્યો છે.

તેમણે કહ્યું દેશ મત ચોરી વિરુદ્ધ ગુસ્સાની આગમાં સળગે છે છતાં ભાજપ અને ચૂંટણી પંચ ખુલ્લેઆમ મનમાની કરી રહ્યા છે. કર્ણાટકના બેલગાવીનું ઉદાહરણ આપતા કહ્યું એક ઝાટકે 15 હજાર મતદારોના નામ ભૂંસવાનું ષડયંત્ર હતું. 22, 23 અને 24 સપ્ટેમ્બરે ત્રણ દિવસમાં ફોર્મ 7નું પૂર આવ્યું હતું. આ ષડયંત્રના નિશાને મુસ્લિમ, SC, ST અને OBC મતદારો હતા કારણ કે તેઓ ભાજપ વિરુદ્ધ મતદાન કરે છે.

## દિશા કેસમાં આદિત્ય ઠાકરેએ 500 કરોડની નોટિસનો જવાબ આપ્યો

### વકીલે આરોપો તથ્યહીન ગણાવ્યા, નિષ્પક્ષ તપાસની માંગ કરી

**મુંબઈ**

દિશા સાલિયાન મૃત્યુ કેસમાં સતીશ સાલિયાન તરફથી મોકલાયેલી 500 કરોડની માનહાનિની નોટિસનો શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરેએ 26 પાનામાં જવાબ આપ્યો છે. તેમના વકીલ અંશુમન સિન્હાએ નોટિસના આરોપોને તથ્યહીન અને કાનૂની રીતે ટકી ન શકે તેવા ગણાવ્યા છે. દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના પૂર્વ મેનેજર દિશા સાલિયાનના મૃત્યુને લઈને આદિત્ય ઠાકરે પર આરોપો લાગ્યા હતા. તેમણે 16 સપ્ટેમ્બરે X પર તેને ચરિત્રહનનનો પ્રયાસ ગણાવી દિશા સાથે કોઈ સંબંધ ન હોવાનું કહ્યું હતું. ત્યારબાદ 17 સપ્ટેમ્બરે સતીશ સાલિયાને વાંધાજનક પોસ્ટ બદલ માફી અને વળતર માંગતી નોટિસ મોકલી હતી, જે બાંદ્રા સ્થિત માતોશ્રીમાં સોંપાઈ હતી. પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખને પણ નોટિસ મોકલાઈ હતી. જવાબમાં સ્પષ્ટ કરાયું કે ન સ્વીકારેલી બાબતો સ્વીકૃત ન ગણવી અને નિષ્પક્ષ તપાસની માંગ દોહરાવાઈ છે. આ મામલે રાજકીય ઘમાસાણ વચ્ચે કાયદાકીય લડાઈ વધુ તીવ્ર બની છે.

## રશિયામાં ભારતીયો માટે સરકારની સલાહ સશસ્ત્ર દળોમાં ભરતીથી દૂર રહેવા અપીલ

### અપ્રમાણિત વ્યક્તિઓ તરફથી મળતી નોકરીની કોઈપણ ઓફરથી લલચાઈ ન જવા સલાહ

**નવી દિલ્હી**

નવી દિલ્હીમાં રશિયામાં મુસાફરી કરતા અને રોજગારીની તકો શોધતા ભારતીય નાગરિકો માટે સરકારે મહત્વપૂર્ણ સલાહ જાહેર કરી છે. રશિયન સશસ્ત્ર દળોમાં ભારતીય નાગરિકોની ભરતી થઈ રહી હોવાના અહેવાલો વચ્ચે સરકારે ફરી એકવાર લોકોને આવા જોખમી માર્ગથી દૂર રહેવા જણાવ્યું છે. ભારતીયોને વિદેશમાં રોજગારી શોધતી વખતે સાવચેતી રાખવા અને અપ્રમાણિત વ્યક્તિઓ તરફથી મળતી નોકરીની કોઈપણ ઓફરથી લલચાઈ ન જવા સલાહ આપી છે. સરકારના જણાવ્યા અનુસાર એવા અનેક કિસ્સા સામે આવ્યા છે જેમાં કેટલાક લોકો સ્વેચ્છાએ રશિયન સશસ્ત્ર દળોમાં જોડાવાની તકો શોધી રહ્યા છે. તેઓ આર્થિક લાભ મળવાની આશાએ અને બાદમાં સરકારનો સંપર્ક કરી સુરક્ષિત રીતે પરત ફરી શકાશે તેવી માન્યતા સાથે આવું કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. સરકારે કર્યું છે કે આ એક જોખમી માર્ગ છે અને ભારતીય નાગરિકોને તેનાથી દૂર રહેવાની ભારપૂર્વક સલાહ આપવામાં આવે છે. સરકારના ધ્યાનમાં એવા કિસ્સા પણ આવ્યા છે જેમાં કેટલાક લોકોએ સ્વેચ્છાએ ભારતીય નાગરિકતા છોડી રશિયન પાસપોર્ટ મેળવ્યો અને ત્યારબાદ રશિયન સશસ્ત્ર દળોમાં ભરતી થવાનો પ્રયાસ કર્યો છે. કેટલાકે કામચલાઉ આર્થિક લાભની લાલચમાં ભારતીય સત્તાવાળાઓની સલાહ લીધા વિના આવા ગંભીર પગલાં લીધા હોવાનું જણાવાયું છે.




ચોમાસામાં વાળ ભીંજાઈ જાય ત્યારે મહિલાઓ બેચેન થઈ જતી હોય છે. તેમને એમ લાગે છે કે તેમનો લુક સાવ બગડી ગયેલો લાગશે. ઓફિસ જતી માનુનીઓના કેશ રસ્તામાં ભીંજાય ત્યારે તેમને સહેજે એમ લાગે કે ઓફિસમાં એવું લાગશે જાણે હું હમણાં જ સ્નાન કરીને બહાર આવી છું. પરંતુ સૌંદર્ય નિષ્ણાતો કહે છે કે આવું વિચારવાની જરૂર નથી.આનું કારણ જણાવતાં તેઓ કહે છે કે હમણાં વેટ હેર લુકની ફેશન ચાલી રહી છે. ચોમાસું બેઠું તેનાથી પહેલા જ આવેલા આંતરરાષ્ટ્રીય ફેશન શોઝમાં સેલિબ્રિટી પામેલાઓએ વેટ હેર લુકમાં રેડ કાર્પેટ પર વૉક કર્યું હતું. આવી સ્થિતિમાં જો તમારા વાળ વરસાદમાં ભીંજાઈ જાય તો લઘુતાગ્રંથિ શા માટે અનુભવવી?તેઓ વધુમાં કહે છે કે ખરેખર તો જેમને ઓફ સીઝનમાં આવી હેરસ્ટાઈલ કરતાં સંકોચ થતો હોય તેમણે વરસાદની ઋતુમાં આવી હેરસ્ટાઈલ કરવાની તક ઝડપી લેવી જોઈએ.

વર્ષા ઋતુનું આગમન થયું તેનાથી પહેલા જ કઈ કઈ સેલિબ્રિટી મહિલાઓએ વેટ હેર લુક પસંદ કર્યો હતો તેના વિશે જાણકારી આપતાં તેઓ કહે છે કે કિમ કાર્દેશિયન, મેઘન ફોક્સ જેવી હોલીવૂડ સેલિબ્રિટીઓ ઉપરાંત અલાયા એફ, જાન્હ્વી કપૂર, સની લીઓની, નોરા ફતેહી,અનન્યા પાંડે,જેકલી ફર્નાન્ડીસ,કૃતિ સેનન જેવી ઘણી અદાકારાઓએ વેટ હેર લુક પસંદ કર્યો હતો.આ અભિનેત્રીઓમાંની કેટલીકે લાલ જાજમ પર તો કોઈકે બીચ પર(ખાસ કરીને માલદિવ્ઝ ખાતે), કોઈકે ઈવનિંગ પાર્ટીમાં વેટ હેર લુક પસંદ કર્યો હતો.

હેરસ્ટાઈલિસ્ટો કહે છે કે વેટ હેર લુક માટે ઝાઝી મહેનત નથી કરવી પડતી. તમે પાર્ટીમાં ન જવાના હો તોય માત્ર સ્ટાઈલિશ દેખાવા માટે વાળ ભીના હોય એવો દેખાવ ઊભો કરી શકો. વળી આ સ્ટાઈલ ચોમાસામાં બંધ બેસતી ગણાય. વેટ હેર લુક માટે શું કરવું તેના વિશે જાણકારી આપતાં તેઓ કહે છે કે વાળ ધોયા પછી તેને હવામાં જ સુકાવા દો. જો ઝાઝો સમય ન હોય તો બ્લો ડ્રાય પણ કરી શકાય. પરંતુ કેશ સાવ કોરા ન કરી નાખવા. તેમાં હળવી ભીનાશ હોય ત્યારે તેના પર હેર જેલ લગાવવાથી તે વાળ પર બરાબર ચોંટી જાય છે.તમે ચાહો તો નૉન-સ્ટીકી,હાઈ શાઈન હેરજેલનો ઉપયોગ કરી શકો. આ જેલ લાંબા સમય સુધી વાળ પર ટકી રહે છે. હા, જેલ લગાવવામાં કંજૂસી ન કરવી. જો તેનું પ્રમાણ ઓછું હશે તો વાળ સારી રીતે ભીના થયાં હોય એવા નહીં દેખાય. જેલને વાળના મૂળથી લગાવવાનું શરૂ કરો અને મધ્ય ભાગ સુધી લગાવો. વધારે પ્રમાણમાં જેલ લગાવવાથી વાળ વધુ ભીના દેખાશે. તેઓ વધુમાં કહે છે કે જેલ લગાવી લીધા પછી વાળને મોટા દાંતાવાળા કાંસકા કે પછી મોટા બ્રશ વડે હળવે હાથે ઓળો. ઉપરથી કરીને નીચેની તરફ ધીમે ધીમે ઓળવાથી વાળમાં જેલ પણ સારી રીતે ફેલાશે.

આટલું કર્યા પછી વાળને ચમક આપવા ગ્લૉસિંગ સ્પ્રેનો ઉપયોગ કરો. તેનાથી વાળમાં ચમક આવે પછી તે જાળવી રાખવા હેર સ્પ્રેનો ઉપયોગ કરો. સામાન્ય રીતે પણ વાળ વિંખાઈ ન જાય એટલા માટે આપણે હેર સ્પ્રેનો ઉપયોગ કરતાં જ હોઈએ છીએ. તેથી વેટ હેર લુક જાળવી રાખવા પણ તે છાંટો.

વેટ હેર લુકમાં કેવી હેરસ્ટાઈલ કરવી તેના વિશે માહિતી આપતાં હેરસ્ટાઈલિસ્ટો કહે છે કે તમે ચાહો તો વચ્ચે સેંથો પાડો કે પછી સાઈડ પાર્ટિંગ કરો. માનુનીઓ મોટાભાગે પોતાના ચહેરા પર શોભે એ રીતે વચ્ચે કે એક બાજુએ સેંથો પાડતી હોય છે. તેથી તમારી પસંદ અને ચહેરાના આકાર પર શોભે એ રીતે પાર્ટિશન પાડો. જો તમારા વાળ લાંબા હોયતો તમે અંબોડો લઈ શકો.જો કેશ બહુ લાંબા ન હોય તો પોનીટેલ લો કે પછી વાળ ખુલ્લા રાખો. ખુલ્લા વાળમાં બીડેડ હેરબેન્ડ, મેટાલિક પીન્સ સરસ લાગશે.

આ હેરસ્ટાઈલ સાથે કેવા પોશાક વધુ સારા લાગશે તેના વિશે તેઓ કહે છે કે તેની સાથે વન શૉલ્ડર ડ્રેસ,ઓફ્ફ શૉલ્ડર ડ્રેસ, પેન્ટ સુટ સુંદર લાગે છે.





# બ્રામ્પ્ટનમાં શુક્લ પરિવારના ઘરે ગણેશોત્સવ, ભારતીય સંસ્કૃતિ જીવંત

**અનોખી સંગીતનાં સાધનોની થીમ હેઠળ હાર્મોનિયમ, પિયાનો, ઢોલ, વાંસળી અને સિતાર સહિતનાં વિવિધ વાધોની સુંદર સજાવટ કરાઈ, પરંપરાગત પૂજા-આરતી અને ભક્તિમય વાતાવરણે આકર્ષણ જમાવ્યું : વિસર્જન વિધિ સમયે બાપ્પા મોરિયાના નાદ ગૂંજ્યા, મહિલાઓએ પરંપરાગત મહારાષ્ટ્રીયન સાડી પહેરીને લેઝીમ નૃત્ય રજૂ કર્યું**

બ્રામ્પ્ટન: કેનેડાના બ્રામ્પ્ટનમાં પથિક શુક્લા અને રૂચા શુક્લાના નિવાસસ્થાને સતત ૧૦મા વર્ષે શ્રી ગણેશોત્સવની પરંપરાગત અને ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા એક દાયકાથી શુક્લ પરિવાર દ્વારા ગણેશોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ તરીકે નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને પરિવારના સંસ્કારોને નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી ઉજવવામાં આવે છે. ગણેશ ચતુર્થીના પાવન દિવસે શ્રી ગણેશજીની સ્થાપના પૂજા વિધિપૂર્વક દીપકભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. ભગવાન ગણેશને વિઘ્નહર્તા, બુદ્ધિ અને જ્ઞાનના દેવ તથા શુભ કાર્યોના આરાધ્ય દેવ માનવામાં આવે છે. તેથી ભારતીય પરંપરામાં કોઈપણ શુભ કાર્યના પ્રારંભ પહેલાં ગણેશજીની પૂજાનું વિશેષ મહત્વ છે.

શુક્લ પરિવારના ગણેશોત્સવનું વિશેષ આકર્ષણ દર વર્ષે તૈયાર કરવામાં આવતી અનોખી થીમ આધારિત સજાવટ છે. રૂચા શુક્લા પોતાની સર્જનાત્મકતા દ્વારા મોટાભાગની સજાવટની સામગ્રી ઘરે જ તૈયાર કરે છે, જેમાં બાળકો હર્ષ અને ક્રિશા તેમજ પરિવારના વડીલો ધર્મિષ્ઠાબેન અને અંગિરસ શુક્લાનો પણ ઉત્સાહપૂર્વક સહયોગ રહે છે. છેલ્લા વર્ષોમાં ૧૨ શિવ જ્યોતિર્લિંગ, શ્રી રામ મંદિર, માતૃત્વ, ચોકલેટ, વરસાદી જંગલ અને મોટરકાર સહિતની વિવિધ અનોખી થીમ રજૂ કરવામાં આવી છે. આ વર્ષે સંગીતનાં સાધનોને થીમ બનાવવામાં આવી હતી. હાર્મોનિયમ, પિયાનો, ઢોલ, વાંસળી અને સિતાર સહિતનાં વિવિધ વાદ્યોની સુંદર સજાવટ ઘરે જ તૈયાર કરવામાં આવી હતી. થીમને અનુરૂપ ગણેશજીની ખાસ મૂર્તિ પસંદ કરવામાં આવી હતી, જેમાં ગણેશજી મોટી વાંસળી પર બિરાજમાન હતા અને તેમની બાજુમાં તબલાંનું સુંદર સેટ તૈયાર કરવામાં આવ્યું હતું.

ગણેશોત્સવ દરમિયાન દરરોજ સવારે અને સાંજે શ્રી ગણેશજીની આરતી અને પૂજા કરવામાં આવી હતી. સાંજની આરતીમાં પરિવારજનો ઉપરાંત બ્રામ્પ્ટન અને આસપાસના અનેક પરિવારો જોડાયા હતા અને ગણપતિ બાપ્પાના આશીર્વાદ મેળવ્યા હતા.

ઉત્સવના અંતિમ દિવસે ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે વિસર્જન વિધિ કરવામાં આવી હતી. મહિલાઓએ પરંપરાગત મહારાષ્ટ્રીયન સાડી પહેરીને લેઝીમ નૃત્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ પરિવારજનો, મિત્રો અને પડોશીઓ સાથે ગરબા રમવામાં આવ્યો અને ભક્તિમય વાતાવરણ વચ્ચે ગણેશજીની વિદાય કરવામાં આવી હતી. આસપાસના અનેક પડોશીઓ પણ વિસર્જન કાર્યક્રમમાં જોડાયા હતા.







## રાજકીય અને સામાજિક આગેવાનોએ મુલાકત લઈ બાપાના દર્શન કર્યા

ઉત્સવ દરમિયાન બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉન, નાયબ મેયર હરકીરત સિંહ, કાઉન્સિલર રોડ પાવર, સાંસદ રૂબી સહોટા, ઓન્ટેરિયોના બહુસાંસ્કૃતિકતા અને નાગરિકતા વિભાગના મંત્રી તથા ધારાસભ્ય ગ્રેહામ મેકગ્રેગર, ધારાસભ્ય હરદીપ ગ્રેવાલ, ધારાસભ્ય અમરજોત સંધુ ધારાસભ્ય દીપક આનંદ તેમજ કેનેડાની કન્ઝર્વેટિવ પાર્ટીના ઇટોબિકોક નોર્થ વિસ્તારના ઉમેદવાર ડોન પટેલ સહિત અનેક રાજકીય, સામાજિક અને સામુદાયિક અગ્રણીઓએ શુક્લ પરિવારના ઘરે આવી ગણેશજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

## ઉત્સવ સાથે પર્યાવરણ સરંક્ષણની જવાબદારીનો સંદેશ

શુક્લ પરિવાર દ્વારા ગણેશોત્સવની સજાવટમાં દર વર્ષે પર્યાવરણમૈત્રી અભિગમ અપનાવવામાં આવે છે. ઘરે બનાવેલી તથા પુન:ઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરીને સજાવટ કરવામાં આવે છે. ગણેશોત્સવ જેવા ધાર્મિક પર્વની સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપવાનો પણ પરિવારનો પ્રયાસ રહે છે. પર્યાવરણમૈત્રી મૂર્તિ અને સજાવટ દ્વારા ધાર્મિક આસ્થા સાથે કુદરતનું જતન કરવાનો સંદેશ પણ આપવામાં આવે છે. ખાસ કરીને વિદેશમાં ઉછરી રહેલી નવી પેઢીને પરંપરા સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારી સમજાવવાનો આ વર્ષે પણ એક સુંદર પ્રયાસ કરાયો હતો.





## ઉત્સવોના આયોજન સાથે સંસ્કૃતિ અને ભારતીય પંરપરાને જીવંત રાખવું જરૂરી : પથિક અને રૂચા શુક્લા

પથિક અને રૂચા શુક્લા પરિવારનું માનવું છે કે, ભારતથી હજારો કિલોમીટર દૂર કેનેડામાં વસવાટ કરતા હોવા છતાં પોતાની સંસ્કૃતિ અને પરંપરાઓને જીવંત રાખવી અત્યંત મહત્વપૂર્ણ બાહત છે. ખાસ કરીને બાળકો અને યુવા પેઢીને ભારતીય તહેવારો, ધાર્મિક પરંપરાઓ, કલા અને પરિવારના સંસ્કારો વિશે પ્રત્યક્ષ અનુભવ મળે તે માટે આવા ઉત્સવો ઉજવાય છે. ગણેશોત્સવની તૈયારીઓમાં બાળકોને સામેલ કરીને તેમને માત્ર ઉત્સવની ઉજવણી જ નહીં, પરંતુ તેની પાછળ રહેલી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જ્ઞાન પણ આપવામાં આવે છે. પરિવારના વડીલો સાથે મળીને સજાવટ, પૂજા, આરતી અને અન્ય ધાર્મિક વિધિઓમાં બાળકોની ભાગીદારી તેમને પોતાની સાંસ્કૃતિક ધરોહર સાથે જોડે છે. શુક્લ પરિવારનો આ સતત દસ વર્ષનો પ્રયાસ કેનેડાની ધરતી પર ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સંસ્કારોને જીવંત રાખવા તથા નવી પેઢી સુધી પહોંચાડવાનો સુંદર પ્રયાસ બની રહ્યો છે. આવા ઉત્સવો માત્ર પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને એકસાથે લાવી, જ્યાં રહીએ ત્યાં પોતાની સંસ્કૃતિને જીવંત રાખીએ તેવો સુંદર સંદેશ આપે છે.







# BAPSની મુલાકાત વખતે મહિલા કર્મચારીઓને હટાવવાના મુદ્દે આઈફલ ટાવરના ચીફનું રાજીનામું

## 7 સપ્ટેમ્બરે બીએપીએસના પ્રતિનિધ મંડળ મહિલાને ફરજ પરથી હટાવાતા વિવાદ સર્જાયો હતો

**પેરિસ**

પેરિસના વિશ્વપ્રસિદ્ધ આઈફલ ટાવરનું સંચાલન કરતી કંપનીના વડા પેટ્રિક બ્રાન્કો રુવો આ વર્ષના અંત સુધીમાં પોતાના પદ પરથી રાજીનામું આપી દેશે. ૭ સપ્ટેમ્બરે હિન્દુ ધાર્મિક સંગઠન બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના પ્રતિનિધિમંડળની મુલાકાત દરમ્યાન મહિલા કર્મચારીઓને ફરજ પરથી હટાવી દેવામાં આવી હતી, જેના પગલે ભારે વિવાદ સર્જાયો હતો.

આઈફલ ટાવરનું સંચાલન કરતી કંપની



સોસાયટી ડી એક્સપ્લોઈટેશન ડે લા ટૂર આઈફલ (SETE) દ્વારા આ મામલે આંતરિક તપાસ કરવામાં આવી હતી. તપાસના રિપોર્ટમાં સ્વીકારવામાં આવ્યું છે કે વ્યવસ્થાપનમાં ગંભીર ખામીઓને કારણે મહિલા કર્મચારીઓને ફરજ પરથી હટાવવામાં આવી હતી જે બિલકુલ અસ્વીકાર્ય છે.

આ ઘટનાના વિરોધમાં આઈફલ ટાવરના કર્મચારીઓએ હડતાળ પાડી હતી અને આઈકોનિક લેન્ડમાર્કને એક દિવસ માટે બંધ કરવાની ફરજ પડી હતી. BAPS દ્વારા પેરિસમાં એક પરંપરાગત મંદિરના ઉદ્ઘાટન નિમિત્તે આ મુલાકાત યોજાઈ હતી. પેરિસના મેયરે પણ મહિલા કર્મચારીઓને હટાવવાની આ ઘટનાની અલગથી તપાસનો આદેશ આપ્યો છે. કર્મચારી યુનિયને આરોપ લગાવ્યો હતો કે મહિલાઓની જગ્યાએ પુરુષોને ગોઠવવાથી મહિલાઓને અપમાનિત મહેસૂસ થયું હતું.

# RAF એરબેઝ હુમલામાં ઈરાનનો હાથ હોવાની બ્રિટિશ PM બર્નહામને આશંકા

**લંડન**

ઈંગ્લેન્ડના રોયલ એરફોર્સ (RAF) ફેરફોર્ડ બેઝ પર થયેલા આતંકી હુમલામાં ઈરાનની સંડોવણી હોવાની બ્રિટિશ વડાપ્રધાન એન્ડી બર્નહામે આશંકા વ્યક્ત કરી છે. આ એરબેઝનો ઉપયોગ અમેરિકન યુદ્ધ વિમાનો દ્વારા પણ કરવામાં આવે છે.

આ મામલે પોલીસે શંકાસ્પદ પાંચ વિદેશી મૂળના બ્રિટિશ નાગરિકોની અટકાયત કરી, બાદમાં કડક શરતો સાથે જામીન પર મુક્ત કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શંકાસ્પદોને જામીન આપવા સામે સવાલો ઉઠાવ્યા છે, જ્યારે વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ પણ વિદેશી ષડયંત્રની શક્યતા દર્શાવી છે. બીજી તરફ, ઈરાને આ તમામ આરોપો ફગાવી તેને પશ્ચિમી દેશોનો 'ઈરાન-ફોબિયા' ગણાવ્યો છે.

# ફ્લાયદુબઈના મૂળ ગુજરાતી પાયલટ સ્મિતે 174 જીવ બચાવ્યા, વિશ્વએ હીરો ગણાવ્યા

## ફ્લાયદુબઈએ ઇઝરાયલની ફ્લાઇટ સ્થગિત કરી દીધી

**દુબઈ**

દુબઈથી તેલ અવીવ જતી ફ્લાયદુબઈ ફ્લાઈટમાં હવામાં સર્જાયેલા ગંભીર સંકટ અને સહ-પાયલટના હુમલા વચ્ચે ભારતીય કેપ્ટન સ્મિત મચ્છરે અદભૂત વીરતા દાખવી હતી. લોહીલુહાણ સ્થિતિમાં પણ સેંકડો મુસાફરોનો જીવ બચાવી મોટી હોનારત ટાળી હતી. નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેપ્ટન સ્મિત મચ્છર દેશના અસલી હીરો છે. અત્યંત ખતરનાક સ્થિતિમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં અન્યના જીવ બચાવવા અપ્રતિમ હિંમત દર્શાવી, સમયસૂચકતા અને બહાદુરીથી મોટો અકસ્માત ટળ્યો, સેંકડો લોકો સહીસલામત બચ્યા. ભારતને તેમના પર ગર્વ છે, ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ હીરો ગણાવ્યા, કહ્યું ગંભીર ઈજા છતાં સંયમ ન ગુમાવ્યો, મદદ માંગી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ સેલ્યુટ કરી કહ્યું છરી વાગવા છતાં કોકપિટ ખોલી મુસાફરો અને ક્રૂને હુમલાખોર પર કાબૂ મેળવવામાં મદદ કરી, જેના કારણે 174 મુસાફરોના જીવ બચ્યા હતા.

ઘટના બાદ ફ્લાઈટને સાઉદી અરેબિયાના તબૂક તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયા બાદ ગંભીર રીતે ઘાયલ કેપ્ટન સ્મિત મચ્છરને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા.



તાજેતરના અહેવાલો મુજબ તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે. ઘટનાની સંપૂર્ણ તપાસ હજુ ચાલી રહી છે અને હુમલાનો ચોક્કસ હેતુ તપાસનો વિષય છે.

30 સપ્ટેમ્બરે ફ્લાઈટ FZ1073ના કોકપીટમાં બે પાઈલટ્સ વચ્ચે સર્જાયેલા હિંસક ઝઘડા અને ડરામણી ઘટના બાદ દુબઈ સ્થિત એરલાઈન ફ્લાયદુબઈએ ઇઝરાયલ તરફ જતી અને ત્યાંથી આવતી તમામ ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે સ્થગિત કરી છે. એરલાઈને પુષ્ટિ કરતા જણાવ્યું કે આ પગલું ઉડ્ડયન અધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓ સાથે પરામર્શ કરીને લેવાયું છે, જેથી નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ થઈ શકે. એરલાઈનના જણાવ્યા અનુસાર જ્યાં સુધી તપાસ પૂર્ણ નહીં થાય અને સત્ય બહાર નહીં આવે ત્યાં સુધી સ્થગિતતા અમલમાં રહેશે. મુસાફરો, ક્રૂ અને વિમાનોની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. એરલાઈન સરકાર, નિયમનકારી એજન્સીઓ અને એરપોર્ટ સત્તાવાળાઓ સાથે સંપર્કમાં છે. હજારો બુકિંગ ધરાવતા મુસાફરોને અસર થઈ છે, એરલાઈને માફી માંગી વૈકલ્પિક વ્યવસ્થા માટે પ્રયાસ શરૂ કર્યા છે.

# USની કંપનીઓ સાથે સેલ્ફ પોલિસનો કરાર, AIનું નામ બદલ્યું, 'સુપર ઈન્ટેલિજન્સ'ના નામે ઓળખાશે

## એલન મસ્ક, સુંદર પિચાઈ, માર્ક ઝુકરબર્ગ જેન્સેન હુઆંગની હાજરીમાં જ આદેશ

**વોશિંગ્ટન**

નામ બદલવાનો ઈજારો ફક્ત ભારતીયોનો જ નથી, અમેરિકન પ્રમુખ ટ્રમ્પ પણ તેમાથી જરા પણ પાછા પડે તેમ નથી. હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈની બધે બોલબાલા છે, પરંતુ ટ્રમ્પ તંત્રએ એઆઈના બદલે સુપર ઈન્ટેલિજન્સ શબ્દનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. તેથી અમેરિકા સરકારી કામકાજમાં હવે એઆઈના બદલે સુપર ઈન્ટેલિજન્સ શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે આ સંદર્ભમાં એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યો છે. તેના પછી અમેરિકન એજન્સીઓને હવે એઆઈના બદલે સુપર ઈન્ટેલિજન્સ શબ્દનો ઉપયોગ કરવા કહેવામાં આવ્યું છે. સરકારનું કહેવું છે કે એઆઈ ટેકનોલોજી ઘણી ઝડપથી વૃદ્ધિ પામી રહી છે. આજના એઆઈ મોડેલ ફક્ત સવાલોના જવાબ આપવા કે ટેક્સ્ટ લખવા સુધી સીમિત નથી. તે કોડિંગ, રિસર્ચ એનાલિસ્ટ અને ઘણા બીજા કામ કરી શકે છે. ટ્રમ્પે ટેક ઈન્ડસ્ટ્રીના ટોચના વડાઓ સાથે વ્હાઈટ હાઉસમાં બેઠક કર્યા પછી આ નિર્ણય લીધો. આ બેઠકમાં સ્પેસએક્સ અને ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક, મેટાના માર્ક ઝુકરબર્ગ, ગૂગલના સુંદર પિચાઈ અને એનવિડીયાના જેન્સેન હુઆંગ સહિત કેટલીય અગ્રણી કંપનીઓના સીઈઓ હાજર હતા. ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે અને અમેરિકાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ગુરૂપની મોટી કંપનીઓએ કરાર કર્યો છે, તેના અન્વયે આ કંપનીઓના આગેવાનોએ વ્હાઈટ હાઉસ સાથે કરાર કર્યા છે કે તે સેલ્ફ પોલિસિંગ કરશે.

# ભારત, અન્ય 19 દેશોની કેટલીક સ્પેશ્યલીસ્ટ દવાઓ ઉપર અમેરિકા ટેરિફ નહીં લગાવે

## વંધ્યત્વની સારવાર, સેલ થેરપી, જીન થેરપી અને ઍનિમલ ફાર્માસ્યુટિકલ્સને રાહત

**વોશિંગ્ટન**

અમેરિકાના વાણિજ્ય વિભાગે એક નોટિસ જાહેર કરીને મોટી જાહેરાત કરી છે કે ભારત સહિત ૨૦ દેશોમાંથી આયાત થતી કેટલીક સ્પેશ્યલિટી દવાઓ અને એના સંબંધિત ઘટકો પર કોઈ એડ વેલોરમ ટેરિફ (મૂલ્યઆધારિત કર) લગાવવામાં નહીં આવે. અમેરિકા કેટલીક પેટન્ટ ધરાવતી ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ અને એની સામગ્રીની આયાત પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની તૈયારી કરી રહ્યું છે એવા સમયે આ જાહેરાતથી મોટી રાહત મળી છે. આ શૂન્ય ટૅરિફનો લાભ દુર્લભ મેડિકલ સ્થિતિની સારવારમાં વપરાતાં ઉત્પાદનો, વંધ્યત્વની સારવાર, સેલ થેરપી, જીન થેરપી અને ઍનિમલ ફાર્માસ્યુટિકલ્સ માટે લાગુ થશે. આ



દવાઓમાં વપરાતા ઘટકોને પણ છૂટ મળશે. ભારત ઉપરાંત આર્જેન્ટિના, બંગલાદેશ, કમ્બોડિયા, યુરોપિયન યુનિયન, જપાન, સાઉથ કોરિયા, વિયેટનામ સહિતના દેશોને પણ શૂન્ય ટૅરિફ કૅટેગરીમાં મૂકવામાં આવ્યાં છે.

નોંધનીય છે કે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે બીજી એપ્રિલે અમેરિકામાં પેટન્ટ દવાઓ અને સંબંધિત ઘટકોની આયાત પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી.

# ફાતીમા ઈઝહરા અલ-મન્સૂરી મોરોક્કોનાં પ્રથમ મહિલા PM

**રબાત**

શેક્સપીયરના ઓથેલોના દેશ મોરોક્કોમાં રાજા મોહમ્મદ છઠ્ઠાએ મંગળવારે ફાતીમા ઈઝહરા અલ-મન્સૂરીને વડાપ્રધાન પદે નિયુક્ત કરતાં તેઓ દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બનશે. સપ્ટેમ્બર 23ના રોજ યોજાયેલી સંસદની ચૂંટણીમાં ફાતીમાના પક્ષે સૌથી વધુ બેઠકો મેળવતા રાજાએ સરકાર રચવા આમંત્રણ આપ્યું હતું. મોરોક્કોમાં કોન્સ્ટીટ્યુશનલ મોનાર્કી છે, જ્યાં બહુમતી સિદ્ધ કરનાર પક્ષને રાજા સરકાર રચવા આમંત્રણ આપે છે. ફાતીમાની પાર્ટી ઓથેન્ટીસીટી એન્ડ મોડર્નિટી પાર્ટીની સ્થાપના 2008માં થઈ હતી. 395 બેઠકવાળી સંસદમાં તેને 97 બેઠકો મળી હતી અને અન્ય નાની પાર્ટીઓ સાથે સંગઠન રચી બહુમતી સિદ્ધ કરી લિસ્ટ રાજવીને સોંપ્યું હતું. મંગળવારે રાજમહેલમાં યોજાયેલા સમારંભમાં આમંત્રણ અપાયું હતું.

# અફઘાનિસ્તાનમાં વહેલી સવારે 5.3નો ભૂકંપ, લોકો ઘરની બહાર દોડી આવ્યા

## જર્મન રિસર્ચ સેન્ટર મુજબ 10 કિમી ઊંડાઈએ કેન્દ્ર મળ્યું

**કાબૂલ**

ગુરુવારે સવારે અફઘાનિસ્તાનની ધરા અચાનક ધ્રૂજી ઉઠતાં લોકોમાં ભય નો માહોલ ફેલાયો હતો. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સ પ્રમાણે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.3 નોંધાઈ હતી. ભારતીય સમય અનુસાર સવારે બરાબર 6:59 વાગ્યે આંચકા અનુભવાયા હતા, જેના કારણે ઊંઘમાંથી જાગેલા લોકો ડરના માર્યા પોતાના ઘરો અને ઈમારતો છોડી સુરક્ષિત જગ્યાઓ માટે રસ્તાઓ પર દોડી આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્ર જમીનની સપાટીથી માત્ર 10 કિલોમીટર ઊંડાઈએ હતું. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આ પ્રકારના છીછરા ભૂકંપ પૃથ્વીની સપાટીની નજીક હોવાથી આંચકા આસપાસના વિસ્તારોમાં વધુ તીવ્રતાથી અનુભવાય છે. ભૂકંપનું ભૌગોલિક કેન્દ્ર 36.05 ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને 68.87 ડિગ્રી પૂર્વ રેખાંશ પર નક્કી કરાયું છે. સવારે અચાનક આવેલા તીવ્ર આંચકાથી સ્થાનિક નાગરિકોમાં ભારે દહેશત જોવા મળી હતી.

# પૂરથી 640 મેગાવોટને અસર, નેપાળે ભારત પાસેથી 1100 મેગાવોટ વીજળી માંગી

**કાઠમંડુ**

નેપાળે ભારત પાસેથી 1100 મેગાવોટ વીજળી આયાત કરવાનો નિર્ણય લીધો છે. ડિસેમ્બર 2026થી મે 2027 વચ્ચે જરૂરિયાત મુજબ પુરવઠો અપાશે. ભારત-પડોશી દેશો વચ્ચે વીજળી વેપાર વધી રહ્યો છે, જેમાં નેપાળ મહત્વપૂર્ણ ભાગીદાર છે. ભારત બાંગ્લાદેશને 2000થી 2650 મેગાવોટ, ભૂટાન અને મ્યાનમારના સરહદી વિસ્તારોમાં વીજળી આપે છે. ચોમાસામાં નદીઓ ભરાતા ઉત્પાદન વધે છે, શિયાળામાં પ્રવાહ ઘટતા ઘટે છે. તાજેતરના પૂરથી ભોટેકોશીમાં 450 મેગાવોટ અને કાલીગંડકીમાં 190 મેગાવોટ મળી કુલ 640 મેગાવોટને અસર થઈ છે. વાસ્તવિક ખરીદી હવામાન, માંગ અને સ્થાનિક ઉત્પાદન પર નિર્ભર રહેશે.


SOUTHLAKE SENIORS CLUB CANADA
SLSCCF
Presents
In association with
SOUTHLAKE
905-677-2526
CENTURY
PINE LIVING REALTY INC.
905-781-2222
TRIANGLE
905-678-4100
CBC
905-799-2325
FREE EVENT
OPEN TO THE PUBLIC
Jai Mata Di
Garba
Dandiya
Bhakti
Community
Togetherness
NAVLI
NAVRATRI
GARBA MAHOTSAV
October 16 & 17, 2026
6:00 pm onwards
Greenbriar Park South
Brampton, ON L6S 3J5
Live Music
& Entertainment
Southlake Seniors Club
Canada Foundation
Non Profit Organization
Age is an Attitude, Embrace the Experience
SPONSOR
RUHANI COLLEGE OF HEALTH BUSINESS AND TECHNOLOGY
OUR SUPPORTING ORGANISATIONS
Royal Gujarati Parivar Canada
Patidar Samaj Canada
nygc
NORTH YORK GUJARATI COMMUNITY GROUP
I love Gujarat Group
સ્વદેશ
Delhi Association of Canada
MEDIA PARTNERS
ગરવી ગુજરાત
GARVI GUJARAT
ગુજરાત નો રણકાર
ગુજરાત ન્યૂઝલાઈન
FOR STALLS, SPONSORSHIP PLEASE CONTACT:
Amit Bhatt
647-298-9887
Milind Dave
905-783-2762
Hemant Raigangar
647-208-8616

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this spacious and well-maintained 3-bedroom home, ideally located in a desirable, family-friendly neighbourhood. Offering a functional layout and generous living space, this home is perfect for growing families, first-time buyers, extended families, or investors seeking additional income potential.The inviting main floor features a family-sized eat-in kitchen with ample cabinetry and workspace, along with a walk-out to a spacious private backyard, perfect for family gatherings, outdoor entertaining, gardening, and summer enjoyment. The bright living and dining rooms provide a warm and comfortable space for everyday living and entertaining. Thefully finished basement with a separate entrance features a spacious one-bedroom apartment,offering excellent flexibility for extended family, guests, or potential rental income, along with abundant storage space. Enjoy parking for 4 cars and an excellent location close to schools, parks, shopping, TTC transit and minutes' drive to Hwy 401.A wonderful opportunity to own a spacious and versatile home in a convenient, family-friendlyneighbourhood!




POSITIVE CASH FLOW PROPERTY, YES, YOU HEARD THAT RIGHT! Exceptional opportunity for homeowners and investors! This versatile Whitby detached bungalow on a rare 62-ft-wide lot generates $5,200/month in total rental income, including $2,800/month from the basement alone. First-time buyers can live upstairs and potentially enjoy almost mortgage-free living while benefiting from substantial rental income from the lower level. Great tenants already in place!The main level offers a spacious living room, kitchen, 4-piece bathroom and convenient powder room. The lower level provides excellent income potential and flexibility for extended family or additional living space. Step outside to a large deck and expansive backyard, perfect for entertaining, relaxing and family enjoyment. Enjoy public transit right at your doorstep, Whitby Mall and grocery stores within walking distance, and Highway 401 less than 1 minute away. Close to parks, schools, shopping, restaurants and everyday amenities. Whether you're an investor seeking strong rental income or a first-time buyer looking to reduce your housing costs, this property offers income, flexibility and an unbeatable location!




Welcome to 48 Dunthorne Crt, a well maintained freehold townhouse tucked away on a quiet cul de-sac in the heart of Malvern. This 3-bedroom, 2-bathroom home features a finished basement, offering extra living space for a growing family or an additional recreation room. Enjoy the convenience of an attached garage plus a private driveway that fits up to 3 cars with no maintenance fees. Ideally located just steps from Emily Carr Public School (French Immersion) and a nearby Catholic school, this home is perfect for families. Enjoy easy access to shopping, parks, TTC transit, and Hwy 401, making commuting and everyday errands a breeze. A fantastic opportunity in a family-friendly, sought-after neighbourhood!

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.